વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૧૪

# સામવેદ પરિચય

[પુસ્તિકા : ૨]

UNIVERSITY BOOK PRODUCTION BOARD
1196

આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિત

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

વેદ પરિચય પુસ્તિકા : શ્રેણી ૧૪

यो जागार तमु सामानि यन्ति । સામવેદ ૧૮૨૬
જે જાગે છે, તેને સામગાન અનુસરે છે.

# સામવેદ પરિચય

[પુસ્તિકા : ૨]

UNIVERSITY BOOK PRODUCTION BOARD-G...
1196

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.
વેદાન્તાચાર્ય, વ્યાકરણતીર્થ, વ્યાખ્યાન દિવાકર

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

પ્રકાશક :
**ઈશ્વરભાઈ જે. પટેલ**
અધ્યક્ષ,
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
**અમદાવાદ–૬**

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

પ્રથમ આવૃત્તિ : નવેમ્બર ૧૯૭૩

**હરિ ૐ આશ્રમ પ્રેરિત સ્વ. સાતવલેકરજી**
**સ્મારક શ્રેણી : મણકો ચૌદમો**

મૂલ્ય : રૂા ૨–૦૦

BOOK PRODUCTION

**મુદ્રક :**
વિષ્ણુપ્રસાદ સો. પંડ્યા
સાહિત્ય મુદ્રણાલય, સીટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ–૨૨

**વિક્રેતા**
બાલગોવિંદ બુકસેલર્સ
ગાંધી રોડ,
અમદાવાદ–૧

# નિવેદન

ભારતના ધર્મશાસ્ત્ર અને તત્વજ્ઞાનનો ગ્રંથ એ વેદસંહિતા વેદકાળમાં ઋષિઓએ જે અનુભવ દર્શન કર્યું, તેને વેદની ઋચાઓ દ્વારા આપી એને શબ્દબદ્ધ કરી. વેદ એ ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતમ સંપત્તિ. આ સંપત્તિ વિષેનો અહોભાવ ચાલુ રહ્યો પણ એના તત્ત્વની મોજ માણવાનું શક્ય રહ્યું નહિ કારણકે અનેક કારણોસર વેદનો પરિચય આમપ્રજામાં અને શિક્ષિતજનોમાંય ઘટતો ગયો. પ્રણાલીગત રીતે સંસ્કૃત શીખનારા શાસ્ત્રીઓએ મુખપાઠ ચાલુ રાખ્યો પણ આમપ્રજાને એની ભાષામાં એની સમજમાં ઉતરે તે રીતે એનું દર્શન કરાવવાની તાકાત એ ગુમાવી બેઠા.

સામાન્ય શિક્ષિતજનને વેદની વૈચારિક અને આધ્યાત્મિક સંપત્તિથી પરિચિત કરવાનો આ શ્રેણીનો હેતુ છે એટલે આમપ્રજાનું સત્ત્વ ખીલે અને એનું તેજ વધે તેવા પ્રયાસોમાં મગ્ન હરિઓમ આશ્રમવાળા પૂજ્ય શ્રીમોટાએ રૂપિયા ૨૦,૦૦૦ નું દાન યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને ટ્રસ્ટરૂપે સોંપ્યું તે અતિ આવકાર્ય બાબત બની છે. બોર્ડનું એ સદ્‌ભાગ્ય છે કે પૂજ્ય મોટાએ એને આ કાર્યનું નિમિત્ત બનવાનો પ્રસંગ આપ્યો અને શ્રી. વિષ્ણુદેવ પંડિત જેવા ચારેય વેદો અને વેદ સાહિત્યના અભ્યાસી લેખક અમને મળ્યા. સાહિત્ય મુદ્રણાલયવાળા શ્રી. વિષ્ણુપ્રસાદ પંડ્યાનું ભાવપૂર્વકનું મુદ્રણકાર્ય એ પણ શ્રેણીની ખુશનસીબી છે.

શ્રેણીનું સદ્‌ભાગ્ય રહ્યું કે એને પૂ. સ્વામીજી શ્રી. ગંગેશ્વરાનંદજી, શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી. ઉમાશંકર જોષી, પૂ. રવિશંકર મહારાજ, શ્રી. કે. કા શાસ્ત્રી, પંડિતરાજ ભગવદાચાર્ય. ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા જેવા સંત અને વિદ્‌દ્‌જનોનો ભાવપૂર્વક આવકાર મળ્યો.

ઋગ્વેદનાં બધાં મંડળો પ્રથમ છ પુસ્તિકાઓમાં આવરાયાં છે, જ્યારે વેદપરિચય પુસ્તિકાનાં સાતથી બાર પુષ્પોમાં એટલે કે યજુર્વેદ પુસ્તિકા–૧ થી ૬માં યજુર્વેદની સંહિતાઓનો સમાવેશ થયો છે.

શ્રેણીના આ તેરમાં પુષ્પથી સામવેદ પુસ્તિકા - ૨નો આરંભ થાય છે. એના પરામર્શક તરીકે શ્રી સહજાનંદ કોલેજ, અમદાવાદના વિદ્વાન પ્રિન્સીપાલ શ્રી સી. એલ. શાસ્ત્રીએ કાર્ય સંભાળ્યું; શ્રી. હરકાન્ત શુકલે સામગાન વિષેના અભ્યાસ-પૂર્ણ વિવેચન સાથે આ બીજી પુસ્તિકાનું પુરોવચન લખી આપ્યું છે, તે બદલ બંને વિદ્વાનોનો હું આભાર માનું છું.

સદ્‌વિચાર અને સદ્‌વિચાર પ્રેરક તેમજ ધર્મમૂલક સાહિત્યના પ્રચાર માટે આજીવન આપકમાણીનો ઠીક ઠીક હિસ્સો ખર્ચનાર હિંદુસ્થાન ટાઇલ્સવાળા શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહે (ખાડિયા, ચાર રસ્તા, અમદાવાદ) આ સામવેદ પરિચયની પુસ્તિકાના પ્રચાર અર્થે ૫૦૧/– રૂા. પાંચસોને એકનું દાન આપ્યું છે, તેની સાભાર નોંધ લેતાં આનંદ અનુભવું છું.

વેદ પરિચયની સમગ્ર શ્રેણીને સંસ્કૃતિના સર્વ ગ્રાહકોએ બિરદાવી અને આવકારી છે. સામવેદના દ્વિતીય પુષ્પને વાચકોના હાથમાં મૂકતાં હું સંતોષની લાગણી અનુભવું છું. ઈશ્વરને પ્રાર્થના કરું છું કે એને વાચકોનો પ્રેમ સાંપડે અને વેદ પરિચય શ્રેણીનાં ચોવીસેય પુષ્પો અમે પ્રકાશિત કરી શકીશું તેવી શક્તિ અમોને અર્પે.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬.

**ઈશ્વરભાઈ પટેલ**
અધ્યક્ષ

# પુરોવચન

જગતની પ્રાચીન સંસ્કૃતિઓમાં એલામ, મેસોપોટેમિયા, અસીરિયા, ઇજીપ્ત ગ્રીસ, રોમ આદિ દેશોની સંસ્કૃતિઓ ઘણી મહાન હોવા છતાં એક યા બીજા કારણે નાશ પામી છે; પરંતુ ભારતની સંસ્કૃતિ હજારો વર્ષ થયાં આજ સુધી જીવંત રહી છે. કારણ કે તેને એવાં તત્ત્વોમાંથી બળ મળે છે, જે સનાતન છે અને સમગ્ર માનવતાને આવરી લે તેવાં સબળ છે. આ સંસ્કૃતિ કોઈ આર્થિક દબાણો, પરિવર્તનો, રાજકીય આદર્શો કે આકાંક્ષાઓમાંથી નથી જન્મી; પરંતુ અનેક ઋષિઓ, મહર્ષિઓ, આર્ષદ્રષ્ટાઓ, કવિઓ, કલાકારો, તત્ત્વચિંતકો, સંતો, ભક્તો, સાધુપુરુષો વગેરેનાં નિઃસ્વાર્થ ચિંતન, માનવતાવાદ, વેદાન્ત વૃત્તિઓ અને ચારિત્ર્ય માંથી જન્મી છે. આ સંસ્કૃતિએ જ્યારે જ્યારે અન્ય સંસ્કૃતિઓમાં સારાં તત્ત્વો જોયાં છે, ત્યારે તેને ઉદારતાપૂર્વક અપનાવ્યાં છે. અને તેમાં વૈવિધ્ય હોવા છતાં સાંસ્કૃતિક એકતા જાળવવામાં અત્યાર સુધી તે સફળ રહી છે. અલબત્ત, આ સંસ્કૃતિના અસ્ખલિત વહેતી નદીના પ્રવાહો કોઈવાર પાતળા પડી ગયા છે, કોઈ-વાર સંકુચિત બની ગયા છે, પણ તેનો પ્રવાહ કદાપી બંધ પડયો નથી, જે બતાવે છે કે, તેનાં મૂળ સાબૂત છે, મજબૂત છે અને ઉપરનું ભારણ કે થતા ફેરફારોને એકતામાં સાધી લેવાની તેનામાં સ્થિતિ સ્થાપકતા અને નૈસર્ગિક શક્તિ પડી છે.

ભારતનું વેદસાહિત્ય એ માત્ર ભારતની પ્રજા માટે જ નહિ, પણ માનવ કુળ માટે પ્રાચીનતમ સાહિત્ય ગણાય છે. હિમાચ્છાદિત હિમશિખરોમાંથી સરી પડતી ગંગાની જેમ તેની સંસ્કૃતિનાં મૂળ વેદોમાં પડયાં છે. આ વેદોમાં સામવેદ એ સંગીતવેદ ગણાય છે. ભારતમાં ઘણાંયે લલિતકલાઓનો સ્વતઃ અને લાક્ષણિક રીતે ઉદ્ભવ થયો છે; પરંતુ કોઈ લલિતકલા માટે વેદ લખાયો હોય, તો તે સંગીત એક જ કલા છે; જે બતાવે છે કે પ્રાચીન મહર્ષિઓની સંસ્કૃતિને આધિદૈવિક બળ આપ-વાની યોજના હતી; તેમાં સંગીત કલા સવિશેષ રીતે બંધબેસતી આવતી હતી. ગીતાના ગાયક ભગવાન શ્રીકૃષ્ણે પણ 'वेदानां सामवेदोऽस्मि ।' કહીને સામવેદ પ્રતિ પક્ષપાત બતાવ્યો છે; તેનું ગૌરવ કર્યું છે. સિંધુ સંસ્કૃતિના કાળમાં પણ સંગીત અને નૃત્યનું અસ્તિત્વ હતું. તેના નિર્દેશો મોહેન્જો–દરો અને હરપ્પાના પ્રાગૈતિહાસિક અવશેષોમાંથી મળી આવે છે. વૈદિક કાળમાં આવતાં, આ કળાને પ્રસ્થાપિત ધોરણે મૂકવાના પ્રયત્નો સામવેદથી શરૂ થયા છે. સંગીત એ મનોરંજનનું સાધન નહિ પણ ઈશ્વરીય બળ અને આનંદ સાથે તાદાત્મ્ય સાધવાનું સાધન હતું, તેની શરૂ-આત સામવેદથી થાય છે. સામવેદમાં મોટા ભાગની ઋચાઓ ઋગ્વેદમાંથી લેવામાં આવી છે પણ તેની રજૂઆત સંગીતમય હોવાથી તે તેનાથી જૂદી પડે છે.

ઋગ્વેદના મંત્રો બોલાતા નહિ, પરંતુ અંગ્રેજીમાં જેને 'ચેન્ટ' કહીએ છીએ તે રીતે ગવાતા. આમાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવી સ્વરોની ત્રણ સ્વરાવસ્થા જેને અંગ્રેજીમાં પીચ કહીએ છીએ, તે હતી. અને આ ત્રણ સ્વરાવસ્થા એ ભારતના સંગીતનું પ્રથમ અને પ્રાકૃત સ્વરૂપનું કંઠમાં સ્થાપિત થએલું સ્વરગ્રામ હતું. હાલ જે રીતે ગવાય છે, તે પરથી 'રેસાની' સ્વરોનું બનેલું હોવાનું જણાય છે. ઋગ્વેદ પછી સામવેદના કાળ સુધી પહોંચતાં તો લગભગ હજાર વર્ષનું અંતર પડી જાય છે. અને મંત્રોચ્ચારણમાં સંગીતસ્વરોનું પ્રાધાન્ય વધતું જાય છે. દેવોને થતી એકલી કાવ્યમય સ્તુતિને બદલે કાવ્ય અને સંગીતથી મિશ્રિત સ્તુતિ વધુ અસરકારક બને છે, તેવી પ્રતીતિ થતાં યજ્ઞયાગાદિ ક્રિયાઓમાં સામવેદને મહત્ત્વ મળવા લાગ્યું છે. અહીંથી ભારતના શાસ્ત્રીય સંગીતની આદિ ભૂમિકાની રચના માટેની પ્રક્રિયા શરૂ થાય છે.

સામગાન વિષે ઘણાં મંતવ્યો જોવામાં આવે છે. તેની ચર્ચા સામવેદના બ્રાહ્મણો અને અન્ય ગ્રંથોમાં જોવાને મળે છે. આ ગ્રંથોમાં ઋક્ પ્રાતિશાખ્ય, બૃહદ્ દેવતા, તૈત્તિરીય પ્રાતિશાખ્ય, સામપ્રાતિશાખ્ય,(પુષ્પસૂત્ર) સામ વિધાન, સામતંત્ર, પાણિની શિક્ષા, નારદશિક્ષા વગેરે જાણીતા છે. આ બધામાં ઋક્ પ્રાતિશાખ્ય, સૌથી પ્રાચીન ગ્રંથ છે, જેનો કાળ ઈ. સ. પૂ. ૪૦૦નો ગણાય છે. આમાં જણાવેલ સામગ્રામમાં ચાર સ્વરો છે અને તે પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ ગણવામાં આવ્યા છે. તેની શરૂઆત હાલના મધ્યમ સ્વરથી અવરોહમાં થાય છે; તે પ્રકારે વિદ્વાનોનું મંતવ્ય છે : અર્થાત 'મગરિસા'નું બનેલું આ ગ્રામ છે આ પછી અષ્ટમ, મંદ્ર અને અતિસ્વાર્ય સ્વરો ઉમેરાયા હોવાનું કહેવાય છે; પણ આ સ્વરોનાં સ્વરૂપો નક્કી થઈ શકતાં નથી. બૃહદ દેવતા સુધીના કાળમાં તો સાત સ્વરોનું બનેલું સપ્તક જોવામાં આવે છે. અને તેમાં ક્રુષ્ટ, પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, મંદ્ર અને અતિસ્વાર્ય એ સાત સ્વરોનો સમાવેશ થાય છે.

પાયથેગોરાસ જ્યારે ભારતમાં આવ્યા હતા ત્યારે તેમને ભારતના સ્વર ગ્રામના સાત સ્વરો જોઇને આશ્ચર્ય થયું હતું અને ભારતમાંથી બે સ્વરો લઈ જઇ પ્રાચીન ગ્રીસના પાંચ સ્વરોવાળા સ્વર ગ્રામને સાત સ્વરોનું સંપૂર્ણ સ્વર ગ્રામ બનાવેલ હોવાનું કહેવાય છે. ભારતનું સપ્ત સ્વર ગ્રામ અવરોહી ગ્રામ હતું અને હાલની સ્વરગણના મુજબ 'મગરિસા નિધપ' એ સ્વરોનું બનેલું હતું. આ મંતવ્ય સ્વીકાર્ય બને તો સામગ્રામ કર્ણાટક પધ્ધતિના આભોગી રાગ જેવું લાગે છે.

સામ સંગીતની વિશેષતા એ છે કે આ સંગીતને કાવ્યમાં બેસાડવામાં આવતું નથી; પણ કાવ્યને સંગીતમાં બેસાડવામાં આવે છે. અર્થાત આ પહેલાંના

સંગીતમાં શબ્દવિહોણા એકલા સ્વરોના બનેલા સંગીતની પરંપરા હોવાનો પૂરતો સંભવ રહે છે. દાખલા તરીકે 'અગ્ન આયાહિ વીતયે ગૃણાનો હવ્ય દાતયે' એ મંત્રકાવ્ય છે; પણ આ ગવાય છે ત્યારે તેનું ઉચ્ચારણ નીચે મુજબ થાય છે.

'ઓ–ગ્ના–ઇ, આ–યા–હી–ઈ–વે–તો–યા–આ–ઈ.
ગૃ–ણા–નો–હા–વ્ય–દા–તો–યા– આ–ઈ– તો–યા.'

શબ્દોનાં ઉચ્ચારણો તથા તાલ ક્ષેપમાં સંગીતને કારણે ફેરફાર થાય, તેને વાંધા-જનક ગણવામાં આવતું નથી. સામગાનની રજૂઆત–પ્રસ્તાવ પણ વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગઈ હતી, તે પછી ઉદ્‌ગીથ, પ્રતિહાર, ઉપદ્રવ અને નિધન એ પ્રકારની તેની રજૂઆત જૂદા જૂદા બ્રાહ્મણો દ્વારા કરવાના વિભાગો પરથી સ્પષ્ટ થાય છે કંઠ્ય-સંગીત એ તેની વિશેષતા રહી છે. વાજીંત્રનો ઉપયોગ થતો જોવામાં આવતો નથી. તે તેની વિલક્ષણતા છે.

સામ સંગીતની પધ્ધતિ અને અવરોહણ ગ્રામની વ્યવસ્થા ક્યારે, કોણે કરી અને તેમાંથી આરોહણ ગ્રામ અને ષડ્જ, રિષભ, ગાંધાર વગેરે સ્વરોનાં નામો ક્યારે થયાં, ધ્રુવ અને ચલિત વીણાના સહારાથી તેનું ગણિતશાસ્ત્ર ક્યારે મંડાયું અને તેમાંથી સૌંદર્યશાસ્ત્રના અને મધુરતાના સિધ્ધાંતો કેમ નક્કી થયા, તેની ઉત્ક્રાન્તિનો કોઈ ઇતિહાસ મળતો નથી. સામવેદના ઋક પ્રાતિશાખ્યથી માંડીને ભરત નાટયશાસ્ત્ર સુધીના કાળના સંગીતનો શ્રૃંખલાબધ્ધ ઇતિહાસ મળતો નથી. છુટીછવાઈ કડીઓ પરથી સંગીત જેવી જીવંત કલાનો ઇતિહાસ રચવો, તે પણ મુશ્કેલ છે. આ કાળ એ સંગીતના ઇતિહાસનો અંધકાર યુગ કહી શકાય. બીજી મુશ્કેલી એ છે કે, બ્રાહ્મણો અને શિક્ષાગ્રંથોમાં જે સામગ્રામોનું વર્ણન થયું છે, તેનો આધુનિક સામગાયકો ઉપયોગ કરતા હોય, તેવું લાગતું નથી. આથી સામ-ગ્રામનું સાચું મુલ્યાંકન કરવું મુશ્કેલ બની જાય છે. અને સામ ઋચાઓને આધુ-નિક ગંભીર રાગોમાં ગાવાનું કોઇને મન થઈ જાય, તો તે મંતવ્ય આદરણીય ગણાવવું જોઇએ. ભારતમાં સામગાનની બે પદ્ધતિઓ પશ્ચિમમાં કૌથુમી અને દક્ષિણમાં જૈમિનીય પ્રચલિત છે. કર્ણાટક સંગીત પદ્ધતિ શાસ્ત્રની દૃષ્ટિએ વધુ વ્યવસ્થિત છે અને જૈમિની શાખાની વધુ નજીક હોય તેમ લાગે છે.

આ સંદર્ભમાં પંડિત વિષ્ણુદેવજીની સામવેદ પરની પરિચય પુસ્તિકાઓ સામવેદ ઉપરના સાહિત્યમાં નવી કેડી પાડે છે. સામવેદ ઉપર તો અનેક પુસ્તકો, પુસ્તિકાઓ રચાયેલ છે. પરંતુ તેમાં સંગીતની દૃષ્ટિએ લખેલાં પુસ્તકો જવલ્લેજ જોવા મળે છે. ઘણાખરા સંગીતજ્ઞો વેદસાહિત્યથી અપરિચિત હોય છે, તો વેદજ્ઞો સંગીતથી

અનભિજ્ઞ હોય છે. પંડિત વિષ્ણુદેવજી સંગીતના શાસ્ત્રજ્ઞ છે તેમજ વેદજ્ઞ બંને છે. શિષ્ટ સંગીતનાં શાસ્ત્રોનાં શિખરો સર કરનારા તો ઘણા છે; પરંતુ વૈદિક સંગીતનાં શિખરો સર કરનારા શ્રી. વિષ્ણુદેવજી જેવા ક્વચિતજ જોવામાં આવે છે. તેમની મોટી સેવા તો એ છે કે, તેમણે આ પુસ્તિકાઓમાં સામ સંગીતની પરિભાષા સ્પષ્ટ અને સરળ રીતે રજૂ કરી છે અને એ રીતે વેદવિદ્યાની જ નહિ પણ ભારતની પ્રાચીન સંગીત વિદ્યાની ભારે મોટી સેવા કરી છે તેમ કહું તો કોઇ અતિશયોક્તિ છે તેમ હું માનતો નથી.

આપણે ત્યાં સંગીતની અનેક કોલેજો છે, સંગીતના પ્રોફેસરો છે, યુનિવર્સિટીઓ છે, સંગીતની અકાદમીઓ છે, પણ સામસંગીત ઉપર સંશોધન કરવાનું કોઇને સૂઝતું નથી. સામસંગીત પારસીઓના ઝંદ અવેસ્તાની ગાથાઓનું સંગીત એ બધા વચ્ચે ન કલ્પી શકાય તેવું પ્રાકૃતિક સામ્ય જોવામાં આવે છે, પણ આ બધાની સંતુલના કરી તેનું વિશ્વસનીય સંશોધન કરે તેવા સંશોધકોની ભારતમાં ખોટ છે. એટલે પંડિત શ્રી વિષ્ણુદવજીને આ દિશામાં હજુ આગળ વધવાનો હું હાર્દિક અનુરોધ કરૂં છું અને તેમની બહુમુખિ જ્ઞાન પ્રતિભાનો લાભ ગુજરાતના જ નહિ, પણ સમગ્ર ભારતના વેદ શાસ્ત્રીઓ અને સંગીત શાસ્ત્રીઓને તેઓ આપે તેવી મારી નમ્ર પ્રાર્થના છે.

તા. ૨૦–૮–૧૯૭૩
સંવત ૨૦૨૯ કૃષ્ણ જન્માષ્ટમી
અમદાવાદ

**હરકાન્ત શુકલ**

---

# આરંભે

ઋગ્વેદના સાહિત્ય વિષે ઘણું ઘણું લખાયું છે. તેની સરખામણિમાં સામવેદ વિષે કશું જ લખાયું નથી; એમ કહી શકાય. આનાં બે ત્રણ કારણો તો આપી શકાય એમ છે. પહેલું કારણ તો એ છે કે, સામવેદની ઋચાઓ ઋગ્વેદમાંથી લેવામાં આવી છે, આથી ઋગ્વેદના વિષય અને ઋષિ, દેવ, છંદ જાણી લીધાથી સામવેદ જાણી લેવાય; આ એક માન્યતા છે. સામવેદનાં પઠન પાઠન ઓછાં થતાં ગયાં. ફક્ત અમુક વેદ પ્રણીત શ્રૌતયાગોમાં એક અંગ તરીકે સામગાનનો ઉપયોગ હતો. તે પણ શ્રૌતયાગો ઓછા થતા ગયા.

ગુજરાતમાં આજ સુધી એક પ્રણાલિકા સચવાઇ છે. નાના મોટા યજ્ઞયાગો હોય; તેમાં ચારેય વેદોના વેદપાઠીઓને બોલાવવામાં આવે છે. યજુર્વેદ તો કર્મકાંડમાં ખૂબ જ ઉપયોગી છે અને ઋગ્વેદ પણ પ્રમાણમાં સુરક્ષિત છે. સામવેદ અને અથર્વવેદની કર્મ પ્રણાલિકા ઓછી થતી ગઇ. તે એટલે સુધી કે દક્ષિણ ભારત

જ્યાં મધ્યયુગમાં વેદોની સુરક્ષા માટે ઘણા સારા પ્રયત્નો થયા અને તેને પરિણામે આજે પણ વેદોની મૌખિક પરંપરા અને શ્રુતિપાઠની પધ્ધતિ આજ સુધી સચવાઈ છે, ત્યાં પણ યજુર્વેદ અને ઋગ્વેદના વેદપાઠીઓ મળી રહેશે, પણ સામવેદ અને અથર્વવેદના મુખપાઠ કરનાર મળતા નથી; એ હકીકત છે.

વેદની આ મુખપાઠ અને શ્રુતિની પરંપરા સાચવવા તરફ આજના વિદ્વાનોનું ધ્યાન ગયું છે. વેદની સંસ્કૃતિની સુરક્ષા માટે આપણી સરકાર પણ સચિંત છે. અથર્વવેદની પરંપરા એકલા ગુજરાતમાં મળી આવી; તેની નોંધ પ્રાચ્ય વિદ્યાના નિષ્ણાત વિદ્વાન ડૉ. રાઘવને લીધી અને તેથી તેનાં રક્ષણ માટે સક્રિય પગલાં લેવાયાં છે. સામવેદના વેદપાઠીઓ પણ ઓછા થતા જાય છે. સામવેદીઓને પ્રોત્સાહન નહિ મળવાથી, તેમનાં બાલકોએ બીજા વ્યવસાય સ્વીકાર્યા અને જેમણે પરંપરા સાચવી રાખી; તેમને બીજાની દયા પર જીવવાનું અને દાન દક્ષિણા ભેગી કરવાની ચિંતા રહે છે અને તેથી વિદ્યાની પરંપરા ન સચવાય, તે સ્વાભાવિક છે.

સોમયાગ—જ્યોતિષ્ટોમના એક દિવસના પ્રકૃતિયાગમાં વિશ્વરૂપા અને જ્યોતિર્ગાનથી શરુઆત થાય છે. તેની સાથે પ્રાતરનુવાક શસ્ત્ર ભણાય છે, ત્યાર બાદ ત્રણ સવનમાં ગવાતા સૂક્ત—સ્તોત્રો અને સ્તોત્રીયાઓની પ્રણાલિકા પ્રમાણે સ્તોત્ર અને શસ્ત્ર ભણાય છે. સ્તોત્રગાનની મૂળ ઋચાઓ સામવેદ ઉત્તરાર્ચિકના પહેલા અધ્યાયમાં છે અને તેનાં ગાન ઊહગાનના પ્રથમ પર્વમાં છે, તે સ્તોત્ર, શસ્ત્ર અને ગાનની પધ્ધતિનો સામાન્ય પરિચય આપવાનો આ બીજી પુસ્તિકામાં પ્રયત્ન સેવ્યો છે. તે સાથે આ યજ્ઞની પ્રક્રિયામાં જીવનની ઉદાત્ત ભાવના વણાઈ છે, તેનો નિર્દેશ બ્રાહ્મણગ્રંથોમાં જે તેનાં ઉધ્ધરણ અહીં આપ્યાં છે.

શાસ્ત્રીય સંગીતમાં જેમ સમય સમયના ગવાતા રાગો નિશ્ચિત હોય છે, એમજ સામગાન પણ સોમયાગની પધ્ધતિમાં નિશ્ચિત પ્રણાલિકા પ્રમાણે જ રજૂ થાય છે અને તેથી તેનો ક્રમ પણ અત્યંત વ્યવસ્થિત છે, તે ઉપરાંત માનસ પર તેની ધારી અસર ઉપજાવી શકાય; એ તરફ ઘણા ઓછાનું ધ્યાન છે. આ સામગાનની પ્રણાલિકાને જીવિત રાખવા માટે પ્રયત્ન સેવાય તે જરૂરી છે.

**વિષ્ણુદેવ પંડિત**
૨૯, ડાહ્યાભાઇ પાર્ક
ગીતામંદિર રોડ, અમદાવાદ—૨૨.
ફોન નં. ૫૨૩૬૩

સંવત ૨૦૩૦ કાર્તિકી પૂર્ણિમા

---

## અનુક્રમ

| | |
|---|---|
| ૧. પરોઢનાં ગાન | પૃ. ૯–૨૯ |
| ૨. ત્રણ પ્રહરનાં ગાન | પૃ. ૩૦–૪૮ |
| ૩. સામગાનનો સુમેળ | પૃ. ૪૯–૭૨ |
| પરિશિષ્ટ | પૃ. ૭૩–૮૪ |

# ૧
# પરોઢનાં ગાન

શુનઃશેપ જાગતો હતો. તેને યૂપની સાથે બાંધ્યો હતો. તેનો પિતા અજીગર્ત સૂતો હતો. કદાચ મનના રથ પર બેસી, સ્વપ્નમાં વિહાર કરતો હોય! જેમને જાગવાની જરૂર હતી, તે હતા સોમયાગના હોતા વિશ્વામિત્ર, ઉદ્‌ગાતા અયાસ્ય અને અધ્વર્યુ જમદગ્નિ.

ઋચાનાં શસ્ત્ર ભણે, ત્યારે હોતાએ ઝૂલા પર બેસવાનું અને હાથમાં વાણ લેવાનું. એ મહાવીણા, જેને સો તાર બાંધ્યા હોય; સામનાં સ્તોત્ર ગાય, ત્યારે ઉદ્‌ગાતાએ આસંદી પર બેસવાનું. અધ્વર્યુને તો કર્મ કરતાં ફરતાજ રહેવાનું. બ્રહ્માની તો સાક્ષીજ ગણાય.

હજી પરોઢ ઉગ્યું ન હતું. પક્ષીના કલરવ શરુ થયા ન હતા. હોતાને પરોઢનું પ્રાતરનુવાક શસ્ત્ર ભણવાનું હતું, તે પહેલાં ઉદ્‌ગાતાએ વિશ્વરૂપાનાં ગાન ગાવાનાં હતાં. અધ્વર્યુએ વસતીવરી નામનાં જલ ભરવાનાં અને ગ્રહપાત્ર તૈયાર કરવાનાં હતાં.

આ ત્રણ પ્રક્રિયા સાથે કરવાની હોય છે અને ક્રમસર. પહેલાં અધ્વર્યુએ ગ્રહ-ચમસ ગોઠવવાનાં; ઉદ્‌ગાતાએ સામ સ્તોત્રનાં ગીત ગાવાનાં અને હોતાએ ઋચાનાં સૂકતોનાં શંસન કરવાનાં.

હમણાંજ અતિરાત્ર યાગ પૂરો થયો હતો. થોડો અવકાશ મળ્યો હતો. હોતાને ઝૂલવું ગમતું ન હતું અને ઉદ્‌ગાતાને આરામથી બેસવું રુચતું ન હતું. અધ્વર્યુએ બેસવાનું પસંદ કર્યું હતું.

આમ તો અવકાશમાં થોડી હળવી વાતો થઈ જાય; પણ આ પ્રસંગ હળવો ન હતો. ઉદ્‌ગાતા ગમગીન હતા. હોતાને કાંઇ ચેન પડતું ન હતું. તે વિચારમાં પડી ગયા હતાઃ

તેમણે આ નરમેધ સોમયાગનું નિમંત્રણ ઝીલી લીધું હતું. 'રાજા હરિશ્ચંદ્ર સોમયાગ કરવાના છે; તે વાક્ય કહેવા આવ્યો છું. આપે તેમાં પધારવાનું છે' આ સોમપ્રવાક કહેવા આવ્યો હતો. તેણે ખુલાસો પણ કર્યો હતોઃ 'આ સાદો યાગ નથી. આ તો નરમેધ છે.'

વિશ્વામિત્રને ત્યારે કુતૂહલ જાગ્યું હતું: 'આ નરમેધ કેવો ? તે પોતાના જ જીવનમાં પરિવર્તન કરી શકયા હતા. ક્ષત્રિય પદ છોડી, બ્રહ્મપદ મેળવવા કેટકેટલાં તપ તપ્યા હતા. પોતાની જાતનું બલિદાન આપી દીધું હતું. આનું નામ જ નરમેધ. જન તો જન્મે, જીવે અને મરે. નર તો સ્વાર્થ છોડી, સેવા કરે. સમાજને માટે અને રાષ્ટ્રને માટે જેણે બલિદાન આપી દીધાં; એ વીર નરોનો તો મહિમા ગવાયો. મેધ તો પવિત્ર કાર્ય, અધિકાર મેળવવાનું વ્રત. ગમે તે જન ચાહે તે પ્રમાણે સેવા ન કરી શકે. તેણે તો નર બનવાનું, જેને કર્મનો લેપ લાગે નહિ.

નરમેધની એ વ્યાખ્યા સાથે વિશ્વામિત્ર આવ્યા; પણ અહીં તેમને જુદો અનુભવ થયો. અહીં તો રાજાનો દેહ સાચવવા; એક નિર્દોષ બાલકનું બલિદાન આપવાનું હતું. હાં, પુત્ર પિતા માટે બલિદાન આપે; એતો વખાણી શકાય. અહીં તો એક પિતા ધન સાધન મેળવવા, પુત્રનો ભોગ આપી રહ્યો હતો. બાંજો પુત્ર પિતાને બચાવવા સોદો કરી રહ્યો હતો.

રાજાની એમાં મુંગી સંમતિ હતી. બ્રહ્મપદ મેળવી લીધા પછી વિશ્વામિત્ર ઋજુ સરળ બની ગયા હતા. રાજાના જીવનનાં અનેક કપટ તેમણે જોયાં હતાં. એ જીવન તો બદલાઈ ગયું. આ જીવન તો સેવા અને પરોપકાર માટે છે. એ માટે તેમણે નિમંત્રણ સ્વીકાર્યું હતું. અહીંની દશા જોતાં તે વિચારમાં પડી ગયા હતા.

વિચારના વમળે ચઢતાં અને હરતાં, ફરતાં તે હોતા યૂપ પાસે આવી પહોંચ્યા. ત્યાં શુનઃશેપ જાગતો હતો. તેના મુખ પર પ્રસન્નતા હતી. બાંધેલા હાથે નમસ્કાર તો થાય નહિ, આંખોની પાંપણો ઢાળીને તેણે પ્રણામ કર્યા.

તેની પાસે જવાનું મન હતું, પણ પગ થંભી ગયા. 'તું સો વર્ષનો થા;' શુભાશિષ અપાઇ ગયાં અને વરુણને રાજી કરવાનો મંત્ર પણ આપી દીધો.

ત્યાં તો સુબ્રહ્મણ્ય નામના ઋત્વિજે આહ્‌વાનનાં ગાન ગાયાં. સોમયાગ શરુ થાય; તે પહેલાં ચારેક દિવસ તૈયારીના જોઈએ. ઈન્દ્રને યજ્ઞમાં આવવા સુબ્રહ્મણ્યા ગાન રોજ ગવાય; પહેલા દિવસે કહેવું પડે; પાંચમા દિવસે સોમયાગ છે; તેમાં આવે, ચોથા, ત્રીજા દિવસે સોમયાગ છે, એમ બીજા, ત્રીજા દિવસે કહેવુ પડે.

આજે તો મુખ્ય દિવસ સોમના રસ કાઢવાના અને તેને ગ્રહ ચમસમાં ભરવાના, માટે તેને સૂત્યા દિન કહે છે. એ રીતે આ સુબ્રહ્મણ્યા ગાન ગવાય; તેમાં ઈન્દ્રને સંબોધન કરતું એક એક વિશેષણ હોય, જેથી ઈન્દ્ર રાજી થાય.

સુબ્રહ્મણ્યા ગાન ગવાતાં જ ઋત્વિજો સાવધાન થઈ ગયા. તેમણે પોતપોતાનાં સ્થાન સંભાળી લીધાં. આ સુબ્રહ્મણ્યા ગાન શું છે?

પહેલાં તો અધ્વર્યુ આ ગાન ગાવા સુબ્રહ્મણ્યને પ્રૈષ આજ્ઞા આપે છે. બ્રહ્મા જમણી બાજુએ ઉભા રહે. યજમાન અને પત્ની સુબ્રહ્મણ્યના શરીરનો સ્પર્શ કરી ઉભાં રહે; ત્યારે તે ઋત્વિજ પૂર્વ દિશા તરફ મુખ કરી, આ ગાન ગાય; જેનું નામ સુબ્રહ્મણ્યાનું આહવાન છે. તેનું રહસ્ય બ્રહ્મવાદીઓ આ રીતે રજુ કરે છે:

'આ લોકના સર્જન પહેલાં બ્રહ્મ અને સુબ્રહ્મ નામના બેજ પદાર્થો જગતના રૂપે હતા. તેમાંનો સુબ્રહ્મ દેવો પાસેથી સરકી ગયો. તેને અનુસરીને બ્રહ્મે પણ સરકી જવાની ઇચ્છા કરી; પરંતુ દેવોએ યજ્ઞનું નિમિત્ત ગણીને બ્રહ્મને પકડી રાખ્યું.

હવે આમાં બ્રહ્મ છે, એ તો અગ્નિનું રૂપ છે, કારણકે આ બ્રહ્મ મુખ્ય પદાર્થ ગણાય છે અને દેવો અગ્નિ-મુખ ગણાય છે. એ રીતે સુબ્રહ્મ એ તો સૂર્ય-આદિત્યનું રૂપ છે, કારણકે આ સુબ્રહ્મ અધિપતિ ગણાય છે અને દેવોના અધિપતિ ઇન્દ્ર અહીં આદિત્ય ગણાય છે. આમ આ બંને પદાર્થો તેજના રૂપે છે.

યજ્ઞ નિમિત્તે બ્રહ્મ-અગ્નિને રોકી રાખ્યા પછી, દેવો દ્વારા યજ્ઞના સંધિ પ્રદેશમાં સુબ્રહ્મની શોધ કરવામાં આવી. આહવનીય અગ્નિના ઉત્તરે નાનો ખાડો કરવામાં આવે છે, તેને ઉત્કર કહે છે અને તે યજ્ઞનો સંધિપ્રદેશ છે. જે વેદિની ઉત્તરે પૂર્વ ભાગમાં રહે છે અને જ્યાં સોમનો નકામો કચરો રાખવામાં આવે છે.

૧ દેવોએ ઉત્કર પાસે ઉભા રહી, સુબ્રહ્મની શોધ કરી હતી. તે પ્રમાણે સુબ્રહ્મણ્ય નામનો ઋત્વિજ ઉત્કર પર ઉભા રહી આ સુબ્રહ્મણ્યા નામની ગીતિથી તેજ નામની દેવતાને બોલાવે છે. અહીં ઇન્દ્ર પોતેજ સુબ્રહ્મણ્યા દેવતા છે: તેને સ્ત્રીના જેટલાં માન સન્માન આપતાં; ત્રણવાર બોલાવે છે: સુબ્રહ્મણ્યા ઓમ્, સુબ્રહ્મણ્યા ઓમ્, સુબ્રહ્મણ્યા ઓમ્.

આ સુબ્રહ્મણ્યા ગીતિથી ઇન્દ્રની સાથે દેવોને પણ યજ્ઞમાં આહ્વાન કરે છે. હવે દેવોનાં ત્રણ કર્મ સત્ય ગણાય છે: મનથી વિચારે છે; વાણીથી બોલે છે અને કાયાથી કર્મ કરે છે. એ ઉદ્દેશે અહીં ત્રણવાર આહ્વાન કરવામાં આવે છે.

---

૧ ઐતરેય બ્રાહ્મણ ૬,૩ જૈમિનીય બ્રા. ૨,૭,૮ ષડ્વિંશ બ્રા. ૧,૧ શતપથબ્રા. ૩,૩,૪,૧, તૈત્તિરીય આરણ્યક ૧,૧૨,૩,૪, લાટયાયન શ્રૌતસૂત્ર ૧,૩.૧,૧૪ આપસ્તંબ શ્રોત. ૧૦,૨૮,૫ વૈતાન શ્રોસૂ. ૧૫,૪

આ સંબોધનથી ઈન્દ્રનું ધ્યાન ખેંચવામાં આવે છે. હવે તેને બોલાવે છે:

इन्द्र आगच्छ : ઈન્દ્ર આવો.

આ સુબ્રહ્મણ્ય ઋત્વિજ 'ઈન્દ્ર આવો' કહે છે, તેનો ભાવ તો આ છે: એ ઈન્દ્રનું પ્રત્યક્ષ નામ છે. એ ઈન્દ્રને અહીં રુબરુમાં જોઇને આહવાન કરે છે.

हरिव आगच्छ : હરિ નામના બે ઘોડા જેને છે, તે ઈન્દ્ર આવો; કહે છે. આ ઈન્દ્રના બે ઘોડા એ તો સૂર્યના શુકલ અને કૃષ્ણ એ બે પક્ષ છે. એ બેની સહાયથી કાલરૂપી સૂર્ય સર્વ જગતનાં હરણ કરી લે છે, માટે તે હરિ છે.

मेधातिथे मेंष : હે મેધાતિથિ નામના ઋષિના મેષ; એમ કહે છે. જયારે કણ્વના પુત્ર મેધાતિથિ ઋષિએ સ્વર્ગમાં જવાની ઈચ્છા કરી, ત્યારે ઈન્દ્રે ભક્તને આધીન થઇ, મેષ–ઘેટાનું રૂપ ધારણ કર્યું અને તેને સ્વર્ગમાં પહોંચાડયો હતો.

वृषणश्वस्य मेने હે વૃષણશ્વ રાજાની પુત્રી મેના, એમ કહે છે. વૃષણશ્વ રાજાનું બીજું નામ મેન હતું, તેને મેનકા નામની કન્યા હતી. તેની કામના ઈન્દ્રે કરી; એથી એ ઈન્દ્ર પોતે મેનાનું રૂપ લઈ, મેનકાની અંદર રહેતો હતો, માટે તેને મેના કહેલ છે.

गौर अवस्कन्दिन् : હે કૂદકા મારતા ગૌરમૃગરૂપ ઈન્દ્ર, એમ કહે છે. જ્યારે ઋત્વિજોએ સોમયાગમાં સોમરસ કાઢવા માંડયો; ત્યારે તે દેવરાજ ઇન્દ્ર એટલા તો ઉત્સાહમાં આવી ગયા કે, તેમણે યજ્ઞમાર્ગે જલ્દી પહોંચવા ગૌરમૃગનું રૂપ ધારણ કર્યું અને અરણ્યથી કૂદતા કૂદતા આવીને યજ્ઞમાં રહેલ રાજા સોમના રસનાં પાન કર્યાં.

अहल्यायै जार : હે અહલ્યારૂપી રાત્રિને જરાવનાર—ઓછીકરનાર સૂર્યરૂપ ઈન્દ્ર; એમ કહે છે. મિત્ર તો દિવસનો સૂર્ય ગણાય છે; તે પછી રાત્રિ આવે છે. આથી અહલ્યાને મૈત્રેયી – મિત્રની પુત્રી કહી છે. હવે તે રાત્રિને જરાવનાર-ઓછી કરનાર સૂર્ય છે; માટે તેને મૈત્રેયી અહલ્યાનો જાર કહેલ છે.

कौशिक ब्राह्मण : હે કુશિકના પુત્ર, હે બ્રાહ્મણ, એમ કહે છે. કુશિક રાજાની સ્તુતિથી ઈન્દ્ર તેના પુત્રરૂપે આવ્યા હતા અને તેમણે અહલ્યાની સાથે લગ્ન કર્યાં હતાં-

गौतमब्रुवाण : પોતાની જાતે ગૌતમ તરીકે જણાવનાર ઈન્દ્ર : એમ કહે છે. હવે બન્યું એમ; એક પ્રદેશમાં યુદ્ધ કરવા માટે દેવો અને અસુરો ભેગા થયા. હવે ત્યાં ગૌતમ નામના મુનિ તપ કરતા હતા. દેવોના અધિપતિ ઈન્દ્રે તે મુનિની પાસે આવીને પ્રાર્થના કરીકે, તમે અમારા દેવોના સ્પશ – જાસૂસ બનીને અસુરોની વાત જાણી લાવો. આતો મુનિ. એમને વળી આવી રાજરમત કયાંથી ગમે ? એટલે તેમણે તો ઈન્દ્રને જણાવી દીધું કે 'મને આ બાબતમાં ઉત્સાહ નથી.' ઈન્દ્રે તેમને જણાવ્યું : 'જો તમને આ કામ કરવાનો ઉત્સાહ ન હોય. તો ન કરો. હું તમારા

રૂપે દેવોનો જાસૂસ બનીને અહીં હરવા ફરવા માંગું છું. તે વિષે તમને યોગ્ય લાગે તો સંમતિ આપો. હવે એમાં પોતાને વાંધો ન હતો અને દેવોનું કામ ખોટું ન હતું, એટલે તેમણે 'જેમ તમને ઠીક લાગે, તેમ કરો.' એ રીતની સંમતિ આપી. આમ તે ઈન્દ્ર તે પ્રદેશમાં ફરતા હતા અને કોઈ પૂછે, તેને 'હું ગૌતમ છું' એ રીતે પોતાની ઓળખાણ આપતા હતા. અથવા માનોને કે, તે ગૌતમના રૂપેજ ફરતા હતા; તેથી તેમને જોનારા ગૌતમ કહેતા હતા.'

જોકે આ સુબ્રહ્મણ્યા ગીતિ સામવેદના ગાનમાં ગણાતું નથી; તેને ઈન્દ્રની ગાથા તરીકે અત્યંત પ્રસિદ્ધિ મળેલી છે. ઈન્દ્રનો મહિમા ગાતી અનેક કથાઓ અહીં એક એક સંબોધનમાં આલેખાઈ છે.

અહીં અગ્નિને બ્રહ્મ અને ઈન્દ્રને સુબ્રહ્મ કહેલ છે. મૂળમાં તો બ્રહ્મશબ્દ વેદ મંત્રનો વાચક છે; જેમાં પ્રથમ અગ્નિની સ્તુતિ છે. જ્યાં બ્રહ્મ—મંત્રમાં સારી રીતે સ્તુતિ ગવાય; એ સુબ્રહ્મ તો ઈન્દ્ર પોતેજ અને તેના સંબંધે જે ગાથા ગવાય; તે સુબ્રહ્મણ્યા ગાથા.

આ જગતનાં સર્જન થાય છે, તેમાં માનવની ઉત્પત્તિ સર્વોત્તમ ગણાય છે. તે માનવ પણ રોજે રોજ નવાં સર્જન કરે છે. એ સર્જન કાર્યના પ્રેરક દેવ તો ઈન્દ્ર છે. માનવ સર્જન કરવાનું બંધ કરી દે કે તેને પ્રેરણા આપનાર — સુબ્રહ્મ ઈન્દ્ર પલાયન કરી જાય. બ્રહ્મ અગ્નિ પણ પલાયન થવાની ઈચ્છા કરે. ત્યાં શરીરના દેવો જાગે અને યજ્ઞનાં સેવાનાં કાર્ય શરુ કરે, એટલે બ્રહ્મ અગ્નિ સતેજ બને, પછી તો ઈન્દ્રની શોધ થાય. તેની પ્રસન્નતા મેળવાય અને તે પણ આવી પહોંચે. તેને પ્રત્યક્ષ બોલાવવા માટેનાં આ તો સંબોધન છે: હે ઈન્દ્ર, હે હરિવ વગેરે. સાથે તેણે જે સેવા અને પરોપકારનાં કાર્યો કર્યાં; તેનો મહિમા વેદોમાં ગવાયો છે, તેની અહીં યાદ આપે છે:

૧ 'હે અદ્રિવ — વજ્રધારી ઈન્દ્ર! કણ્વના પુત્ર મેધ્યાતિથિએ આ પ્રકારે તમારી સ્તુતિ કરી, ત્યારે તમે તેની પાસે પહોંચી ગયા અને તમે મેષનાં રૂપ ધારણ કરી, તે ઋષિને ખાંધે બેસાડી સ્વર્ગમાં લઈ ગયા.'

આમ મેધાતિથિના મેષની ગાથા ગાઇ, વૃષણશ્વની મેનાની ગાથા પણ વેદમાં આ રીતે ગવાઈ છે:

૨ 'હે સુક્રતુ શોભનકર્મ ઈન્દ્ર! તમે પોતેજ વૃષણશ્વ નામના રાજાની કન્યા મેનારૂપે પ્રગટ જન્મ લીધો હતો. આમ તમારી સઘળી સ્તુતિઓ યજ્ઞમાં ગવાય છે.'

---

૧. ઋગ્વેદ ૮,૨,૪૦૧ ૨. ઋગ્વેદ ૧,૫૧,૧૩ બ

અહીં સાયણાચાર્ય શાટયાયનિ બ્રાહ્મણનું પ્રમાણ આપતાં જણાવે છે:

'વૃષણશ્વની મેના એમ કહ્યું છે, તેનો ભાવ એ છે કે, વૃષણશ્વ રાજાની માંગણીથી ઈન્દ્રે તેની કન્યા મેના બનીને તેના કુલમાં વાસ કર્યો હતો.

ઈન્દ્રે, કૌશિકરૂપે જન્મ લીધો હતો. તેમજ ગૌતમનાં રૂપ પણ ધારણ કર્યાં હતાં. એ પ્રમાણે ઈન્દ્રનાં વિવિધ રૂપોનો મહિમા ગવાયો છે.

પુરાણોની આ કથા પ્રસિદ્ધ છે. ગૌતમમુનિનાં પત્ની અહલ્યાની સાથે ઈન્દ્રે જે વ્યવહાર કર્યો હતો, તેથી અહલ્યાને શલ્યા બનવું પડયું હતું. અહીં ઈન્દ્રે ગૌતમનાં રૂપ લીધાં અને અહલ્યાની સાથે પરપુરુષની જેમ જારકર્મ કર્યાં હતાં, એ પ્રકારની બંધબેસતી કથા આવી જાય છે, પરંતુ વેદમાં તો આ પ્રકારનાં રૂપક જોવાને મળે છે.

આદિત્ય—સૂર્યને अपां जार (ઋગ્વેદ ૧,૪૬,૪) કહેલ છે. સવારે સૂર્યનો ઉદય થાય છે, ત્યારે સવારનું ઝાકળ ઓસરી જાય છે, માટે તે સૂર્યને પાણીનો જરયિતા જરાવનાર—જીર્ણ કરનાર કહેલ છે, તેજ રીતે સૂર્યને उषो न जार (ઋગ ૧,૬૯,૧) ઉષઃકાળ પ્રભાતને જરાવનાર કહેલ છે.

હવે ઈન્દ્રને સૂર્ય કહેવામાં આવે છે, તે જેમ ઝાકળને ઓસરાવી દે છે તેમજ ઉષઃકાળને જરાવી દે છે, તેમજ રાત્રિના કાળને પણ ઓછો કરી નાખે છે. એ રીતે ઈન્દ્ર કાલનો નિયામક અને સ્વામી બને છે. રાતનો મુખ્ય દેવ વરુણ છે અને દિવસનો દેવ મિત્ર છે. એ મિત્ર પણ સૂર્યનું પ્રતીક છે, એ રીતે મિત્ર સૂર્યના અસ્ત પછી રાત્રિ આવે છે, માટે રાત્રિને મિત્રની પુત્રી કહી છે. અહીં અહલ્યાને મૈત્રેયી કહી છે.

હવે આ ઈન્દ્ર તો દેવો અને ઋષિઓનો ઉત્સાહ વધારનાર એક અદ્વિતીય પ્રેરક દેવ છે. તે ઈન્દ્રને પક્ષમાં લઇ દેવો અસુરોપર વિજય મેળવે છે અને તેજ ઇન્દ્રને પ્રસન્ન કરી, ઋષિઓ અનેક કાર્યો સિદ્ધ કરે છે. આ સુબ્રહ્મણ્યા ગીતિ ઇન્દ્રને પ્રસન્ન કરવાનું ઉત્તમ સાધન છે. અને તેથી તેમાં ઇન્દ્રનો મહિમા ગાવામાં આવ્યો છે, તેમાં કોઇ દોષને અવકાશ નથી.

ઇન્દ્ર એવો કોઇ સામાન્ય જન નથી, જેને આવાં અધમ કાર્યોના નાયક બનવાનો અવસર મળે. એ તો સર્વને પ્રેરણા આપનાર અને અજ્ઞાનરૂપી અંધકારને જરાવનાર વિશેષ પ્રકાશમાન દેવ છે.

સુબ્રહ્મણ્યાના ગાનથી ઇન્દ્રને આમંત્રણ આપતાં, સોમ રસ કાઢવાના—સુત્યા નામના મુખ્ય દિવસનો પણ નિર્દેશ કરવાનો હોય છે, તે ઉપરાંત મુખ્ય દિવસે પણ વહેલી પરોઢે પ્રાતરનુવાક અને વિશ્વરૂપા ભણાય, તે પહેલાં આ સુબ્રહ્મણ્યાનાં ગાન ગાવાનું રહસ્ય પણ આ બ્રહ્મવાદી રજૂ કરે છે.

૧ જેમ ઇન્દ્રને આહ્‌વાન આપ્યાં, તેમજ દેવોને અને ઋત્વિજ બ્રાહ્મણોને આમંત્રણ આપતાં, આ સુબ્રહ્મણ્યા–ગાનમાં જણાવ્યું છે:
'હે દેવો, હે બ્રહ્મ–મંત્રનાં ગાન ગાનાર બ્રહ્મવિદ્ ઋત્વિજો ! આવો, આવો, આવો.

'અહીં વસુ, રુદ્ર, આદિત્ય, વિશ્વેદેવ વગેરે પ્રસિદ્ધ દેવો તો દેવો તરીકે જાણીતા છે, તે ઉપરાંત યજ્ઞમાં ભાગ લેનાર બ્રહ્મવિદ્ ઋત્વિજો પણ મનુષ્યોમાં દેવોના સ્થાને છે, કારણ કે તેમણે વેદોનાં અર્થ અને તાત્પર્ય સાથેનાં જ્ઞાન મેળવી લીધાં છે. તેમજ અંગ ઉપાંગ સાથે વેદોના મંત્રોના અભ્યાસ કરેલા છે.

અહીં દેવોને તો આહુતિઓનાં પ્રદાન કરવામાં આવે છે, એ જ યજ્ઞમાં તેમનો ભાગ ગણાય છે. એ રીતે દક્ષિણા આપવામાં આવે છે, એ મનુષ્યોમાં દેવો ગણાતા ઋત્વિજોનો ભાગ છે. જેવી રીતે દેવો આહુતિઓનાં પ્રદાનથી રાજી થાય છે, એજ રીતે ભણેલા ગણેલા બ્રહ્મનિષ્ઠ વેદજ્ઞ ઋત્વિજોને દક્ષિણા આપી યજમાન રાજી કરે છે, કારણ કે તે મનુષ્યોમાં દેવોના સ્થાને છે.'

સુબ્રહ્મણ્યા શબ્દનું રહસ્ય બ્રહ્મવાદી આ રીતે રજુ કરે છે :

'પહેલાં દેવોએ યજ્ઞ શરુ કર્યો હતો. તેમાં જ્યારે સુબ્રહ્મણ્ય નામના ઋત્વિજે સુબ્રહ્મણ્યા–ગાથાથી આહ્‌વાન કર્યું, ત્યારે યજ્ઞમાં વિઘ્ન નાખનાર અસુરો અને રાક્ષસો યજ્ઞસ્થાને આવી પહોંચ્યા. તે જોતાં દેવોએ અત્યંત નીચા સ્વરે આવાહન કર્યું: 'બ્રહ્મ ઓમ, સુબ્રહ્મ ઓમ', સુબ્રહ્મણ્યનું એ તો મૂલ રૂપ છે.

દેવોનાં તે નિહવ–આહ્‌વાન સાંભળીને ઇન્દ્ર આદિત્યના રૂપે ત્યાં આવી પહોંચ્યા. તેમણે નવલા મેઘ–પર્જન્યનાં રૂપ લીધાં હતાં. તેમની આગળ આગળ બલાકાઓ ઉડતી હતી. તે ઇન્દ્રે આવીને વૃષ્ટિ, વજ્ર અને વીજળીથી તે અસુરોનો નાશ કરી નાખ્યો.

'હવે જે સુબ્રહ્મણ્યા પદ છે, તે નારી જાતિ, નરજાતિ કે નપુંસક છે ? આનો ઉત્તર આપતાં જણાવે છે; તે પદ બધી જ જાતિમાં વપરાય છે. તેનું કારણ આ છે. ઇન્દ્ર પુરોબલાક પર્જન્ય બનીને આવી પહોંચ્યા, તે પર્જન્યને કારણે સુબ્રહ્મણ્યા નરજાતિ છે. વજ્ર રૂપી વૃષ્ટિથી નાશ કર્યો, તે વૃષ્ટિને કારણે નારી જાતિ છે અને વિજળીનું તેજ છે, તેને કારણે તે નપુંસકલિંગ છે.

ફરી પાછા વિચારણા કરે છે કે, આ સુબ્રહ્મણ્યા ઋચા છે, યજૂ છે કે સામ છે ? તેના ઉત્તરમાં જણાવવાનું કે, એ બધા રૂપે છે. ઋચાની જેમજ સુબ્રહ્મણ્યા નામ છે, તેને કારણે તે ઋચા છે. જેમ અધ્વર્યુ પ્રૈષ–આજ્ઞા આપતાં નિગદ મંત્ર બોલે છે, તેમજ આ સુબ્રહ્મણ્યા નિગદ મંત્ર છે, માટે તે યજુ છે. સામગાનારા

૧. ષડવિંશ બ્રા. ૧,૧,૨૬,૧,૧,૨૯

૨૫૦

જેમ બીજાં સામગાનોનાં પઠન કરે છે, એમજ આ સુબ્રહ્મણ્યાને પણ સામગાનની જેમ ભણે છે, માટે તે સામ છે. આમ આ પદ ઋચા, યજુ અને સામ એ બધા રૂપે છે.

'આ રીતે સુબ્રહ્મણ્યા ગાનથી ઇન્દ્રનાં આહ્વાન કરી, સુબ્રહ્મણ્ય ઋત્વિજે પોતાના યજમાન પાસે નીચે પ્રમાણેના યજુમંત્રનો પાઠ કરાવવો, જેથી યજ્ઞમાં વિઘ્ન કરતા રાક્ષસો દૂર થાય.'

આ મંત્રનાં પાંચ ચરણ છે, તેનો ભાવ આ પ્રમાણે છે:

'હે સુબ્રહ્મણ્યા, તે તું છે, જેનું પહેલું ચરણ પૃથ્વી છે. આ વચનથી તે પૃથ્વી પરના બધા અસુરો અને રાક્ષસોને દૂર કરે છે. હે સુબ્રહ્મણ્યા, તે તું છે, જેનું બીજું ચરણ અંતરિક્ષ છે, આ વચનથી તે અંતરિક્ષના બધા અસુરો અને રાક્ષસોને દૂર કરે છે. 'હે સુબ્રહ્મણ્યા, તે તું છે, જેનું ત્રીજું ચરણ દ્યૌસ્ સ્વર્ગ છે, આ વચનથી તે સ્વર્ગના બધા અસુર રાક્ષસોને દૂર કરે છે.

'હે સુબ્રહ્મણ્યા, તે તું છે, જેનું ચોથું ચરણ દિશાઓ છે, આ વચનથી તે દિશાઓના અસુર રાક્ષસોને દૂર કરે છે. 'પરોરજસ નામનું ધામ છે, તે તારૂં પાંચમું ચરણ છે. ખરે, રજોગુણથી પર તો બ્રહ્મનું સ્થાન છે. તે કારણે આ વચન કહ્યું છે. 'તે અમારે માટે ઇપ–રસ અને ઉર્જ અન્નનાં દોહન કરે; વીર્ય–સામર્થ્ય અને ખાદ્ય અન્ન આપે. આ વચનોથી તે સુબ્રહ્મણ્યા યજમાનમાં અન્ન, રસ, વીર્ય વગેરેનાં આધાન કરે છે.

અહીં જે સુબ્રહ્મણ્યા ગવાય છે, તેનું નામ બ્રહ્મશ્રી સામ છે. અર્થાત્ બ્રહ્મ વેદ મંત્રનો તે આશ્રય છે અથવા તો તેના આશ્રયે બ્રહ્મ વેદ રહેલા છે. આને કારણે પરોઢના પ્રાતરનુવાક શસ્ત્રના શંસનની શરુઆત થાય અને યજ્ઞનાં સમાપન ન થાય; ત્યારે સુબ્રહ્મણ્યે સુબ્રહ્મણ્યાનાં આહ્વાન કરવાનાં છે.

આમ તો સુબ્રહ્મણ્યા એક વચન છે, આહ્વાનનો મંત્ર છે, પરંતુ તેમાં જે દિવ્યભાવ રહેલો છે, તેથી તેને બ્રહ્મશ્રી સામનું માનવંતુ નામ મળેલું છે. વેદની સ્તુતિ પ્રાર્થનાઓમાં અગ્નિ અને ઇન્દ્ર મુખ્ય સ્થાને છે. વેદની વાણીને બ્રહ્મ કહે છે. તે બ્રહ્મ અગ્નિની સ્તુતિ કરે છે, માટે અગ્નિને બ્રહ્મ કહે છે. ઇન્દ્ર વિશેષ સારી રીતે ગવાય છે, માટે તેને સુબ્રહ્મ કહે છે. આમ અગ્નિ અને ઇન્દ્રને બ્રહ્મ અને સુબ્રહ્મના નામે ઓળખાવી, સુબ્રહ્મ ઇન્દ્રનો મહિમા ગાનાર વાણીને સુબ્રહ્મણ્યા કહી છે અને તેને બ્રહ્મશ્રી સામની પ્રતિષ્ઠા આપી, તેનાં રહસ્ય આ બ્રહ્મવાદીએ ઉકેલ્યાં છે, ત્યારે આ બીજા બ્રહ્મવાદી તેનાં રહસ્ય આ રીતે ઉકેલે છે:

૧ 'આ ભુવનમાં અને આ બધા લોકોમાં બ્રહ્મ અને સુબ્રહ્મ એ બેજ દેવો હતા. તેમાંના સુબ્રહ્મ પલાયન કરી ગયા. આકાશમાં જે આદિત્ય–સૂર્ય છે, તે તો બ્રહ્મ છે. અને વાણી તો સુબ્રહ્મ છે. આ યજ્ઞમાંજ વેદી છે, તેની અંદર બીજી અંતર્વેદિ છે, ત્યાં દેવોએ યજ્ઞના સાધનથી બ્રહ્મને પકડી રાખ્યા હતા. આનેજ કારણે દરેક યજ્ઞમાં વેદીની અંતર્વેદિમાં યજ્ઞથી બ્રહ્મને પકડી રાખે છે.

'હવે અહીં બ્રહ્મવાદીઓ વિચારણા કરે છે. બીજા હોતાઓ તો અંતર્વેદિ પાસે રહીને ઋચાઓના પાઠ કરે છે, ત્યારે સુબ્રહ્મણ્ય નામનો ઋત્વિજ વેદીની બહાર બહિર્વેદિ પર ઉભા રહી ગાન કરે છે, તેનું કારણ શું ?

આના ઉત્તરમાં જણાવવાનું કે, બહિર્વેદિ પાસે ઉત્કર નામનું સ્થાન છે. તે તો વેદીનો આત્મા છે, મુખ્યરૂપ છે. એ રીતે જે સુબ્રહ્મણ્યા છે, તે તો પ્રત્યક્ષ બ્રહ્મ છે. હવે સુબ્રહ્મણ્ય ઉત્કરની પાસે ઉભા રહીને આ સુબ્રહ્મણ્યાથી આહ્‌વાન કરે, તો તેથી તે આહ્‌વાન અંતર્વેદિ પાસે ઉભા રહીને કર્યું', એમ ગણાય.

હવે 'સુબ્રહ્મણ્ય ઓમ્' એ પદ ત્રણ વાર કહેવાનાં છે. તેનું કારણ આ છે. વાણી એ તો સાચેજ સુબ્રહ્મણ્યા છે. આના ગાનથી તે પહેલેથી વાણીની શરુઆત કરે છે. અહીં બ્રહ્મ એ તો વાણી છે અને રસ એ તો ઓંકાર છે, જે સાથે જોડવામાં આવે છે. આમ તે આ પ્રસિધ્ધ વાણીને રસથી પલાળે છે. પ્રીતિયુક્ત કરે છે.

'હવે કેટલાક બ્રહ્મવાદીઓ આ પ્રસિધ્ધ વાણીને 'ઓં સુબ્રહ્મણ્યા' એ રીતે આહ્‌વાન કરે છે; તેનું કારણ આ છે. પ્રાણ તો આગળ હોય અને પછી વાણી હોય. પણ આ રીતનો ક્રમ છે, તે બરોબર નથી. જેમ કોક પહેલાં મધનાં સિંચન કરે અને પછી લાજા–ધાણી ભેગી કરે; તેના જેવું થયું. આ બરાબર નથી. (ધાણીમાં મધ સીંચવાં જોઇએ.) માટે 'સુબ્રહ્મણ્યોમ્' એમજ આહ્‌વાન કરવાં જોઇએ.'

આ બ્રહ્મવાદીએ તેના છંદ, દેવ અને વેદની વિચારણા આ રીતે કરી છેઃ

'અહીં કેટલાક બ્રહ્મવાદીઓ પૂછે છેઃ સુબ્રહ્મણ્યા કયા છંદમાં છે? તેના ઉત્તરમાં જણાવવું કે, તેનો છંદ ત્રિષ્ટુપ છે, કારણ કે ઇન્દ્રની સાથે ત્રિષ્ટુપ છંદ જોડાય છે. ત્યારે તેના દેવ કોણ ? તેના ઉત્તરમાં કહેવાનું કે, ઇન્દ્ર તેના દેવ છે. કારણ કે તેથી ઇન્દ્રનાં આહ્‌વાન કરવામાં આવે છે.

અહીં કેટલાક બ્રહ્મવાદીઓ પૂછે છે. ઋત્વિજો સ્તોત્રનાં ગાન કરે છે અને શસ્ત્રનાં પઠન કરે છે, એ રીતે ઋચાઓ સ્તોત્રની સાથે તેમજ શસ્ત્રની સાથે હોય છે. એ રીતે આ સુબ્રહ્મણ્યાને માટે કયું સ્તોત્ર છે અને કયું શસ્ત્ર છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે, આમાં બધું આવી જાય છે. એ પોતે જ ઋચા, સામ અને યજુ છે. એવી એ સુબ્રહ્મણ્યા વાણી સ્તોત્રવાળી અને શસ્ત્રવાળી બને છે.

---

૧. જૈમિનીય બ્રા. ૨,૭૮,૭૯

२०

આ પરથી વળી કેટલાક બ્રહ્મવાદીઓ એમ પ્રશ્ન પૂછે કે, જે આ સુબ્રહ્મણ્યા છે, તે ઋચા છે કે પછી સામ છે કે પછી યજુ છે ? તેના ઉત્તરમાં જણાવવું કે, આ ઋચા નથી, યજુ નથી અને સામ પણ નથી. એમાં તો બધું આવી જાય છે. જેમ બ્રહ્મ સર્વના રૂપે હોય છે, એમજ આ સર્વ રૂપેજ છે.'

આ સુબ્રહ્મણ્યા ગાન ગાવા માટેજ એક ઋત્વિજની પસંદગી થઈ છે; એ સામવેદનો ઋત્વિજ છે. તેનો મુખ્ય ઋત્વિજ તો ઉદ્‌ગાતા છે, જેને સામગાનમાં મુખ્યત્વે ઉદ્‌ગીથ ગાન ગાવાનું છે, તેના સહાયક પ્રસ્તોતા અને પ્રતિહર્તા એ ઋત્વિજો છે. પ્રસ્તોતાએ પ્રસ્તાવ ગાન અને પ્રતિહર્તાએ પ્રતિહાર ગાન ગાવાનાં છે.

હવે પરોઢ થવા આવ્યું હતું. હોતા વિશ્વામિત્રે પ્રાતરનુવાક શસ્ત્ર ગાવાનું હતું. તેની પ્રૈષ–આજ્ઞા તો અધ્વર્યુએ આપવાની હતી. તે આજ્ઞા આપે, તે પહેલાં ઉદ્‌ગાતા અચાસ્યે આવીને અધ્વર્યુને નિવેદન કર્યું. પ્રાતરનુવાક ભણાય, તે પહેલાં મારે વિશ્વરૂપા ગાન ગાવાનું છે. આ ક્રમની વિચારણા અનેક બ્રહ્મવાદીઓએ કરી છે, તેમાંના એક બ્રહ્મવાદીની વિચાર સરણિ આ રીતે રજૂ થાય છે :

૧ 'હે અધ્વર્યુ ! એમ સંબોધન કરી, ઉદ્‌ગાતાએ જણાવ્યું. મને ગાન માટેનું નિમંત્રણ આપતા પહેલાં, હોતાને પ્રાતરનુવાક શસ્ત્રનાં શંસન કરવાનું જણાવશો નહિ. તે પ્રમાણે અધ્વર્યુએ ઉદ્‌ગાતાને પહેલાં બોલાવ્યો. તેણે પૂર્વના દરવાજેથી હવિર્ધાન મંડપમાં પ્રવેશ કર્યો, જ્યાં હવિ એટલે સોમવેલને લાવનારાં હવિર્ધાન નામનાં બે ગાડાં રાખવામાં આવે છે. આમાંના જમણા હવિર્ધાનના ઉત્તરના પૈંડાને અડકીને તેમજ ઉત્તરાભિમુખ બેસીને ઉદ્‌ગાતા વિશ્વરૂપા ગાન ગાય છે.'

આમાં નિયમ એવો છે કે, પૂર્વ દિશાએ દરવાજો હોય છે, તેમાં પેસતાં જમણી બાજુએ યૂપ અને સામે મહાવેદિ હોય છે. મહાવેદિની આગળ હવિર્ધાન મંડપ હોય છે, જેની જમણી બાજુએ દક્ષિણ હવિર્ધાન અને બાજુમાં માર્જાલીય અગ્નિ તેમજ ડાબી બાજુએ ઉત્તર હવિર્ધાન અને બાજુમાં આગ્નીધ્ર અગ્નિ હોય છે. શસ્ત્ર અને સ્તોત્રનો મહિમા ગાતાં આ બ્રહ્મવાદી જણાવે છે :

'જે સ્તોત્રનું ગાન છે, તે તો ક્ષત્રના બળરૂપે છે અને જે શસ્ત્રનાં પઠન છે, તે તો વૈશ્યરૂપે છે. અર્થાત્ સ્તોત્ર યજ્ઞનું રક્ષણ કરે છે અને શસ્ત્ર પોષણ કરે છે. આમ વિશ્વરૂપાના ગાનથી ઋત્વિજ યજમાનને ક્ષત્રના બળના આધારે વૈશ્યના વીર્ય–સામર્થ્યના માર્ગે દોરી જાય છે. અર્થાત્ રક્ષણની સાથે સાથે પોષણની સંગતિ કરે છે. આ રીતે પરસ્પર સંગત થઇને સ્તોત્ર અને શસ્ત્રનો આરંભ થાય, તો તેમનામાં ભંગ પડે નહિ અને તેમની સંગતિ સદા એકધારી ચાલુ રહે.'

૧. ષડવિંશ બ્રા. ૧,૪

૨૭૩

વિશ્વરૂપાના ગાન માટે આ બ્રહ્મવાદીએ નીચેની ગાથા રજૂ કરી છે :

'મિત્રયુ ઋષિના પુત્ર મૈત્રેય ગ્લાવ નામે હતા. તેમણે આ પ્રમાણે જણાવ્યું હતું: જે આ પ્રાહણુ–પરોઢ કાલે મારે આ બાબતનો નિર્ણય કરવો છે કે આમાં સારું શું કે નરસું શું, અર્થાત્ પાપ–અહિત શું અને વસીયસ્–વસાવવા જેવું હિત શું, એ બાબતનો વિવેક વિચાર મારે કરી લેવો જોઈએ. આમ પોતાની જાતે વિવેક વિચાર કરીને તેણે સારાસારનો–પાપ વસીયસ નો નિર્ણય કરી લીધો. તેણે ઉપવસથ – પહેલાંની તૈયારીના દિવસ પછીના કાલમાં એટલે કે ઉપવસથની રાતે યજમાનની સાથે ઋત્વિજોએ વ્રત, તપ, જાગરણ કરવાનાં હોય છે. એની મધરાત પછી વહેલી પરોઢના સદોમંડપની બાજુમાં આવેલ હવિર્ધાન મંડપમાં ઉત્તરાભિમુખ બેસીને, તે ઋત્વિજ વિશ્વરૂપાનાં ગાન ગાય છે.'

આ વિષે બીજા પણ સંવાદને બ્રહ્મવાદી રજૂ કરે છે :

'પ્રશ્ન કરનાર બ્રહ્મવાદીઓએ પૂછ્યું: હે અધ્વર્યુ, ઉદ્ગાતાએ સ્તોત્ર ગાનથી સ્તવન કર્યું, ત્યારબાદ હોતાએ પ્રાતરનુવાક શસ્ત્રથી શાનાં શંસન કર્યાં ? તેના ઉત્તરમાં અધ્વર્યુએ જણાવ્યું કે, 'મારે જે કર્મ કરવાનું હતું; તે મેં કર્યું. આ વિષે તમે હોતાને પૂછો. તે પછી તેમણે પૂછ્યું: હે હોતા ! તમે કયા સ્તોત્રનાં સ્તવન કર્યા પછી પ્રાતરનુવાક શસ્ત્રનાં શંસન કર્યાં ? તેણે ઉત્તરમાં જણાવ્યું કે: મારે જે કર્મ કરવાનું હતું, તે મેં કર્યું. આ વિષે તમે ઉદ્ગાતાને પૂછો. તે પછી તેમણે પૂછ્યું: હે ઉદ્ગાતા ! તમે સ્તોત્રનાં સ્તવન કર્યાં, તે પછી હોતાએ પ્રાતર-નુવાક શસ્ત્રથી શાનાં શંસન કર્યાં ? તેના ઉત્તરમાં ઉદ્ગાતાએ જણાવ્યું: મારે જે કર્મ કરવાનું હતું; તે મેં કર્યું. મારે જેનાં ગાન ગાવાનાં હતાં; તે ગાન મેં તો ગાયાં.

આ પ્રસંગે પ્રશ્ન પૂછનારા બ્રહ્મવાદીઓએ જણાવવું જોઈએ કે : 'હે ઉદ્ગાતા ! તમે તો અંધકારનાં ગાન ગાયાં છે; જ્યોતિનાં ગાન ગાયાં નથી.

એક પ્રાચીન સંવાદનો આ નમૂનો છે. યજ્ઞમાં બધાના સાથ સહકાર લેવાય છે અને વિધિ પ્રક્રિયાનો ક્રમ પણ ગોઠવાએલ હોય છે. તે વિષે વિચારણા કરવાથી તેનાં રહસ્ય ખુલે છે અને તેનાં તાત્પર્ય સમજાય છે. એ બ્રહ્મવાદીઓએ જે સંવાદો રચ્યા અને જે રહસ્ય પ્રગટ કર્યાં; તેની નોંધ બ્રાહ્મણ ગ્રંથોમાં લેવાઈ છે. ઉપરના સંવાદને રજૂ કરતાં બ્રહ્મવાદીએ ઉદ્ગાતા દ્વારા આ રહસ્ય સમજાવ્યું છે:

હવે તે ઉદ્ગાતાએ જણાવ્યું :

'જેનાથી જ્યોતિ અંધકાર દૂર કરનાર પ્રકાશની જરૂર હતી; તે સૂર્યરૂપ પ્રસિદ્ધ જ્યોતિ મેં મેળવેલ છે. જેથી જ્યોતિની જરૂર હતી; તે ઋચા–મંત્રરૂપ જ્યોતિને મેં મેળવેલ છે. જેથી જ્યોતિની જરૂર હતી, તે ગાયત્રીરૂપ જ્યોતિને મેં

મેળવેલ છે. જેથી જ્યોતિની જરૂર હતી, તે છંદરૂપ જ્યોતિને મેં મેળવેલ છે. જેથી જ્યોતિની જરૂર હતી, તે સામ ગાન રૂપ જ્યોતિને મેં મેળવેલ છે. જેથી જ્યોતિની જરૂર હતી, તે દેવરૂપ જ્યોતિને મેં મેળવેલ છે. એ રીતે મેં વિશ્વરૂપાનાં ગાન ગાઈ લીધા પછી, જ્યોતિર્ગાન પણ મેળવી લીધાં છે.

'આમ તમારા કહ્યા પ્રમાણે મેં અંધકારનાં ગાન ગાયાં નથી; પરંતુ જ્યોતિર્ગાન ગાયાં છે. આ વિષેના રહસ્યને તમે તો જાણતા નથી અને કેવળ આક્ષેપ કરો છો; તેથી તમને તો અજ્ઞાનરૂપ પાપ અને તમ અંધકારથી વીંધી લેવા જોઈએ. આમ તે બ્રહ્મવાદીજનો ખરેખર અજ્ઞાન રૂપ પાપ અને અંધકારથી વીંધાએલ હતા.

અહીં વિશ્વરૂપા ગાનની સાથે સાથે જ્યોતિર્ગાન ગાવાનો ક્રમ પણ બતાવવામાં આવ્યો છે. વહેલી પરોઢના અંધકાર તો હોય જ; એ રીતે જીવનમાં પણ અજ્ઞાન અને પાપ હોય; તેને કારણે સાચી વાત સૂઝે નહિ. એ માટે વિવેક જ્ઞાન જોઈએ, જે પ્રકાશનાં કામ કરે છે.

વિશ્વરૂપા ગાનથી જૈમિનીય સંહિતાના ઉતરાર્ચિક ભાગની શરુઆત કરવામાં આવી છે, પણ કૌથુમીય સંહિતામાં તેનો નિર્દેશ ઓગણીશમા અધ્યાય (મં. ૧૮૨૯—૩૦)માં કરેલ છે. મૂળમાં બે ઋચાઓ ગાયત્રી છંદમાં છે, પરંતુ તેમાં પહેલી ઋચાના ત્રીજા ચરણને ફરીથી બીજી ઋચાના પહેલા ચરણરૂપે લીધેલ છે; તેની ગણના કરવામાં ન આવે, તો પાંચ ચરણની એક જ ઋચા પંક્તિ છંદમાં ગણાય.

[1] આ પાંચ પાદની ઋચાને મધ્યમ સ્વરે ગાયત્ર ગાનમાં અનિરુકત રીતે ગાવી; એમ ધાનંજય આચાર્યનો મત છે. ત્રણ ત્રણ પાદમાં ગાયત્રી છંદ રચીને ગાયત્ર ગાન ગાવું, એમ ગૌતમનો મત છે. તે પ્રમાણે પહેલાં ત્રણ ચરણની ઋચા, પછી પહેલા ચરણને છોડી, બીજી અને ત્રીજી ઋચાની સાથે બીજી ઋચાના પહેલા ચરણને જોડીને તેમ જ ત્રીજી વાર પહેલી ઋચાના ત્રીજા ચરણની સાથે બીજી ઋચાનાં બે ચરણ જોડીને ગાવાનો ક્રમ છે. ત્રીજો મત પ્રગાથકારનો છે. એ રીતે પહેલી વાર પહેલી ઋચા, બીજી વાર પહેલી ઋચાના ત્રીજા ચરણનાં બે આવર્તન કરી, બીજી ઋચાના પ્રથમ ચરણને જોડવું તેમજ ત્રીજી વાર બીજી ઋચાના બીજા ચરણનાં બે આવર્તન કરી, ત્રીજા ચરણને જોડવું. પહેલાંની ઋચાના ત્રીજા ચરણનાં બે આવર્તન કરી, બીજી ઋચાને જોડવી; તેનું નામ પ્રગાથ છે. આમ વિશ્વરૂપા ગાનને ગાવાના ત્રણ પ્રકાર બતાવ્યા છે, તેમજ તેની સાથે જ્યોતિર્ગાન ગાવાનું પણ સૂચન છે.

---

૧. લાટયાયન શ્રૌતસૂત્ર ૧, ૮, ૧૦–૧૪

22

વિશ્વરૂપા ગાનનાં એક એક ચરણનાં રહસ્ય આ બ્રહ્મવાદી રજૂ કરે છે :

[1] युञ्जे वाचं शतपदीम् હું વાણીને સો સો ચરણોની ઋચાની સાથે જોડું છું. આ પહેલું ચરણ. અહીં વાણીથી ઋચાનો નિર્દેશ થાય છે. ઋગ્વેદમાં સો સો ઋચાઓ शतर्चिनः ગાનારા ઋષિઓ હોય છે. આથી ઋગ્વેદની ઋચાઓ સામાન્ય રીતે શતપદી ગણાય છે. આ શતપદીનાં પઠનથી યજમાન शतसनि સો સો કામનાઓ મેળવે છે. માટે હોતા આ ઋચાઓનાં શંસન કરીને પોતાની જાતને અને યજમાનને શતસનિ–સો સો કામનાઓની સિદ્ધિ મેળવનાર બનાવે છે.

गाये सहस्रवर्तनि હું એ વાણીનાં સામગાનની સાથે ગાન કરું છું, જે ગાનમાં હજાર પધ્ધતિઓ છે; જેમાં ઋચા ઉપરાંત ઓહાવા, હાઉ, જેવા સ્તોભના શબ્દ ગાનના સ્વરોને અનુકૂળ રીતે ઉમેરવામાં આવે છે. આ બીજું ચરણ છે. આમાં સામની મૂલ યોનિ ઋચા અને તેમાં ગાનને માટે ઉમેરાતાં પદ, વાક્ય વગેરેને કારણે અનેક ગાનો રચાય છે, તેનો નિર્દેશ છે. આ સહસ્રવર્તનિ સામનાં ગાન કરીને, ઉદ્ગાતા પોતાની જાતને અને યજમાનને હજાર હજાર કામનાઓની સિધ્ધિ મેળવનાર બનાવે છે.

[2] गायत्रं त्रैष्टुभं जगत् હું ગાયત્રી, ત્રિષ્ટુપ અને જગતી ત્રણ છંદોની સાથે વાણીનો સંબંધ જોડું છું. આ ત્રીજું ચરણ છે. સોમયાગમાં મુખ્ય દિવસ–સુત્યા સોમરસનાં પાન કરવા માટે ઇન્દ્રાદિ દેવોનાં આહ્વાન થાય છે. તે સુત્યા દિવસે સવારે જે સોમરસ તૈયાર થાય; તેની પ્રક્રિયાને પ્રાતઃસવન, બપોરની પ્રક્રિયાને માધ્યંદિન સવન અને સાંજની પ્રક્રિયાને તૃતીય સવન કે સાયંસવન કહે છે. સવારે જે સ્તોત્ર ગવાય છે, તે બધાંનો એક જ ગાયત્રી છંદ છે, માધ્યંદિન સવનનાં સ્તોત્રોનો મુખ્ય છંદ ત્રિષ્ટુપ છે, તેની સાથે બીજા બે છંદ ગાયત્રી અને બૃહતી જોડાય છે. સાયંસવનનાં સ્તોત્રોનો મુખ્ય છંદ જગતી છે, તેની સાથે ગાયત્રી, કકુપ ઉષ્ણિક અને અનુષ્ટુપ ચાર છંદ જોડાય છે. આમ ત્રણ છંદો દ્વારા ઉદ્ગાતા વિશ્વનાં ત્રણ સ્થાનો અને તેનાં સ્વરૂપો પ્રમાણે યજમાનને શક્તિ સંપન્ન અને સમૃધ્ધ બનાવે છે.

विश्वा रूपाणि संभृता હું આ ત્રણ સવનોની સાથે બધા પ્રકારનાં ધન સાધન અને ગાનને અનુરૂપ બધા પ્રકારનાં સ્વર નિધનનાં વાણીમાં સંપાદન કરું છું. આ ચોથું ચરણ છે. ઉદ્ગાતા, પ્રસ્તોતા અને પ્રતિહર્તા ત્રણેય સાથે મળીને સામગાનની સમાપ્તિમાં નિધન સ્વર ગાય છે. આથી પ્રસ્તાવ, ઉદ્ગીથ, પ્રતિહાર અને ઉપદ્રવની સાથે નિધન સ્વર મળતાં સામગાનનાં બધાં જ સ્વરૂપોનાં સંપાદન થઇ

---

૧. ષડ્વિંશ બ્રા. ૧, ૪ ૨. શતપથ બ્રા ૪, ૨, ૫, ૨૦

જાય છે. તેથી ઉદ્દગાતા પોતાને માટે અને યજમાનને માટે વિશ્વભરનાં વિત્ત—ધન સાધન મેળવી લે છે.

देवा ओकांसि चक्रिरे આ વાણી દ્વારા ઈન્દ્ર વગેરે દેવો ત્રણ સવનોમાં અને ત્રણ છંદોમાં પોતાનાં નિવાસ સ્થાન રચે છે. આ પાંચમું ચરણ છે. સામાન્ય રીતે ઈન્દ્ર વગેરે દેવો ગાયત્રી વગેરે છંદોમાં નિવાસ કરે છે. તે છંદોની સાથે સોમયાગનાં ત્રણ સવનોનો સંબંધ છે, તેથી તે સવનોમાં પણ દેવો નિવાસ કરે છે, એ ભાવ આ ચરણમાં જોવાને મળે છે. હવે જે બ્રહ્મજ્ઞાની વિશ્વરૂપા ગાનના આ રહસ્યને જાણે છે; તેમાં સોમયાગ વગેરે યજ્ઞ નિવાસ કરે છેઃ અર્થાત્ તે બ્રહ્મજ્ઞાનીની પ્રતિષ્ઠા સર્વે યજ્ઞોમાં થાય છે.

આ વિશ્વરૂપા ગાનનું રહસ્ય બ્રહ્મવાદીએ બતાવ્યું છે. આ ગાનમાં ચારેય વેદોનો નિર્દેશ આવી જાય છે. પહેલા ચરણના શતપદી પદથી ઋગ્વેદ, બીજા ચરણના સહસ્રવર્તનિ અને ચોથા ચરણ વિશ્વ રુપાણિથી ગાન સાથેનો સામવેદ, ત્રીજા ચરણથી ત્રણ સવનોની પ્રક્રિયાને અનુસરતો યજુર્વેદ અને પાંચમા ચરણથી અથર્વવેદનો નિર્દેશ થાય છે, કારણ કે અથર્વ એ બ્રહ્મનું પદ છે, જેમાં દેવો નિવાસ કરે છે. તે ઉપરાંત અથર્વવેદના ઋત્વિજ બ્રહ્માનું પદ સર્વોત્તમ છે.

આ વિશ્વરૂપા ગાનની સાથે જ્યોતિર્ગાન જોડવામાં આવ્યું છે. આ એક સુંદર સુમેળ છે. ચાર વેદ તો શબ્દ બ્રહ્મ છે અને પરમ જ્યોતિ એ તો પરબ્રહ્મ છે. શબ્દ બ્રહ્મ જાણ્યા પછી પરબ્રહ્મને જાણનાર આત્મજ્ઞાનીનો મહિમા બધા જ ગાય છે.

રાત્રિના અંધકારમાં તો સર્વ પ્રાણીઓ સૂતાં છે; એ એક નાનો પ્રલય છે. તેવો એક મહાપ્રલય હોય છે; જ્યાં કશું જ નથી. ત્યાં સત્ પણ નથી અને અસત્ પણ નથી. ત્યાં દિવસ નથી અને રાત પણ નથી. બધું જ અવ્યક્ત છે. ત્યાં કશોક ખળભળાટ થાય અને તેમાંથી સૃષ્ટિનાં સર્જન થાય.

માનવને હૈયે સમાજ અને રાષ્ટ્રની સેવા કરવાની ભાવના જાગે, એ યજ્ઞનો માર્ગ છે. ખાવા, પીવા ને ખેલવામાં તો બધાં પ્રાણીઓ મદમસ્ત છે, અંધ છે. એ અજ્ઞાનની દશા મહાનિદ્રા જેવી છે; તેમાં કોઈ જાગતું નથી.

હાં, એક શુનઃશેપ જેવો તેજસ્વી યુવાન જાગે છે. વરુણના પાશથી જકડાવા છતાં, તે મુક્ત છે, મૃત્યુનો તેને ભય નથી. તેણે સ્વેચ્છાએ બલિદાનનો માર્ગ સ્વીકારી લીધો છે. તેને વિશ્વામિત્ર જેવા ગુરુ મળી ગયા છે. તે મધરાત પછીના પરોઢનો સમય છે. જ્યારે યજ્ઞની પ્રક્રિયા તો ચાલૂ જ છે, તેનું તે નિરીક્ષણ કરી રહ્યો છે. તે વિશ્વરૂપાનાં ગાન સાંભળી રહ્યો છે, સાથે જ્યોતિર્ગાનને પણ તે સાંભળે છે અને તેના રહસ્યને ઉકેલી રહ્યો છે :

આ જ્યોતિર્ગાન શું છે? તેની સામે એક દૃશ્ય ખડું થાય છે. રાત વીતી રહી છે અને પરોઢ થાય છે. એ ઋષિ જાગે છે. કમંડળ અને મૃગચર્મ હાથમાં લે છે અને પર્ણકુટીની બહાર ચરણ મુકે છે. ચારે બાજુ અંધકાર છે. તેને કોઇ દિશા સૂઝતી નથી. ત્યાં પૂર્વ દિશા તરફ દૂર અગ્નિની જ્યોતિનાં દર્શન થાય છે. તેની દૃષ્ટિ ખુલે છે, તેને દિશા સૂઝે છે. તેની આંખ તેને દોરે છે, તે તેનાં નયન પ્રમાણે તેનાં ચરણ આગળ વધે છે. તેને મંત્રની સ્ફૂરણા થાય છેઃ

अग्नि र्ज्योतिः સાચે જ, અત્યારે તો મારા માર્ગ પર પ્રકાશ પાથરનાર જ્યોતિ તો દૂરથી દેખાતી અગ્નિની જ્યોતિ છે. ત્યાં તેને અંતરનો અવાજ સંભળાય છે અને મંત્રમાં ઉમેરો થાય છેઃ

ज्योतिः अग्निः મારા અંતરમાં રહેલ જે જ્યોતિ છે; તે જ મારો અગ્નિ છે, અગ્રણી છે, અગ્રેસર છે. તે અંતરનાં ચક્ષુ ન ખુલે, તો બહારનાં ચક્ષુ શા કામનાં? આ તો અંદરની સૂઝ છે તેની દોરવણી પ્રમાણે ચાલે, તેને સફળતા મળે છે.

તે ઋષિ આગળ વધે છે. પૂર્વ દિશા તરફ તેનાં ચરણ જતાં હતાં, ત્યાં દક્ષિણ દિશા તરફથી શીતળ પવન આવવા લાગ્યો અને તેના મીઠા સ્પર્શથી તે આનંદ પામ્યો. શરીરનાં અંગ પુલકિત થયાં, ઈંદ્રિયો હરખાઈ ઉઠી. તેને બીજા મંત્રની સ્ફૂરણા થઈ :

इन्द्रो ज्योतिः મારા શરીરનો સ્પર્શ કરતો વાયુ તો દેવરાજ ઈન્દ્ર છે, તે દક્ષિણ દિશાથી શીતળ બનીને આવે છે, કારણ કે તે બાજુ તમસા નદીનો કીનારો છે. મારે તે તરફ જ જવું છે. ત્યાં તેના અંતરનો અવાજ જાગે છે અને મંત્રમાં ઉમેરો થાય છે :

ज्योतिः इन्द्रः મારા અંતરમાં સૂઝ આપનાર જ્યોતિ છે, તે જ મારો ઈન્દ્ર છે, જે મારા પ્રમાદને, મારી તંદ્રાને દૂર કરે છે. તે તો મારી આળસ પણ ખંખેરી નાખે છે. અંદરની આળસ દૂર થાય, પછી બહારના માર્ગ પર ચરણ તો આગળ જ વધે ને?

એ ઋષિ નયનને આધારે અને મધુર સ્પર્શને સહારે આગળ ચરણ માંડે છે અને ત્યાં નદીને કીનારે પહોંચી જાય છે. કીનારા પર તે કમંડળ અને મૃગચર્મ મૂકે છે અને સરિતાના નિર્મળ પ્રવાહ પર તેની નજર પથરાય છે. ત્યાં તો પૂર્વ દિશામાં લાલાશ દેખાય છે. નદીના હૃદયમાં તેનું પ્રતિબિંબ પડે છે અને ઋષિને મંત્રની સ્ફુરણા થાય છે :

सूर्यो ज्योतिः આ લાલાશથી પ્રકાશતા સૂર્યનાં દર્શન તો જ્યોતિ એક પ્રકાશના પુંજ જેવાં છે. ત્યાં ઋષિ આંખ મીંચી દે છે. તેના આંતર મન પર એક મહાન જ્યોતિનાં દર્શન થાય છે અને મંત્રમાં ઉમેરો થાય છેઃ

ज्योतिः सूर्यः આંતર મન પર પ્રકાશતા એ પરમ આત્મા એજ મારાં જ્યોતિ છે અને એજ મારો પ્રેરક સૂર્ય છે.

એ ઋષિને જે મંત્રનાં દર્શન થયાં; તેનો આ વિશ્વરૂપાના ગાન સાથે સુયોગ સધાયો છે. શુનઃશેપ તે બંને ગાનોનાં શ્રવણ કરી રહ્યો હતો, સાથે સાથે તેનાં રહસ્ય પણ ઉકેલી રહ્યો હતો.

ત્યાં તો અધ્વર્યુએ હોતાને પ્રૈષ – આજ્ઞા આપી. તેમણે હવે પ્રાતરનુવાક શસ્ત્રનાં શંસન કરવાનાં હતાં. તેની પ્રક્રિયા આ રીતે છેઃ તેની શરુઆત મધરાત પછી પરોઢ કાલે શરુ થાય અને સવાર થતાં સુધી તે શસ્ત્રનાં શંસન ચાલૂ રહે. રાતના એ નીરવમાં પક્ષીઓના કલરવ પણ સંભળાતા ન હોય. હોતા હવિર્ધાન મંડપમાં બે શકટની વચ્ચે બેસીને શસ્ત્રનાં શંસન શરુ કરે છે.

જે દેવો માટે પ્રાતરનુવાકનાં શંસન થાય છે; તે અગ્નિ, ઉષા અને બે અશ્વિનીકુમારો છે. સવારે તેમને બોલાવવામાં આવે છે અને તેઓ યજ્ઞમાં આવી પહોંચે છે, માટે તેમનાં નામ પ્રાતર્યાવા દેવો છે. આ શસ્ત્રના શંસનમાં સાત છંદોનાં સૂક્તો લેવાય છે; તે પ્રમાણે ત્રણ દેવોનાં એકવીસ સૂક્ત ઓછામાં ઓછાં લેવાય છે. સવાર સુધી આ શંસન ચાલૂ રહે, તેથી સમય પ્રમાણે સો સૂક્તો કે તેથી પણ વધારે લઈ શકાય. આને કારણે તો પ્રાતરનુવાક શસ્ત્ર આકૃતિ ગણ છે.

આ શસ્ત્રનાં શંસનની શરુઆત મંદ્રસ્વરથી થાય છે અને તેમાં અવરોહ ક્રમે મંદ્ર સપ્તક ગવાય છે. ગાતાં ગાતાં હોતા પોતાના સ્થાનેથી ખસીને બહિર્દ્વાર પાસે આવે છે અને તે જ્યારે છેલ્લા સૂક્તનાં શંસન કરે, ત્યારે તેણે આરોહ ક્રમે મધ્યમ સપ્તકથી ગાવાનું છે.

આ હોતાને ઝૂલા પર બેસવાનું હોય છે. ઝૂલાનાં આંદોલનની જેમ જ સ્વરનાં આંદોલન ઝીલવાનું તાત્પર્ય છે. એક વાણ–મહાવીણા પર સાત છંદોનાં સ્થાનો સ્વર પ્રમાણે બદલાય છે. ચાર ચારના ક્રમથી આ સ્વરોનાં સ્થાનો લેવાનાં હોય છે. છેલ્લા સૂક્તનાં શંસન એ રીતે મધ્યમ સપ્તક પર ગવાય છે.

સાત છંદોનાં રહસ્ય ખોલતાં, બ્રહ્મવાદી આ રીતે જણાવે છેઃ

[૧] ' અગ્નિ પર સમિધા મુકીને અધ્વર્યુ જણાવે છે : પ્રાતર્યાવા નામના દેવો માટે શસ્ત્રનાં સૂક્ત ભણો. અહીં જે પ્રાતર્યાવા નામના દેવો છે; તે તો બધા છંદ છે. અહીં છંદ તો અનુયાજ નામના દેવો છે. અનુયાજને માટે આજ્ઞા આપે છે :

'પ્રાતર્યાવા દેવો માટે અનુયાજ ભણો'.

---

૧. શતપથ બ્રા. ૩,૯,૩,૮–૧૧

અહીં પ્રાતર્યાવા દેવો તો છંદોનાં રૂપ છે. અધ્વર્યુ અગ્નિ પર સમિધા મુકે છે, તેથી તો છંદોને સમિદ્ધ– પ્રદીપ્ત કરે છે. છંદોનો ઉપયોગ વારંવાર થવાથી તે યાતયામ–વાસી બની જાય છે. સમિધા મુકવાથી તે છંદોને અયાતયામ–તાજા કરે છે. તે પછી જ્યારે હોતા પ્રાતરનુવાકનાં શંસન કરે છે, ત્યારે છંદોને સમૃદ્ધ કરે છે; કારણકે દેવોએ છંદોના આધારે સ્વર્ગલોક મેળવી લીધો હતો. આથી અહીં શસ્ત્રનાં શંસન કરવામાં આવતાં નથી તેમજ સ્તોત્રનાં ગાન કરવામાં આવતાં નથી. હવે સમિધથી છંદો અયાતયામ થઇ ગયા; એટલે હોતા તેથી યજ્ઞનો વિસ્તાર કરે છે અને તેથી પ્રાતરનુવાકનાં શંસન કરે છે.

જ્યાં સુધી હોતા પ્રાતરનુવાક શસ્ત્રનાં શંસન કરે, ત્યાં સુધી અધ્વર્યુએ જાગતા બેસી રહેવું જોઇએ. તેણે આંખની પલક પણ ભરવાની નથી. આંખ બીડી દે, એ તો આધાર ગયો ગણાય. આમ જ્યાં સુધી હોતાનાં શંસન ચાલૂ રહે, ત્યાં સુધી તે જાગતો રહે. તે જો સૂતો, તો માની લેવું કે, તેના કાર્યથી તે સ્વચ્છંદે સુઇ ગયો. શંસન પૂરાં થાય કે, અધ્વર્યુએ અગ્નિમાં ઘીની એક આહુતિ આપવાની છે.'

અહીં અધ્વર્યુના સહકાર પર ભાર મૂકયો છે. હોતા શસ્ત્ર ભણે, તે દરમિઆન અધ્વર્યુને કશું કરવાનું હોતું નથી; એમ માનીને તે સાવધાની ન રાખે કે નિદ્રાને આધીન થાય; તો તેનાં કાર્ય પણ સુઇ જાય. આ તો જાગતા રહેવાનું કાર્ય છે. અત્યાર સુધી ઘણું સૂતા; હવે તો જાગીને યજ્ઞનાં, સેવાનાં કાર્ય કરવાનાં છે; તેની આજ્ઞાથી તો ઉદ્‌ગાતાએ વિશ્વરૂપાનાં ગાન ગાયાં. હવે તેની આજ્ઞા પ્રમાણે હોતાએ શસ્ત્રનાં શંસન કરવાનાં છે. એ પણ એક પ્રકારનાં ગાન છે. સામનાં ગાનની જેમજ ઋચાનાં ગાનની આ પ્રાચીન પધ્ધતિ આજે તો જાણીતી નથી. એ પ્રકારના યજ્ઞો પણ હવે તો થતા નથી. આ પધ્ધતિમાં એક વાણ–મહાવીણાની સંગત કરવામાં આવે છે, જેને સો સો તાર જોડવામાં આવે છે.

સ્તોત્ર અને શસ્ત્રની સંગતિ જોડવામાં પણ અધ્વર્યુના સહકારની ખાસ અગત્ય છે. શસ્ત્રની આવશ્યકતા પર ભાર મૂકતાં, આ બીજા બ્રહ્મવાદી જણાવે છે:

[૧] 'અહીં અધ્વર્યુ પ્રૈષ–આજ્ઞા આપતાં જણાવે છે: હે હોતા, દેવોને અનુકૂળ એવાં વચન સંભળાવો, જે દેવો પ્રાતર્યાવા–પ્રાતઃકાલે યજ્ઞભૂમિએ આવે એમ હોય છે. અહીં પ્રાતર્યાવા દેવો આ ત્રણ છે: અગ્નિ, ઉષા અને બે અશ્વિનીકુમારો. આ દેવો સાત સાત છંદોથી રચેલાં સૂક્તો સાંભળીને આવે છે.'

સૂક્તથી શંસન કરવાના કાર્યને ક્રતુ કહે છે; તે પ્રમાણે પહેલાં અગ્નિનાં શંસન છે, તે આગ્નેય ક્રતુમાં ક્રમથી ગાયત્રી, અનુષ્ટુપ, ત્રિષ્ટુપ, બૃહતી, ઉષ્ણિક, જગતી

---

ઐતરેય બ્રા. ૭,૫,૧

૨૮૨

અને પંક્તિ છંદમાં રચેલાં સૂકતોનાં શસ્ત્ર ભણાય છે, ત્યારબાદ ઉષાને લગતાં ઉપસ્ય ક્રતુમાં તેમજ અશ્વિની કુમારોને લગતાં ત્રીજા આશ્વિન ક્રતુમાં પહેલાંના ક્રમ પ્રમાણેજ ગાયત્રી વગેરે છંદોથી રચેલાં સૂક્તોનાં શસ્ત્ર ભણાય છે.

આ પ્રાતરનુવાક તો જાગરણનું શસ્ત્ર–શંસન છે તેના ભણનાર ને નિદ્રા તો તજવાની છે. જાગ્યા ત્યાંથી સવાર, એના જેવું છે. જે જાગતો રહે છે, તેની ઋચાઓ પણ જાગે છે.

પ્રાતરનુવાક પણ પરોઢનાં ગાન છે. રોજ રોજ રાત જાય છે અને પરોઢ આવે છે, પણ સામાન્ય જન જાગતો નથી. જેણે યજ્ઞનાં,સેવાનાં કાર્ય કરવાં છે, તે નર જાગે છે. સૃષ્ટિનાં સર્જન પહેલાં પણ ગાઢ અંધકાર હતો ત્યારે પ્રજાપતિએ આ શસ્ત્રનાં શંસન કર્યાં : પરોઢનાં ગાન ભણ્યા; તે સાંભળવાથી દેવો તેમના યજ્ઞમાં આવ્યા અને તે દેવોએ વિજય મેળવી લીધો: તેનાં રહસ્ય બ્રહ્મવાદી આ રીતે રજૂ કરે છે :

૧ 'પહેલાં કો'ક એક સોમયાગ શરુ કરવામાં આવ્યો; તેમાં પ્રજાપતિ પોતે હોતા બન્યા હતા. તેમણે જ્યારે પ્રાતરનુવાક શસ્ત્રનાં શંસન કરવાની શરુઆત કરી; ત્યારે દેવોએ અને અસુરોએ ભાવના કરી કે, આ હોતા યજ્ઞમાં આવવા માટે અમારાં શંસન કરશે; એટલે તે બંને યજ્ઞની પાસે આવીને ઉભા રહ્યા. ત્યાં હોતાએ તો દેવોનેજ આવવાનાં શંસન કર્યાં. આથી દેવોએ વિજય મેળવી લીધો અને અસુરોનો પરાજય થયો. આ રહસ્યને જે બ્રહ્મવાદી જાણે છે, તે પોતે વિજય મેળવે છે અને તેના શત્રુઓ પરાજિત થાય છે.

'પ્રજાપતિએ પ્રાતઃ કાલેજ અનુવાક–ઋચાઓના સંગ્રહનાં શંસન દેવોના હિત માટે કર્યાં. આમ પ્રાતઃ કાલે સૂક્તોનાં વાકયને અનુસરવામાં આવ્યું, તેથી તો પ્રાતરનુવાક નામે તેને પ્રસિધ્ધિ મળી હતી.

પહેલાંના ઉપવસથ–વ્રતચર્યા પછીની મોડી રાતે આ પ્રાતરનુવાકનાં શંસન થાય છે. રાત્રિનાં અંધારાં દૂર થાય; એ પ્રમાણેનો લાંબો કાળ જોઇને આ શસ્ત્રની શરુઆત કરવી જોઇએ. તેનું કારણ આ છે : આ શસ્ત્રનાં શંસનમાં લોકવ્યવહારની અને બ્રહ્મ વેદની દિવ્ય વાણી બંનેનો સમાવેશ થઇ જાય છે; આથી આ વાણી સર્વરીતે શ્રેષ્ઠ ગણાય છે. આમ જોકે આ કાલ મોડી રાત પછીનો પ્રાહ્વ–પરોઢનો કાલ છે; ઉષઃ કાલ કે પ્રાતઃ કાલ નથી; તો પણ તેનાં શંસન મોડી રાતથી શરુ થાય છે અને પ્રાતઃકાલ સુધી ચાલુ રહે છે, તેથી તેને પ્રાતરનુવાક કહે છે.

જેમ સૃષ્ટિના સર્જનકાળે કોઇના વાણી સંભળાતાં નથી; ત્યારે એક પ્રજાપતિની વાણી શરુ થઇ હતી; એ રીતે મોડા રાતે જ્યારે કોઇ પણ બોલતું ન

૧ ઐતરેય બ્રા. ૭,૫,૧

હોય, ત્યારે આ વાણી બોલવાની છે. જેમ રાજાનો હુકમ કે ગુરુની આજ્ઞા પહેલી હોય છે અને પ્રજાજનો તેમજ શિષ્યગણ તેમને અનુસરતા હોય છે, તેમજ પ્રાતરનુવાકની વાણી સૌથી પહેલાં શરુ કરવી જોઇએ. બીજાની વાણી સાંભળ્યા પછી, આ વાણી શરુ થાય; એ તો અનુવચન ગણાય. આનેજ કારણે મોડી રાતે તેની શરુઆત કરવી જોઈએ.

સવારે પક્ષીઓ જાગીને કલરવ શરુ કરે, તે પહેલાં આ વાણી શરુ થાય છે. આ પક્ષીઓ અને શકુનિઓની વાણી તો સારા અને નરસા બનાવોની સૂચક છે. એમાં વિનાશની સૂચના પણ મળતી હોય છે. તે પરથી મનુષ્યો પોતાના વ્યવહાર શરુ કરે છે. એ પક્ષીઓની વાણી સંભળાય, તે પહેલાં મોડીરાતે આ વેદ વાણી શરુ કરવી જોઇએ.

પહેલાં જ્યારે પ્રજાપતિએ હોતા બનીને પ્રાતરનુવાક શસ્ત્રનાં શંસન કરવાની શરુઆત કરી; ત્યારે બધા દેવોના મનમાં થયું કે, 'આ પ્રજાપતિ મારા નામનાં શંસન કરશે.' પ્રજાપતિએ જ્યારે એ બધાનો અભિપ્રાય જાણી લીધો, ત્યારે વિચાર કર્યો કે; જો હું એક દેવના શંસનથી શરુઆત કરીશ, તો બીજા દેવો કોપ કરશે. ત્યારે આ બધાજ દેવોને ઉપક્રમમાં લઇ લેવા હોય; તો શું કરવું જોઇએ ? આમ વિચાર કરીને તેમણે એક એવી ઋચાનાં દર્શન કર્યાં; જેમાં બધાજ દેવો આવી જાય.

[1] आपो रेवती:થી શરુ થતી એ ઋચા છે. આમાં બધા દેવોની સિદ્ધિ થાય છે. आप्नुवन्ति પ્રાપ્ત કરે તે आप: આમાં જલદ્વારા બધા પ્રકારનાં મૂલ કારણોની તન્માત્રાઓ આવી જાય છે. रायो धनानि यासां सन्ति જેમની પાસે બધા પ્રકારનાં ધન સાધન છે, આથી બધા દેવો આવી ગયા, જે યજ્ઞભૂમિ માટે બધાં ધન સાધન લાવે છે. આ બંને પદોથી બધા દેવોનો નિર્દેશ આવી જાય છે. પ્રજાપતિએ આ ઋચાથી પ્રાતરનુવાકની શરુઆત કરી છે, તેથી બધા દેવોના મનમાં થાય છે કે, પ્રજાપતિએ અમારાં શંસન કર્યાં છે અને તેથી બધાજ દેવો આનંદ પામે છે.

આથી आपो रेवती: ઋચાથી પ્રાતરનુવાકની શરુઆત થાય છે. તેથી બધાજ દેવો આનંદ પામે છે.

'પહેલાં કો'ક સોમયાગમાં પ્રજાપતિનાં વચનથી બધા દેવો આવ્યા, તો ખરા; પરંતુ તેમને ભય લાગ્યો કે, ક્યાંક ઓજસ્વી બલવાન અસુરો આવીને આપણા યજ્ઞમાં ભંગ પડાવશે. તેમને આશ્વાસન આપતાં, દેવરાજ ઈન્દ્રે જણાવ્યું : તમારે ગભરાવવાની જરૂર નથી. મારી પાસે આ વજ્ર છે, જે ત્રણ રીતે સમૃદ્ધ છે. આ ત્રિપાંખીયું त्रिषमृध्द ગણાય છે. ઈન્દ્રનું જે વજ્ર છે. તેજ આ आपो रेवती ઋચા છે. તેમાં ત્રણ પ્રકારના વજ્રનું નિરૂપણ છે. આ સૂક્તના દેવ अपोनप्ता નામનો

---

૧. ઋગ્વેદ ૧૦,૩૦,૧૨

અગ્નિ છે, જે સ્વભાવે અત્યંત ક્રૂર ગણાય છે. તેથી આ ઋચા વજ્ર ગણાય. આ ઋચાઓનો છંદ ત્રિષ્ટુપ છે, તેના દેવ ઈન્દ્ર છે, તેથી તે છંદ સમર્થ છે, એ પ્રકારે પણ તે વજ્ર ગણાય. આ ઋચા વાણી છે અને વાણી જો વિપરીત થાય તો વજ્ર બની જાય; એ ત્રીજા પ્રકારે પણ આ ઋચા વજ્ર ગણાય. જ્યારે અસુરોએ યજ્ઞ પર આક્રમણ કર્યું ત્યારે ઈન્દ્રે તે વજ્રથી અસુરોને દૂર કર્યા અને તેથી દેવો વિજયી બન્યા.

આ પ્રાતરનુવાક શસ્ત્રના આગ્નેય ક્રતુમાં સાત છંદોનો સમાવેશ થવો જોઈએ, કારણકે સાત પ્રકારના લોકો દેવોના ગણાય છે. તે પછી ઉષા દેવતાના સૂક્તોમાં સાત છંદ હોય; જેથી સાત પ્રકારનાં પશુઓની સમૃધ્ધિ પ્રાપ્ત થાય છે, ત્યારબાદ આશ્વિન ક્રતુમાં પણ સાત છંદ હોવા જોઇએ. તેનું કારણ આ છે :

જ્યારે હોતા શસ્ત્રનાં શંસન કરે છે, ત્યારે તે વાણી સાત સપ્તક સ્વરોથી ઉચ્ચારાય છે : ક્રુષ્ટ, પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, મંદ્ર અને અતિસ્વાર્ય. ગાંધર્વ-ગાનમાં જે સાત સ્વર પ્રસિદ્ધ છે, તેજ રીતે સામગાનમાં પણ આ સપ્તક પ્રસિદ્ધ છે. આમ વેદની વાણી તો બ્રહ્મ–મંત્રરૂપ ગણાય છે અને તેમાં બધાનો સમાવેશ થઈ જાય છે, એજ રીતે પ્રાતરનુવાકના આગ્નેય, ઔષસ્ય અને આશ્વિન ક્રતુઓમાં સાત સાત સપ્તકની વાણીનો સારી રીતે સમાવેશ થાય છે.

આ પ્રાતરનુવાકનાં શંસન છંદના ક્રમને અનુસરીને કરવાનાં છે; કારણકે તેનાં સર્જન પ્રજાપતિથી થએલાં છે, માટે તે છંદો પ્રજાપતિનાં અંગ છે.

દેવોના ત્રણ પ્રકારો છે : અગ્નિમાં અપાતી આહુતિઓના ભાગ મેળવનાર, સામગાનનાં આવર્તનથી ઉત્પન્ન થતા સ્તોત્ર અને શસ્ત્ર ને અનુસરનારા તેમજ ઋચાઓનાં શંસનમાં છંદોના ભાગને પ્રાપ્ત કરનારા. હવે અગ્નિમાં આહુતિઓ અપાય છે; તેથી આહુતિભાગ દેવો રાજી થાય છે. ત્યારબાદ જે સ્તોત્ર ગાનથી સ્તુતિ કરવામાં આવે છે અને છંદો દ્વારા શંસન કરવામાં આવે છે, તેથી સ્તોત્ર-ભાગ દેવો રાજી થાય છે.

યજ્ઞમાં મુખ્ય સ્થાને તો બ્રહ્મા છે, તે યજ્ઞના સાક્ષી છે અને તેમણે મનના પ્રભાવથી કાર્ય કરવાનાં છે; તે એક મનનો માર્ગ છે. વાણીના માર્ગના ત્રણ પ્રકારો છે : યજુઓ ભણી અધ્વર્યુ આહુતિઓનાં પ્રદાન કરે છે, સામગાન ગાઈને ઉદ્‌ગાતા સ્તોત્ર–સ્તોમ દ્વારા દેવોને પ્રસન્ન કરે છે અને છંદોબધ્ધ ઋચાઓનાં શંસન કરી, હોતા શસ્ત્ર–શંસનથી દેવોને યજ્ઞનાં આહ્વાન આપે છે.

શુનઃશેપ એ યજ્ઞની પ્રક્રિયાઓને નીરખી રહ્યો હતો. અધ્વર્યુએ વસતીવરીનાં જલ ભર્યાં, ઉદ્‌ગાતાએ વિશ્વરૂપાનાં ગાન ગાયાં અને હોતાએ પ્રાતરનુવાક શસ્ત્રનાં

શંસન કર્યાં. શુનઃશેપ એક બાળક હતો પણ તેના હૈયે દિવ્ય જ્યોતિ પ્રકાશતી હતી; તેથી તેણે આત્માનાં દર્શન કરી લીધાં હતાં.

આ સોમયાગમાં વિશ્વામિત્ર હોતા હતા; તેમણે શુનઃશેપને જે માર્ગ બતાવ્યો; એ દિવ્ય મંત્રનો પ્રભાવ હતો. અસુરો કેટલાંક ક્રૂર–કઠોર કર્મ કરે છે; પશુહિંસા કરે છે અને માણસોનાં ભક્ષણ પણ કરી જાય છે. તેમણે યોજેલા કેટલાક વિધિઓ તો યજ્ઞ જેવા ગણાય છે; પણ તે યજ્ઞ નથી. તેમના યજ્ઞોમાં ક્યાંક પશુની જેમ માનવનાં બલિદાન પણ અપાયાં હશે, પણ તેનાં અનુકરણ તો બીજા ન જ કરે.

વિશ્વામિત્રે તપ તપીને કાયાનો કલ્પ કર્યો; તો શુનઃશેપે વરુણને પ્રસન્ન કરી આત્મયજનનો માર્ગ સ્વીકારી લીધો. તેણે પોતાનો તો ઉધ્ધાર કર્યો, સાથે રાજાના જીવનને પણ બચાવી લીધું.

એક આદર્શ આત્મ બલિદાનનું આ નિદર્શન છે. અજ્ઞાન તો ગાઢ અંધકાર જેવું છે, તેને દૂર કરવા માટે આ પ્રભાતી–પરોઢનાં ગાન ગાવાનાં છે: અંતરની જ્યોતિ પ્રગટાવવાની છે અને સેવા સમર્પણના માર્ગે આગળ વધવાનું છે.

૧૨૦

'એક મટકું ન માર્યું રે.' એ તો ભક્તનાં તપ છે. આંખની એક પલક બીડાય ને કદાચ પ્રભુ આવીને ચાલ્યા જાય. એ પ્રભુને મન તો એક પલકના ખેલ છે. એક ઉન્મેષ, એક ઝબકારો અને સૃષ્ટિ આખીનાં સર્જન. એક નિમેષ, પલકનાં એક બીડાણ અને એક મહાન પ્રલય! નિમેષ અને ઉન્મેષનો એ તો એક ખેલ ગણાય, પણ તેમાં યુગ યુગનાં માપ સમાઇ જાય. એવા તો અનેક યુગો; પણ બ્રહ્માનો એક દિવસ ગણાય. તેને વળી માનવીની ગણનામાં સંવત્સર ગણાય. તેને જોડનાર તો અહોરાત્રઃ રાત અને દિવસની એ તો કાલશૃંખલા.

આમ તો માનવના જીવનની ત્રણ દશા ગણાય: બાલપણ, વડપણ અને ઘડપણ. જીવનનું નિવાસ–સ્થાન તે શરીર; તેમાં વસે તે પુરુષ. પુરુષની સાથે દેવો વસે, તો જીવન ધન્ય બને; અસુરો વસે તો જીવન વેડફાઇ જાય.

આપણા ઋષિઓએ જીવનને ધન્ય બનાવવા યજ્ઞનો, સેવા અને પરમાર્થનો માર્ગ શોધી કાઢયો છે. પુરુષનાં આયુ સો વર્ષનાં ગણાય. એમાંના એક એક દિવસનો એક એક સોમયાગ અને એક સોમયાગનાં ત્રણ સવનઃ સવારનું પ્રાતઃ સવન, બપોરનું માધ્યંદિન સવન અને સાંજનું તૃતીય સવન.

આ સોમયાગમાં શસ્ત્રનાં શંસન અને સ્તોત્રનાં ગાન ભણાય છે. જે

# ૨

# ત્રણ પ્રહરનાં ગાન

૧૨

ઋચા ગવાય નહિ પણ ભણાય તે શસ્ત્ર અને જે ગવાય, તે સ્તોત્ર. આ સ્તોત્રની એક એક ઋચા સ્તોત્રીયા ગણાય છે. ત્રણ ઋચાનાં તૃચ બને છે અને તે તૃચનાં આવર્તન થાય, તે સ્તોમ કહેવાય છે. નવ સ્તોત્રીયાઓનાં આવર્તન, તે ત્રિવૃત, પંદરનાં પંચદશ, સત્તરનાં સપ્તદશ અને એકવીસનાં એકવિંશ સ્તોમ બને છે. સોમયાગનાં એક એક સ્તોમ તે જ્યોતિ રૂપ છે, માટે સોમયાગ જ્યોતિષ્ટોમ અને ચાર સ્તોમ રચાય છે, માટે ચતુષ્ટોમ અને છેલ્લી ઋચામાં અગ્નિપદ આવે છે, માટે અગ્નિષ્ટોમ ગણાય છે.

આમ એક દિવસના સોમયાગમાં બાર શસ્ત્ર અને બાર સ્તોત્ર છે. સવારનાં અને બપોરનાં સવનોમાં પાંચ, પાંચ શસ્ત્ર અને સ્તોત્ર તેમજ સાંજના બે બે શસ્ત્ર અને સ્તોત્ર ગણાય છે. વર્ષ સંવત્સરનાં રૂપ આપીને, માનવના જીવનની સાથે આ સોમયાગની તુલના કરતાં, આ બ્રહ્મવાદી ઋષિ આ રીતે નિરૂપણ કરે છેઃ

[1] આ સર્જન એ જ્યોતિ છેઃ અગ્નિ એ દેવોનું જ્યોતિ છે. વિરાટ્ છંદોની જ્યોતિ છે. વિરાટ્ એ તો વાણીના અગ્નિમાં ઊભો રહે છે. તે વાણી વિરાટને પ્રાપ્ત થાય છે, એ માટે તે જ્યોતિ ગણાય છે.

જેમ પ્રાણ અને અપાન પ્રાણીનાં વહન કરે છે; એમ જ ત્રિવૃત્ સ્તોમ અને પંચદશ સ્તોમ પ્રાતઃસવનનાં વહન કરે છે. જેમ આંખ અને કાન પ્રાણીને દોરે છે, એમ જ પંચદશ અને સપ્તદશ એ બે સ્તોમ માધ્યંદિન સવનને દોરે છે. જેમ વાણી અને પગની પ્રતિષ્ઠા પ્રાણીને ટકાવે છે, એમ જ સપ્તદશ અને એકવિંશ એ બે સ્તોમ તૃતીય સવનને ટકાવે છે.

આ યજ્ઞ છે, તેની તુલના તો પુરુષના જીવનની સાથે થાય. જેમ રથ બે ચક્રથી ચાલે છે, એમ જ આ યજ્ઞ બે બે સ્તોમરૂપ ચક્રથી ચાલે છે, જેમ બે ચક્રના રથથી મનુષ્ય ધારેલા સ્થાને પહોચી જાય છે, એમ જ મનુષ્ય આ યજ્ઞનાં સેવનથી મનની કામનાઓ પુરી પાડે છે.

જેમ પ્રજાપતિ સર્જનનું મૂલ છે, પ્રકૃતિ છે અને તેથી તે સૌ કરતાં જ્યેષ્ઠ મોટા છે; એમ સર્જન પહેલા પ્રજાપતિએ આ જ્યોતિષ્ટોમનાં સર્જન કર્યાં છે, માટે તે પ્રકૃતયજ્ઞ છે અને તે બધા યજ્ઞોમાં જયેષ્ઠ છે.

એ પ્રજાપતિએ કામના કરી : 'ચાલો, હું સર્જન કરૂં" અને તેણે મુખથી ત્રિવૃત્ સ્તોમનાં સર્જન કર્યાં. તે ત્રિવૃત્ના દેવરૂપે અગ્નિ, છંદરૂપે ગાયત્રી અને સામરૂપે રથંતર ગાન, એ ત્રણનાં સર્જન કર્યાં. એજ રીતે માનવોમાં બુધ્ધિશાળી બ્રહ્મવાદીઓનાં અને પશુઓમાં અજ–બકરાનાં સર્જન કર્યાં, માટે તે મુખ્ય ગણાય છે.

---

૧. તૈત્તિરીય સંહિતા ૭,૧,૧,૧

એ પ્રજાપતિએ છાતી અને બંને બાહુઓથી પંચદશ સ્તોમનાં સર્જન કર્યાં. તે પંચદશના દેવરૂપે ઇન્દ્ર, છંદરૂપે ત્રિષ્ટુપ અને સામરૂપે બૃહતગાનનાં સર્જન કર્યાં. એજ રીતે માનવોમાં બળવાન ક્ષત્રિયો અને પશુઓમાં અવિ–ઘેટાનાં સર્જન કર્યાં; માટે તે વીર્યવાન ગણાય છે.

તેમણે પોતાના શરીરના મધ્ય ભાગથી સપ્તદશ સ્તોમનાં સર્જન કર્યાં; તેજ રીતે મનુષ્યોમાં વૈશ્ય અને પશુઓમાં ગાયોનાં સર્જન કર્યાં, માટે તે અન્ન દ્વારા પોષણ આપે છે.

તેમણે પગથી એકવિંશ સ્તોમનાં સર્જન કર્યાં. તે એકવિંશ સ્તોમના છંદરૂપે અનુષ્ટુપ અને સામરૂપે વૈરાજ ગાનનાં સર્જન કર્યાં. એજ રીતે પશુઓમાં અશ્વ-ઘોડાનાં અને મનુષ્યોમાં શૂદ્રનાં સર્જન કર્યાં.

આ પ્રજાપતિ એ તો સંવત્સર વર્ષરૂપ ગણાય છે. એ રીતે વર્ષના પ્રાણ તો ત્રિવૃત્. અર્ધમાસ–પખવાડિયાં પંચદશ, ત્રણ આ લોકો તો સપ્તદશ અને આદિત્ય સૂર્ય પોતે તો એકવિંશ સ્તોમ છે. જે બ્રહ્મવાદી પ્રજાપતિનાં આ રહસ્યને જાણે છે, તેની અંદર વર્ષના આ બધા વિભાગો આશ્રય લે છે, પ્રતિષ્ઠા મેળવે છે.

હવે પ્રાતઃસવનમાં ગાયત્ર છંદના આધારે ત્રિવૃત્ સ્તોમને માટે જ્યોતિરૂપ યજ્ઞને ધારણ કર્યા.

આમ એ સ્તોમ પોતે છે, જે સ્તોમને માટે જ્યોતિને ધારણ કરે છે. એ સ્તોમ પોતે જ સ્તોમને આગળ દોરી જાય છે. જેટલી સંખ્યામાં આ સ્તોમ છે, તેટલી સંખ્યામાં માનવીની કામનાઓ છે. એટલા જ લોક અને એટલાં જ જ્યોતિ-પ્રકાશનાં સ્થાન છે.

જેવી રીતે પ્રજાપતિનાં સર્જન છે, એવીજ રીતે યજ્ઞનાં સર્જન દિવ્ય ગણાય છે. આ સોમયાગ સર્જનનું એક પ્રતીક છે. રોજે રોજનાં સવન કરવાથી અહોરાત્ર પક્ષ, માસ અને ઋતુઓ દ્વારા સંવત્સર વર્ષનાં જોડાણ થાય છે અને એ દ્વારા માનવના જીવનનાં એકસોને પચીસ વર્ષ યજ્ઞરૂપ બની, સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી બને છે. જેમ પ્રજાપતિના સર્જનમાં દેવો સહાયક બને છે, એમજ માનવના જીવન યજ્ઞમાં આઠ વસુ, અગિયાર રુદ્રો, બાર આદિત્ય, અનેક વિશ્વદેવ, ઇન્દ્ર અને પ્રજાપતિ દ્વારા પ્રેરણા મળતી રહે છે; આ યજ્ઞના અનુષ્ઠાનમાં યજમાન મુખ્ય ગણાય છે. તેની સહાયતા કરવા બ્રહ્મવાદીઓ અને યજ્ઞના નિષ્ણાત ઋત્વિજો સાથ સહકાર આપે છે.

સમાજ અને રાષ્ટ્રની સેવાનાં કાર્યોમાં પણ બળ અને બુધ્ધિ, ક્ષત્ર અને બ્રહ્મ ઉપરાંત અન્નથી પોષણ આપનાર વૈશ્ય–પ્રજાજનો અને સેવાના કાર્યો કરી, સમાજના

२४८

શોક દૂર કરનાર શૂદ્ર—સેવક જનોના સાથ સહકાર મળી રહે છે. આથી યજ્ઞની પ્રક્રિયા પણ સમજવા જેવી છે.

સોમયાગની યજ્ઞશાળા મોટી બનાવવામાં આવે છે : પશ્ચિમ દિશામાં નાની અગ્નિશાળા હોય છે, જ્યાં સાંજ સવારના હવન—હોમ થાય છે. તેની પૂર્વ દિશામાં મોટી યજ્ઞશાળા રચવામાં આવે છે. જેના પ્રવેશ માટે પૂર્વમાં દ્વાર રચાય છે. ત્યાં એક મહાવેદિની રચના થાય છે, જેની નાભિમાં ઉત્તરવેદિ પર અગ્નિ રાખવામાં આવે છે. તે મહાવેદિની પાસે હવિર્ધાન મંડપ રચાય છે, તેમાં રાજા સોમરૂપ હવિને લાવવા માટે હવિર્ધાન નામનાં બે શકટ—ગાડાં રાખવામાં આવે છે. તેની પાસે એક બાજુ સદોમંડપ અને બીજી બાજુ ઔદુંબરી રાખવાનાં સ્થાન હોય છે. મહાવેદિની શરૂઆતમાં દક્ષિણ તરફ ચાત્વાલ અને ઉત્કરનાં સ્થાન બનાવાય છે.

[1] અધ્વર્યુ, પ્રસ્તોતા, ઉદ્‌ગાતા, પ્રતિહર્તા, બ્રહ્મા અને યજમાન હવિર્ધાન મંડપથી નીકળી મહાવેદિ પાસે આવે છે. ત્યાં ઉત્તરવેદિમાં વિપ્રુદ હોમ કરે છે. ત્યાંના દ્વારથી બહાર નીકળી સદોમંડપ પાસેના હવિર્ધાન મંડપમાં શકટ પાસે આવીને બહિષ્પવમાન સ્તોત્ર ગાવાનું વિધાન છે.

આમ તો ત્રણેય સવનની શરૂઆતમાં પવમાન સ્તોત્ર ગવાય છે. આ સોમ પવમાન ઘૂંટી લસોટી રસ કાઢીને પવિત્રા—ચાળણીમાં ગળાય છે, માટે તેને પવમાન કહે છે, તે પવમાન સોમનું સ્તોત્ર સવારે દ્વારથી બહાર ગવાય, માટે બહિષ્પવમાન, બપોરે ગવાય માટે માધ્યંદિન અને સાંજના ઋભુ ઋષિએ જોએલ સ્તોત્રથી ગવાય, માટે આર્ભવ પવમાન ગણાય છે; જેને સાયં પવમાન કે તૃતીય પવમાન પણ કહે છે.

સવારનાં ચાર આજ્ય સ્તોત્ર, બપોરનાં ચાર પૃષ્ઠ સ્તોત્ર અને સાંજના એક અગ્નિષ્ટોમ સ્તોત્રને ધુર્યા કહે છે, જેમને પૂર્વના સ્તોત્રની સાથે જોડવામાં આવે છે. આમ સવારના બહિષ્પવમાનની સાથે આજ્ય; માધ્યંદિનની સાથે પૃષ્ઠ અને આર્ભવની સાથે અગ્નિષ્ટોમ સ્તોત્રને જોડતાં, બાર સ્તોત્રો ગણવામાં આવે છે.

આનું રહસ્ય ખોલતાં આ બ્રહ્મવાદી જણાવે છે :

[2] 'ત્યારબાદ અધ્વર્યુ વેદિ પરથી ઘાસનાં બે તૃણ લે છે. અધ્વર્યુ અને તેનો સહાયક પ્રતિપ્રસ્થાતા ગણાય છે. તે બંને તો યજ્ઞના પ્રાણ અને અપાન જેવા છે. તેની પાછળ પ્રસ્તોતા ચાલે છે, જે ગાનના પ્રસ્તાવ કરે છે; તેથી તે યજ્ઞની વાણી ગણાય છે. તેની પાછળ ઉદ્‌ગાતા, જે યજ્ઞનો આત્મા ગણાય છે. તેની પાછળ યજમાન અને તેની પાછળ પ્રતિહર્તા જે વ્યાન ગણાય છે, તે ક્રમે ચાલે છે. બીજા ક્રમ પ્રમાણે અધ્વર્યુ, પ્રસ્તોતા, ઉદ્‌ગાતા, પ્રતિહર્તા, બ્રહ્મા અને યજમાન લેવાય છે.

૧. લાટ્યાયન શ્રૌ. સૂ. ૧, ૧૧ ૨. શતપથ બ્રા. ૪, ૨, ૫, ૩

'અહીં પ્રસ્તોતા, ઉદ્‌ગાતા અને પ્રતિહર્તા એ ત્રણ સામ ગાનારા ઋત્વિજો છે. જે આ ત્રણ પવમાન સ્તોત્ર છે; તેમાં ત્રિવૃત, પંચદશ અને સપ્તદશ ત્રણ સ્તોમનાં ગાનમાં સ્તોત્રીયાઓ સીધી રીતે ભણાય છે, એટલે કે તેમાં સ્તોત્રીયાઓનાં આવર્તન કરવામાં આવતાં નથી. આ ત્રણ સ્તોમ અનેક તૃચ સાધ્ય છે અને આજ્ય, પૃષ્ઠ તેમજ અગ્નિષ્ટોમનાં સ્તોમ એક તૃચ સાધ્ય છે. એટલે કે એક જ તૃચનાં ત્રણ ત્રણ કે પાંચ પાંચ વાર આવર્તન કરવામાં આવે છે. તેનાં ત્રણ સ્તોત્રોને ધુર્યા કહેવામાં આવે છે, તેમને પવમાન સ્તોત્રોની સાથે જોડવામાં આવે છે.

[1] અહીં ગાયત્રી પ્રાતઃસવનનાં વહન કરે છે; ત્રિષ્ટુપ માધ્યંદિન સવનનાં અને જગતી તૃતીય સવનનાં વહન કરે છે : અર્થાત્ ગાયત્રી એક જ છંદ સવારનો છે, બપોરનાં સ્તોત્રોમાં અંતિમ સૂક્તનો છંદ ત્રિષ્ટુપ છે; તે સાથે ગાયત્રી અને બૃહતી એ છંદ પણ જોડાય છે, તેજ રીતે સાંજના આર્ભવ પવમાનના અંતિમ સૂક્તનો છંદ જગતી છે. તે સાથે ગાયત્રી, ઉષ્ણિહ અને કકુપ, તેમજ અનુષ્ટુપ છંદ જોડાય છે. એક ગાયત્રી જ પ્રાતઃસવનનાં વહન કરે છે. આમાં સ્તોત્રપંક્તિ અને હવિષ્યપંક્તિથી પાંચ પાંચનો યોગ બેસે છે. એક બહિષ્પવમાન અને ચાર આજ્યસ્તોત્ર તેમજ પાંચ પ્રકારનાં હવિ આપવામાં આવે છે.

યજ્ઞ એ તો કામધેનુ છે, જેનાં સેવન સમાજ અને રાષ્ટ્રના હિતમાં કરવાનાં છે. પ્રકૃતિ માતા સૌનાં હિત કરે છે; તેનું કારણ એક જ છે કે, એ લોક કલ્યાણની ભાવના સેવીને તો પ્રજાપતિએ તેનાં સર્જન કર્યાં છે, એજ રીતે યજ્ઞનાં સર્જન પણ પ્રજાપતિએ બહુજનનાં હિત માટે કર્યાં છે, એ તાત્પર્ય આ બ્રહ્મવાદી રજૂ કરે છે :

[2] 'પ્રજાપતિએ ઇચ્છા કરી : હું એક છું; તો હવે અનેક રૂપ ધારણ કરું. એને માટે હું અનેકનાં સર્જન કરું'. આમ વિચારીને તેમણે અગ્નિષ્ટોમ નામના યજ્ઞનાં દર્શન કર્યાં અને તેનાં અનુષ્ઠાન કર્યાં. એ પછી આ બધી પ્રજાઓનાં સર્જન કર્યાં.

'અગ્નિષ્ટોમનાં અગિઆર સ્તોત્ર તેમજ સંવત્સર–વર્ષના અગિઆર માસ, એ બંને પ્રકારનાં સાધન સામગ્રીથી પ્રજાપતિએ પ્રજાજનનાં સર્જન કર્યાં હતાં. એજ રીતે અગ્નિષ્ટોમનાં બાર સ્તોત્ર અને વર્ષના બાર માસ ગણાય, જેથી પણ પ્રજાજનોને પ્રજાપતિએ ગ્રહણ કર્યાં હતાં.

'સૃષ્ટિના સર્જનમાં પણ આજ પ્રક્રિયા લેવામાં આવે છે. નારીજનો દશ માસ સુધી ગર્ભ ધારણ કરે છે, અગિઆરમે માસે પ્રજાને જન્મ આપે છે અને બાર માસ સુધી તો ગર્ભને ધારણ કરતાંજ નથી.

---

૧. શ. બ્રા. ૪, ૨, ૫, ૨૦–૨૧ ૨. તાં. મ. બ્રા. ૬, ૧, ૧

'યજ્ઞનાં સર્જનની કામના પ્રમાણે તે પ્રજાપતિએ મુખથી ત્રિવૃત્ સ્તોમ, ગાયત્રી છંદ, અગ્નિ દેવ, બ્રાહ્મણ મનુષ્ય અને વસન્ત ઋતુનાં સર્જન કર્યાં, છાતી અને બાહુઓથી પંચદશ સ્તોમ, ત્રિષ્ટુપ્ છંદ, ઈન્દ્ર દેવ, રાજન્ય મનુષ્ય અને ગ્રીષ્મ ઋતુનાં સર્જન કર્યાં. તે પ્રજાપતિએ શરીરના વચલા ભાગથી સપ્તદશ સ્તોમ, જગતી છંદ, વિશ્વે દેવો, વૈશ્ય મનુષ્ય અને વર્ષા ઋતુનાં તેમજ પગથી એકવિંશ સ્તોમ, અનુષ્ટુપ છંદ અને શુદ્ર મનુષ્યનાં સર્જન કર્યાં.

'જે બ્રહ્મવાદી પ્રજાપતિના આ યજ્ઞનાં સર્જન માટેનાં ત્રિવૃત્ વગેરે સાધન સામગ્રીને જાણે છે, તે પોતાના જીવન માટે સારો ઉપદેશ—બોધ પાઠ મેળવે છે.

[1]'અગ્નિષ્ટોમ એ તો મુખ્ય યજ્ઞ છે, પ્રકૃતિ યજ્ઞ છે. બીજા યજ્ઞ તો એક એક કામનાને આપે છે, બધી કામનાઓને માટે તો આ અગ્નિષ્ટોમ છે. જેમ બાર સ્તોત્રો અગ્નિષ્ટોમમાં એમજ બાર માસ વર્ષમાં હોય છે. એક વર્ષે પશુઓનાં સર્જન થાય છે, માટે આ યજ્ઞથી પશુઓની સમૃદ્ધિ વધે છે.

બાર સ્તોત્ર છે અને બાર શસ્ત્ર છેઃ એમ ચોવીસ સંખ્યા છે, એ રીતે ચોવીસ સંખ્યા અર્ધમાસ—પખવાડિયાંની છે; જેથી એક વર્ષ પુરુ થાય છે. તેથી પશુઓની સમૃદ્ધિ વધે છે. અગ્નિષ્ટોમના બારમા સ્તોત્રની ઋચા—સ્તોત્રીયામાં અગ્નિ શબ્દ આવે છે; તેમજ બારમું શસ્ત્ર આગ્નિમારુત છે, તે પરથી આ યજ્ઞનું નામ અગ્નિષ્ટોમ છે. આ યજ્ઞને જ્યોતિષ્ટોમ કહે છે, તેનું કારણ શું છે; એ વિષે બ્રહ્મવાદી પ્રશ્ન પૂછે છે, તેનો ઉત્તર આ છેઃ

અગ્નિષ્ટોમમાં બાર સ્તોત્ર ગવાય છે. પ્રાતઃ સવનમાં બહિષ્પવમાનની નવ અને ચાર આજ્ય સ્તોત્રની સાઠ સ્તોત્રીયાઓ, માધ્યંદિન પવમાનની પંદર અને ચાર પૃષ્ઠસ્તોત્રની અડસઠ તેમજ સાયંસવનમાં આર્ભવ પવમાનની સત્તર અને અગ્નિષ્ટોમ સ્તોત્રની એકવીસ સ્તોત્રીયાઓ મળીને એકસોને નેવું સ્તોત્રીયાઓ થાય છે. હવે દશ અક્ષરનો વિરાટ છંદ છે, તે પ્રમાણે ઓગણીશ વિરાટ છંદ થયા. વિરાટ્ તો સર્વ છંદોમાં જ્યોતિ છે, તે રીતે અગ્નિષ્ટોમને જ્યોતિષ્ટોમ કહે છે.

બીજા બ્રહ્મવાદીઓ પણ આ પ્રક્રિયાને સ્વીકારે છેઃ

[2] 'અગ્નિષ્ટોમમાં ચાર સ્તોમ છે, તે તો કૃતયુગ ગણાય છે. કૃતયુગમાં ધર્મનાં ચાર ચરણ હોય છે. હવે એમાં પાંચમા સ્તોમને ઉમેરો, તો તે કલિ થાય. કારણ કે કલિયુગમાં તો ધર્મનું એક જ ચરણ હોય છે. આને કારણે પાંચ સ્તોમ ન ગણતાં ચાર સ્તોમ લેવાં. તેને કારણે તો અગ્નિષ્ટોમને ચતુષ્ટોમ કહે છે.

૧. તાંડ્ય મહા બ્રાહ્મણ ૬, ૩, ૧ ૨. તૈત્તિરીય બ્રા. ૧, ૫, ૧૧

[1]અહીં બ્રહ્મવાદીઓ પૂછે છેઃ આ યજ્ઞમાં કેટલાં જ્યોતિ છે? તેના ઉત્તરમાં જણાવવાનું કે, જેટલા સ્તોમ છેઃ ત્રિવૃત્, પંચદશ, સપ્તદશ અને એકવિંશ; એટલાં જ્યોતિ છે. આને કારણે જે ચતુષ્ટોમ છે, તેજ જ્યોતિષ્ટોમ છે. [2]'જે વિરાટ છે, તેના રૂપેજ ખરેખર અગ્નિષ્ટોમ છે. આમાં બધી મળીને એકસો ને નેવું સ્તોત્રાયાઓ થાય છે, તે વિરાટનું રૂપ છે.

[2] 'વિરાટની અંદર જે દશની સંખ્યા છે; તે એક, બે, ત્રણ એમ ગણનામાં વાણીની છેલ્લી સંખ્યા છે; એ તો વાણીનું છેલ્લામાં છેલ્લું પગલું ગણાયઃ અર્થાત્ તે પછી કોઈ સંખ્યા નથી. વાણીએ તેના છેલ્લા ક્રમને જણાવી દીધો છે. આથી જે વાણીની આ છેલ્લી ગણનાને જણાવે છે, તે તો બધા પ્રકારનાં સાધન સામગ્રી મેળવે છે. એ રીતે આ યજ્ઞમાં એકસોને નેવું સ્તોત્રીયાઓ દ્વારા દેવોની સ્તુતિ કરવામાં આવી છે. જ્યારે અગ્નિષ્ટોમ પુરો કરવામાં આવે છે, ત્યારે તેની સ્તોત્રીયાની સંખ્યા એકસોને નેવું થાય છે, તે વિરાટ્ છે.

[3] 'આ વિરાટ્ તો કામધેનુ છે. તે ત્રણ પ્રકારની છેઃ દૈવી, યજ્ઞિયા અને માનુષી. આ ત્રણ લોક ભૂર્લોક, ભુવર્લોક અને સત્યલોક એ ત્રણ તો દૈવી વિરાટ છે. જ્યોતિષ્ટોમનું બહિષ્પવમાન સ્તોત્ર છે, તેની ત્રિવૃત્ પાવમાની ઋચાઓ છે, તે યજ્ઞિયા વિરાટ્ છે અને પુરુષમાં જે ત્રણ પ્રાણ છે, તે તો માનુષી વિરાટ્ છે.

[4] અગ્નિષ્ટોમ છે, તે જ્યેષ્ઠ યજ્ઞ છે. તેનું કારણ આ છેઃ પ્રજાપતિએ પ્રજાજનોનાં સર્જન કર્યાં; પરંતુ તે પ્રજાજનો પોતાના સર્જક પિતાને પોતાનાથી શ્રેષ્ઠ છે, એમ માન આપવા તૈયાર ન હતાં. ત્યાર બાદ તેમણે આ અગ્નિષ્ટોમનાં દર્શન કર્યાં. તેમજ તેનાં અનુષ્ઠાન કર્યાં. આથી પ્રજાજનો તેમને શ્રેષ્ઠ તરીકેની પ્રતિષ્ઠા આપવા લાગ્યા. આ રહસ્યને જે જાણે છે, તે યજમાન પણ પોતાનાં પ્રજાજનોમાં શ્રેષ્ઠ તરીકેનાં માન મેળવે છે.

અગ્નિષ્ટોમ–સોમયાગમાં સામગાન એક વિશેષ કાર્ય ગણાય છે. તેમાં મુખ્ય ગાનાર ઉદ્ગાતા હોય છે. તેનાં વરણ કરવા માટે ઉંબરાની લીલી ડાળી રોપવામાં આવે છે. આ ક્રિયાને ઔદુંબરી-ઉચ્છ્રયણ કહેવામાં આવે છે. સદોમંડપની બાજુમાં ખાડો કરીને તેમાં આ ડાળી રોપવામાં આવે છે. તેનું માપ યજમાનના શરીર જેટલું જોઇએ.

અધ્વર્યુ, બ્રહ્મા વગેરે ઋત્વિજો અગ્નિશાળામાં સીધા જ પૂર્વના દ્વારથી પ્રવેશ કરે છે; પરંતુ ઉદ્ગાતાએ ઉત્તર તરફ આવેલ ચાત્વાલ અને ઉત્કર તરફથી પૂર્વ

૧. કૌષીતકિ બ્રા. ૧૫, ૫ ૨. જૈમિનીય બ્રા. ૧, ૨૩૫, ૨૧૫ ૩. જૈ- બ્રા. ૧, ૨૪૫
૪. તાંડય મહા બ્રા. ૬, ૩, ૮, ૯

દિશા તરફ જવું. ત્યાં આવેલ સદોમંડપમાં થઈને ઔદુંબરી સ્થૂણા રોપવાના સ્થાને જવું. અધ્વર્યુ ખાડામાં લીલી ડાળ રોપે, તેની સહાયતા ઉદ્દગાતાએ કરવાની છે. બીજા ઋત્વિજોનાં વરણ તો આ પહેલાં થયાં હોય છે, પરંતુ ઉદ્દગાતા, પ્રસ્તોતા અને પ્રતિહર્તાનાં વરણ લીલી ડાળ રોપવાથી થાય છે. આનું રહસ્ય ખોલતાં, આ બ્રહ્મવાદી જણાવે છે:

'સૃષ્ટિનાં સર્જન કરતા પહેલાં પ્રજાપતિએ પોતાનાં ઊર્જ, વીર્ય; રસ અને અન્ન દેવોને વહેંચી દીધાં; તે ક્રિયાથી ઉદુમ્બર નામનું વૃક્ષ થયું; માટે તે વૃક્ષ પ્રજાપતિનું ગણાય છે. ઉદ્દગાતાનો સંબંધ પણ પ્રજાપતિની સાથે છે. આ સંબંધને કારણે ઉદ્દગાતા પોતાના પહેલા કર્મ તરીકે આ લીલી ડાળ રોપવાનું કાર્ય કરે છે. આમ ઉદુમ્બરના અધિષ્ઠાતા દેવ પ્રજાપતિની સાથે તેનો વિશેષ સંબંધ જોડી, યજમાન તે ઉદ્દગાતાને ઋત્વિજના કર્મ માટે પસંદ કરે છે.

'આ યજ્ઞ તો માનવના જીવન રૂપે છે. ઉદુંબરનુ ત્યાં સ્થાન કરવામાં આવે છે. તે તો માનોને કે યજ્ઞની છાયા છે, જેથી તેનું રક્ષણ થાય છે.

આ ઉદુંબર તો સામગાનના રૂપે છે; માટે સામને નમસ્કાર કરીને, સામ દ્વારા ઋત્વિજ બનાવવામાં આવે છે, તેથી તે સામથી દૂર થતો નથી તેમજ તે પોતે સામ વિષેની કોઇ ભૂલ કરતો નથી. તેને ઉદ્દેશીને આ મંત્ર ભણાય છે

'હે ઉદુંબરિ, તું ઉર્જ છે. ઉર્જને આપનારી છે. માટે અમને ઉર્જનાં દાન કર. અમારામાં ઉર્જની સ્થાપના કર; અમને અન્ન આપ.' સાચે, અગ્નિશાળામાં જે સદોમંડપ છે, તે તો પ્રજાપતિનું ઉદર છે. તેની વચમાં ઉદુંબરની ડાળી રોપવામાં આવે છે, તે તો માનોને કે પ્રજાજનો માટે અન્ન અને ઉર્જ રાખે છે.

'સામગાન તો સાચેજ દેવોનું અન્ન છે. આમ દેવોના હિત માટે સામમાં અન્ન અને ઉર્જને રાખે છે. આમ સામગાન ઉર્જમાં આશ્રિત છે. અને તેની વહેંચણી પ્રજાજનો માટે કરવામાં આવે છે.

સામગાન માટે પ્રસ્તોતા પશ્ચિમાભિમુખ, ઉદ્દગાતા ઉત્તરાભિમુખ અને પ્રતિહર્તા ઉદ્દગાતાની પાછળ પશ્ચિમ દિશા તરફ જઇને પૂર્વ – દક્ષિણ મુખે બેસે છે; તેનાં રહસ્ય બ્રહ્મવાદી બતાવે છે :

'ઉત્તર દિશા તરફ મુખ કરીને, ઉદ્દગાતા બેસે છે અને ઉદ્દગીથનાં ગાન કરે છે, તેથી તે ઉત્તર દિશાને ઊર્જ – બળથી સમૃદ્ધ કરે છે. પશ્ચિમ દિશા તરફ મુખ કરીને, પ્રસ્તોતા પ્રસ્તાવગાનથી શરુઆત કરે છે, તેથી તે પશ્ચિમ દિશાને ઊર્જવાળી કરે છે. તેજ રીતે દક્ષિણ દિશા તરફ મુખ રાખીને પ્રતિહર્તા પ્રતિહારનાં

૧. તાંડ્ય મહા બ્રા. ૬, ૪, ૧

ગાન કરે છે, તેથી તે દક્ષિણ દિશાને ઊર્જવાળી કરે છે. હવે બીજા ઋત્વિજો તો પૂર્વદિશામાં બેસીને પોત પોતાનાં ઋત્વિક્ કર્મ કરે છે, આથી તે દિશા બધા કરતાં વિશેષ સમર્થ ગણાય છે. તે દિશાને ઘણા બધા ઋત્વિજો રાજી રાખે છે.

'અહીં બ્રહ્મવાદીઓ વિચારણા કરે છે: બીજા બધા ઋત્વિજો પૂર્વદિશામાં બેસીને પોતાનાં ઋત્વિક્‌નાં કર્મ કરે છે, ત્યારે ઉદ્‌ગાતાઓ તેથી વિપરીત રીતે બીજી દિશાઓ તરફ મુખ રાખીને ગાન કરે છે, તેનું કારણ શું? તેના ઉત્તરમાં જણાવવાનું કે, આમ કરવાથી બધી દિશાઓનું અભીષ્ટ – કલ્યાણ થાય છે. તેથી બધી દિશાઓ રાજી થાય છે. આમ કરવાથી યજમાન બધી દિશાઓમાં અન્ન મેળવી શકે છે અને દિશાઓનાં અભીષ્ટ અને પ્રસન્નતા મેળવી લે છે.'

સામગાન માટે ઉદ્‌ગાતા, પ્રસ્તોતા અને પ્રતિહર્તા ત્રણ ઋત્વિજોની પસંદગી-વરણી થયેલી છે. સોમયાગનો એ મુખ્ય – સુત્યા દિવસ ગણાય છે. સવારે, બપોરે અને સાંજે એ ત્રણ કાળ પ્રમાણે પ્રાત : સવન, માધ્યંદિનસવન અને તૃતીયસવનમાં ગાવાનાં સ્તોત્રોને સ્તોમમાં વહેંચી દીધાં છે. એ પ્રમાણે ત્રણ પવમાન સ્તોત્રોમાં ઋચાઓની આવૃત્તિ કરવામાં આવતી નથી; પરંતુ સીધીજ ઋચાઓ તૃચની વ્યવસ્થામાં ગવાય છે. બહિષ્પવમાન સ્તોત્રમાં ત્રિવૃત્‌સ્તોમની નવ, માધ્યંદિન પવમાન સ્તોત્રમાં પંચદશ સ્તોમની પંદર અને તૃતીય આર્ભવ પવમાન સ્તોત્રમાં સપ્તદશ સ્તોમમાં સત્તર ઋચાઓ અનેક તૃચના સુમેળથી ગવાય છે. પ્રાતઃસવનમાં ચાર આજ્યસ્તોત્ર પંચદશ સ્તોમની સાથે, માધ્યંદિન સવનમાં ચાર પૃષ્ઠસ્તોત્ર સપ્તદશ સ્તોમની સાથે અને સાયં સવનમાં એક અગ્નિષ્ટોમ સ્તોત્ર એકવિંશ સ્તોમની સાથે ગવાય છે. આ ત્રણ સ્તોમોમાં આવેલ એક એક તૃચની પંદર, સત્તર કે એકવીસ આવૃત્તિઓ કરવામાં આવે છે, માટે એક તૃચના આવર્તનથી અનેક સ્તોત્રીયાઓ બને છે.

પ્રાતઃસવનમાં એકજ ગાયત્રી છંદ અને એકજ ગાયત્ર ગાન છે. માધ્યંદિન સવનમાં ત્રણ છંદ : ગાયત્રી, બૃહતી અને ત્રિષ્ટુપ તેમજ પાંચ ગાન ગવાય છે. તૃતીયસવનમાં પાંચ છંદઃ ગાયત્રી, કકુપ્, ઉષ્ણિક્, અનુષ્ટુપ્ અને જગતી તેમજ સાત ગાન ગવાય છે. સામાન્ય રીતે પ્રાતઃસવન ગાયત્ર, માધ્યંદિનસવન ત્રૈષ્ટુભ અને સાયં સવન જાગત ગણાય છે. આમ ગાયત્રી, ત્રિષ્ટુપ્ અને જગતી મુખ્ય છંદ ત્રણ સવનમાં ગણાય છે.

અહીં રજૂ થતાં સ્તોત્ર, સ્તોમ, છંદ, ગાન, તૃચ, સ્તોત્રીયા વગેરે પ્રક્રિયાને અનુસરીને વ્યવસ્થિત રીતે ગોઠવાએલાં હોય છે, તે ઉપરાંત તેમાં ગૂઢ રહસ્ય અને અધ્યાત્મ ભાવના પણ સમાઈ છે, જે માનવના જીવનને નવી પ્રેરણા આપે છે. સામગાનના આ રહસ્યને અનેક બ્રહ્મવાદીઓએ વ્યક્ત કર્યું છે, તેમાંના આ બ્રહ્મવાદીનું નિરૂપણ જોઇએઃ

[1] 'અહીં બ્રહ્મવાદીઓ જણાવે છે: યજમાને સમજણપૂર્વક યજ્ઞનાં યજન કરવાનાં છે અને તેથી તેણે યજ્ઞના મુખમાં વિરાટ્‌નાં ગાન ગાવાનાં છે: અર્થાત્ બહિષ્પવમાન સ્તોત્રથી યજ્ઞની શરુઆત થાય છે, માટે તે સ્તોત્રમાં વિરાટ્‌ની સમૃદ્ધિ મેળવવાની છે. આ સ્તોત્રમાં ત્રિવૃત્સ્તોમ પ્રમાણે નવ સ્તોત્રીયાઓ થાય છે; તેમાં હિંકાર ઉમેરાતાં દશની સંખ્યા થાય છે. એ રીતે દશની સંખ્યાવાળા વિરાટ્‌ની સમૃદ્ધિ યજ્ઞના મુખમાં રાખવામાં આવે છે.

અહીં જે નવ સ્તોત્રીયાઓથી સ્તુતિગાન કરે છે; તે નવ તો શરીરમાં રહેલા પ્રાણ છે; તેમને સમૃદ્ધ કરે છે. દશમ હિંકાર છે, તે તો નાભિમાં રહેલ પ્રાણને સમૃદ્ધ કરે છે, જેની ગણુના નવ પ્રાણુની સાથે કરવામાં આવે છે.

ઉદ્‌ગાતા નવ સ્તોત્રીયાઓથી સ્તુતિ કરે છે, તે સમયે અધ્વર્યુ પ્રાતઃસવનમાં નવ ગ્રહપાત્રોમાં સોમરસ ભરે છે. આમ સ્તોત્રીયાઓથી ગ્રહોને પાવમાન કરે છે અને એ રીતે શરીરમાં રહેલા નવ પ્રાણોને ઊર્ધ્વગતિ આપે છે, સમૃદ્ધ કરે છે.

આ બહિષ્પવમાન સ્તોત્રની નવ સ્તોત્રીયાઓ આવર્તન વિના સીધી રીતેજ ગવાય છે. એ સ્તોત્ર અંતર્વેદિની બહાર ગવાય છે, માટે તે બહિષ્પવમાન ગણાય છે. તે સ્તોત્રનાં ગાન પછી હોતાઓ શસ્ત્રનાં શંસન કરે છે. એ સ્તોત્ર પછી ચાર આજ્યસ્તોત્રોની સ્તોત્રીયાઓ પંચદશ સ્તોમમાં એક એક તૃચનાં પંદર પંદર આવર્તન પ્રમાણે ગવાય છે: તેનું તાત્પર્ય આ છે: બહિષ્પવમાનની સીધી સ્તોત્રીયાઓથી સ્વર્ગ લોકની સમૃદ્ધિ મળે છે, તો આજ્યસ્તોત્રોનાં પુનરાવર્તનથી પાછા ફરતાં ભૂર્લોકની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

[2] 'આ પ્રાતઃ સવનમાં આવતી સ્તોત્રીયાઓ ગાયત્ર ગાનમાં ગવાય છે. આ ગાયત્રનાં ગાન ત્રણ આવર્તન સાથે લેવાય છે. જેમકે પહેલી ઋચા

उपास्मै गायता नरः पवमानयेन्दवे । अभि देवान् इयक्षते ।

આમાં પહેલું ચરણ પ્રસ્તોતા ગાય છે, તે પ્રસ્તાવ છે, બીજા ચરણની સાથે ત્રીજા ચરણનો મેળ બેસાડી ઉદ્‌ગાતા ત્રણ આવર્તન સાથે ગાય છે:

(૧) पवमानायेन्दावा (२) अभि देवां इया (३)क्षाता

આનું તાત્પર્ય આ છે: આ ત્રણ લોક ગાયત્રના ગાન રૂપે ગણાય છે; તેથી ઉદ્‌ગાતા|ગાયત્ર ગાનની સાથે ત્રણ લોકનો સુમેળ સાધે છે.

ગાયત્ર ગાનની શરુઆત મંદ્રસ્વરથી કરવાની છે, પછી તે સ્વરને ઊંચો લેવાનો છે અને છેવટે ખૂબ ઉંચો લેવાનો છે. બીજાં ગાન નિરુક્ત રીતે ગવાય છે. ગાયત્ર ગાન અનિરુક્ત ગવાય છે. કારણકે પ્રાણ ગાયત્રનાં રૂપ છે. આને કારણે

૧. તાંડય મહા બ્રા. ૬,૮, ૨. તાંડય મહા બ્રા. ૭,૧

ગાન એકજ સ્વરે અટકયા વિના કે શ્વાસ લીધા વિનાજ ગાવાનું છે, જેથી પ્રાણનાં અનુસંધાન રહે અને દીર્ઘ આયુ મળે.

પ્રાતઃસવનમાં ચાર આજ્ય સ્તોત્ર પંચદશસ્તોમમાં ગવાય છે. તે વિષેની એક પ્રાચીન કથા આ બ્રહ્મવાદી રજૂ કરે છે :

[1] પહેલાં પ્રજાપતિએ પોતાની જાતને યજ્ઞરૂપ બનાવી અને ઈન્દ્ર વગેરે દેવોને તે યજ્ઞનાં દાન કર્યાં. હવે એનો સ્વીકાર સૌથી પહેલાં કોણ કરે, કોણ અગ્રેસર બને; આ બાબતમાં દેવો સમ્મત થયા નહિ. આથી તે યજ્ઞ પ્રજાપતિએ જણાવ્યું :

આ માટે તમે આજિ–શરત માટેની દોડ લગાવો. જે आजिम् મર્યાદા ને इतः પહોંચી જાય; તે અગ્રેસર બને. આમ આ સ્તોત્ર માટે आजिम् आयन् શરત દોડ લગાવી; તેથી તેનું નામ આજ્ય રાખવામાં આવ્યું.

ઈન્દ્રે જાણી લીધું કે ' આ દોડમાં અગ્નિ આગળ પહોંચી જશે; એટલે તેની સાથે શરત કરવામાં આવી કે આપણા બેમાં જે પહેલો પહોંચી જાય, તેણે બીજાને ભાગ આપવો. એ શરતનો અગ્નિએ સ્વીકાર કર્યો. આ પછી અગ્નિએ પહેલો વિજય મેળવ્યો; તે પછી મિત્રે અને વરુણે; તે પછી ઈન્દ્રે, ત્યારબાદ એક આજ્યસ્તોત્ર બાકી રહ્યું; તેમાં ઈન્દ્ર અને અગ્નિ બંને ભાગીદાર બન્યા. આ પ્રમાણે ચાર આજ્ય સ્તોત્ર છે અને તેમાં ૭ દેવ છે: अग्न आयाहि. એ પહેલું અગ્નિનું. આનો मित्रावरुणा એ બીજું, મૈત્રાવરુણનું आ याहि ત્રીજું ઈન્દ્રનું અને इन्द्राग्नी ચોથું ઈન્દ્ર અને અગ્નિનું આજ્યસ્તોત્ર છે. આમ ચારેય આજ્યસ્તોત્ર એકજ ગાયત્ર ગાનમાં ગવાય છે.

[2] માધ્યંદિન સવનમાં ત્રણ છંદ અને પાંચ ગાન છે, તેનાં વર્ણન બ્રહ્મવાદી આ રીતે કરે છે: જે માધ્યંદિન સવન છે, તે ત્રણ છંદથી અને પાંચ સામગાનથી પાવમાન પવિત્ર બને છે. માધ્યંદિન પવમાનમાં પહેલું ગાયત્ર ગાન છે, બીજું આમહીયવ ગાન છે, તેમાં स्तौषे નિધન બહારથી જોડવામાં આવે છે. યૌધાજય અને ઔશનગાનમાં બહારથી નિધન જોડવામાં આવતાં નથી. રૌરવમાં इडा નિધન જોડવામાં આવે છે. ચાર પૃષ્ટ સ્તોત્રોમાં પહેલું સ્તોત્ર છે; તેમાં રથન્તર સામ अस्रू નિધન સાથે, બીજા સ્તોત્રમાં વામદેવ્ય ગાન બહારના નિધન વિના ગવાય છે. પહેલું હોતાનું અને બીજુ મૈત્રાવરુણનું પૃષ્ટસ્તોત્ર છે. તેજરીતે ત્રીજું બ્રાહ્મણાચ્છંસીનું સ્તોત્ર બહારના નિધન વિનાનું તેમજ ચોથું અચ્છાવાકનું સ્તોત્ર ઈડાનિધનની સાથે કાલેય ગાનમાં ગવાય છે.

[3] માધ્યંદિન પવમાનની પહેલી તૃચમાં ગાયત્ર અને આમહીયવ બે ગાનની ૭ સ્તોત્રીયાઓ બને છે. આમહીયવ ગાનના ઋષિ આમહીયુ છે; હવે જેનો

---

૧ તાંડ્ય મહા બ્રા. ૭,૨ ૨ તાં. મ. બ્રા. ૭,૩ ૩ તાં. મ. બ્રા. ૭,૫

મહિમા ગવાતો ન હોય; તે આ ગાન ગાય તો તેનો મહિમા વધે, એ રહસ્ય બતાવે છે :

પ્રજાપતિ પોતે એકલા હતા, તેથી તે પોતાની જાતને મહિમા વિનાની अमहीयमान જોઇને વિચાર કરવા લાગ્યા : હું પ્રજાજનનાં સર્જન કરું. તેમણે આમહીયવ ગાનનાં દર્શન કર્યાં, તે ગાનથી તેમણે પ્રજાજનનાં સર્જન કર્યાં અને તેથી તેમનો મહિમા વધ્યો, તે પોતાનાં પ્રજાજનોથી अमहीयन्त પૂજાવા લાગ્યા. આ ગાનથી તે आमहीयन्त બન્યા માટે આ ગાનનું નામ आमहीयव છે.

રૌરવ અને યૌધાજય એ બે ગાન पुनानः सोमથી બનેલ બૃહતી છંદના પ્રગાથમાં તેમજ ઔશન ગાન प्र तु द्रवથી બનેલ ત્રિષ્ટુપ છંદમાં ગવાય છે, તે વિષે બ્રહ્મવાદી જણાવે છે :

[1] 'પહેલાં યશની કામનાવાળા દેવો એક સત્ર કરવા ભેગા થયા. આમાં અગ્નિ, ઇન્દ્ર, વાયુ અને મખ નામના દેવો મુખ્ય હતા. તેમણે બધાએ ભેગા થઈને સલાહ કરી; કે, આપણામાંથી જે કોઇને યશ–પ્રતિષ્ઠા મળે, તે બધાએ એકસરખા ભાગે વહેંચી લેવાનાં.' એ પ્રમાણે સલાહ કર્યા પછી, તેમણે સત્રનાં અનુષ્ઠાન શરુ કર્યાં. હવે મખ નામના દેવને સૌથી પહેલાં પ્રતિષ્ઠા મળી ગઇ. તે બધાને એક સરખા ભાગે વહેંચી દેવી પડશે, એ ભયથી મખદેવ પોતાની પ્રતિષ્ઠા લઈ, દૂર ચાલ્યા ગયા. તે દેવ પાસેથી બળાત્કારે પ્રતિષ્ઠા ખુંચવી લેવાના ઇરાદાથી બધા દેવો તેની ચારે બાજુ ફરી વળ્યા. હવે તે મખ તો ધનુષ્ય પર શરીર ટેકવીને દૂર ઉભા રહ્યા હતા. તે ધનુષ્યની દોરી તૂટી ગઈ અને તે ધનુષ્ય ઉંચે ઉછળ્યું. તે ધનુષ્યની ઉપલી કોટિથી મખનું શિર છેદાઈ ગયું. તે શિર યજ્ઞનો પ્રવર્ગ્ય ભાગ બની ગયું અને મખ પોતે તો યજ્ઞ ગણાયો. જ્યારે યજ્ઞની પૂર્તિ માટે પ્રવર્ગ્ય યજ્ઞ કરવામાં આવે છે, ત્યારે એ પ્રવર્ગ્યથી યજ્ઞનું શિર જોડવામાં આવે છે.

એ મખ પાસેથી જે યશ પ્રતિષ્ઠા પાછાં મળ્યાં, તે દેવોએ પોતાની અંદર વહેંચી લીધાં. તેમાં અગ્નિને જે ભાગ મળ્યો, તે આ રૌરવ ગાન ગણાય છે. એ અગ્નિ પોતે રુરુ શબ્દ કરે છે, માટે તે રુરુ છે, તે પરથી રૌરવ શબ્દ બન્યો છે.

તેમાંથી ઇન્દ્રને જે ભાગ મળ્યો, તે આ યૌધાજય ગાન ગણાય છે. ઇન્દ્ર પોતે તો યુધાજિત–યુદ્ધ કરીને વિજય મેળવે છે, તેમાં વજ્ર સાધન છે, માટે વજ્રને યૌધાજય કહે છે. તે પરથી આ ગાનનું નામ પડયું છે. ત્યારબાદ વાયુને જે ભાગ મળ્યો, તે ઔશન ગાન ગણાય છે. અહીં વાયુ પોતે ઉશન–સર્વને–મન ગમતો છે. તેના સંબંધથી આ ઔશન ગાન છે. માધ્યંદિન પવમાન પછી ચાર પૃષ્ઠ સ્તોત્ર

૧. તાંડય મહા બ્રા. ૭,૫,૬

ગવાય છે, તેમાં પહેલા સ્તોત્રમાં રથન્તર ગાન છે, તેનાં રહસ્ય આ બ્રહ્મવાદી રજૂ કરે છે :

૧ 'જ્યારે રથંતર ગાનમાં પહેલો ભાગ પ્રસ્તાવ પ્રસ્તોતા રજુ કરે છે, ત્યારે તે જાણે કે ઉદ્ગાતા સામે વજ્ર ધરતો હોય એમ લાગે છે. આથી જ્યારે ઉદ્ગાતા ઉદ્ગીથ શરુ કરે, ત્યારે તેનાં આદિ આવર્તન કરતાં સમુદ્ર શબ્દ મુકવો. આ વાણી તો સમુદ્ર છે, તેથી વજ્રનો બાધ નડતો નથી. એ વજ્રનો આઘાત દૂર કરવા, ઉદ્ગાતાએ બલપૂર્વક અને વિલંબ વિનાજ ગાન શરૂ કરી દેવું જોઇએ.

'આ રથન્તર તો સાચેજ દેવરથ છે. જેમ રથ એક એક ચક્રના આરા પ્રમાણે ગતિ કરે છે, એમજ આ રથન્તર ગાન એક એક અક્ષરનો ક્રમ પકડીને ગવાય છે, તેથી તે ઉદ્ગાતા રથંતરની પ્રતિષ્ઠા કરે છે. આ પૃથ્વી તો દેવરથ છે, માટે પૃથ્વીનો સ્પર્શ કરીને ઉદ્ગાતા રથંતરનાં ગાન ગાય. બૃહત્ અને રથંતર બંને સામની ઉત્પત્તિ વિષે આ બ્રહ્મવાદી જણાવે છે:

૨ 'પ્રજાપતિએ ઇચ્છા કરી, હું એક છું, અનેક થાઉં, બહુ બનું, મારાં સર્જન થાય. તેમણે વાણીનો સંયમ રાખી મનથી ધ્યાન ધર્યાં, તેમના મનમાં જે રહેલું હતું, તે બહાર આવ્યું, તેજ બૃહત્ સામ ગણાય છે.

તેમણે મનમાં એવી ધારણા કરી કે, મારી અંદર જે ગર્ભ રહેલો છે, તેનાં હું વાણીથી સર્જન કરૂં. આ રીતે તેમણે વાણીનાં વિસર્જન કર્યાં. તે વાણી જ રથંતર સામ ગણાય છે.

અહીં ઇન્દ્રે કહ્યું: હે મર્ત્ય માનવો, બહાર આવેલી વાણી એ તો મનમાં રહેલા વિચારોનું વાહન–રથ છે. વિચારમાંથી વાણીરૂપે આ રથ તરીને ઉપર આવ્યો છે, માટે વાણી એજ રથન્તર છે. એ પછી બૃહત સામનો જન્મ થયો. એ બૃહત તો ખરેખર, વિચારના ગર્ભરૂપે ઘણા વખત સુધી વિચારમાં રહેલ હતું, માટે તેને બૃહત સામ કહેવામાં આવે છે. જેમ પિતાનો જયેષ્ઠ પુત્ર હોય, એમ જ બૃહત તો પ્રજાપતિનો જયેષ્ઠ પુત્ર છે.

'આમ જો કે બૃહત પહેલાં હતું, પરંતુ વાણીના રૂપે રથન્તરનો જન્મ થયો અને પછી બૃહતનો જન્મ થયો. એ કારણે પ્રયોગમાં રથન્તર પહેલાં લેવાય છે અને બૃહત તે પછી લેવાય છે. જો કે બૃહત અને રથંતર તો શ્વાસ અને નિઃશ્વાસ રૂપે પ્રાણ અને અપાનના રૂપે છે. એ બંને તો મહાન વૃક્ષો જેવાં છે.

'સાચેજ, આ બૃહત છે, તે તો ઐર–અન્નનું સાધન છે અને રથન્તર તો ઐડ–પશુની સમૃદ્ધિ છે. બૃહત તો મન છે, રથંતર વાણી છે, બૃહત તો સામગાન છે, રથન્તર

૧. તાં. મ. બ્રા. ૭,૭,૯–૧૬ ૨. તાંડય મ. બ્રા. ૭,૬ જૈમિનીય બ્રા. ૧,૧૨૮

સામની ઋચા છે. બૃહત પ્રાણ અને રથંતર અપાન, બૃહત સ્વર્ગ અને રથન્તર ધરતી છે. આમ મનમાં ધ્યાન ધરીને ઉદ્‌ગાતા આ બેમાંથી એક સામનાં ગાન કરે, તેથી તે બંનેને સમર્થ બનાવે છે.'

અહીં સૃષ્ટિના સર્જનનો એક મૂલ પ્રશ્ન ચર્ચાયો છે. બે જોડકા પુત્રોનો જન્મ થાય, તેમાં મોટું કોણ ગણાય ? જેનો પહેલાં ગર્ભમાં પ્રવેશ થયો; તેનો જન્મ પછી થાય છે અને જેનો ગર્ભમાં પછી પ્રવેશ થયો, તેનો જન્મ પહેલાં થાય છે. વ્યવહારમાં તો તે મોટો ગણાય; પરંતુ પ્રજનનની દૃષ્ટિએ તો તે નાનો ગણાય. જો કે અહીં તો બંને સામગાનને સરખો દરજ્જો મળેલો છે.

આ બૃહત અને રથન્તરની પ્રક્રિયા એવી રીતે ગોઠવવામાં આવી છે કે જ્યાં સામ તરીકે રથન્તર લેવાય, ત્યાં છંદમાં બૃહતી લેવાય. અગ્નિષ્ટોમનાં પૃષ્ઠસ્તોત્રમાં એક ગાયત્રી છંદની તૃચ છે અને બાકીનાં ત્રણ સ્તોત્રોમાં બૃહતી અને સતો બૃહતીના પ્રગાથથી ત્રણ ઋચાઓ–તૃચ કરવામાં આવે છે. ગાયત્રી છંદમાં વામદેવ્ય નામનું ગાન ગવાય છે, તેનો મહિમા આ બ્રહ્મવાદી ગાય છે:

૧ 'પહેલાં જ્યારે આપો દેવી (જલ) ને ઋતુકાળ પ્રાપ્ત થયો. ત્યારે તેમની પીઠ પર વાયુદેવ પ્રવૃત્ત થયા. તેમના સંપર્કથી એક વામ–વરણીય વસુ–વસાવવા લાયક ધન સાધન પેદા થયું. તેને મિત્ર અને વરુણ બંને દેવોએ જોઈ લીધું અને તેમણે જણાવ્યું કે, હે મર્ત્ય માનવો, દેવોમાં આ તો એક વામ–સુંદર ધન પેદા થયું છે. તેને કારણે તેનું નામ વામદેવ્ય રાખવામાં આવ્યું.

એ વામદેવ્ય વસુને લઈને મિત્ર અને વરુણ કહેવા લાગ્યા. હે દેવો, આને અમે મેળવી લીધું છે, તે વિષે તમે અમને ના કહી શકશો નહિ.' ત્યાં તો પ્રજાપતિએ જણાવ્યું: 'મારામાંથી આનું સર્જન થયું છે. માટે તે વસુ મારું ગણાય.' અગ્નિએ જણાવ્યું. 'આનો જન્મ મારી સાથે થયો છે, માટે આ મારૂં અન્ન ગણાય.' ઈન્દ્રે જણાવ્યું. 'આ ધન તો શ્રેષ્ઠની પાસે રહે અને તમારામાં હું શ્રેષ્ઠ છું, માટે તે ધન મારૂં ગણાય.' ત્યાં તો વિશ્વેદેવોએ જણાવ્યું, 'આપો દેવીથી આ વસુનો જન્મ થયો છે. તે આપો દેવી તો સર્વ દેવ ગણાય છે, માટે તે વસુ અમારૂં ગણાય.'

સર્વે દેવોની માંગણી જોઈ, પ્રજાપતિએ નિર્ણય કર્યો કે, આ વામ વસુ પર બધા દેવોનો અધિકાર હો. આ ધનથી આપણા બધાની આજીવિકા ચાલતી રહો. એમ નિર્ણય કરીને તેમણે રથન્તર વગેરે પૃષ્ઠ ગાનોની વચમાં વામદેવ્ય ગાનને રાખી દીધું, તેથી તે વામદેવ્ય બધા દેવોના અધિકારમાં છે.'

---

૧. તાંડ્ય મહા બ્રા. ૭, ૮, ૧

कया न એ ઋચામાં क શબ્દ છે, તેનો સંબંધ પ્રજાપતિની સાથે છે, કારણકે क તે પ્રજાપતિ છે. આ ગાન અનિરુક્ત ઋચાઓમાં ગવાય છે અને અનિરુક્ત તો પ્રજાપતિ છે, તે રીતે આનો પ્રજાપતિની સાથે સંબંધ છે. આ ઋચાઓ ગાયત્રી છંદમાં છે અને તે છંદ અગ્નિનો છે. એ રીતે અગ્નિનો સંબંધ ગણાય. આ પૃષ્ઠસ્તોત્રોની સાથે સાથે નિષ્કેવલ્ય શસ્ત્ર ગવાય છે, તેના દેવ ઇન્દ્ર છે, તે રીતે આ ગાનની સાથે ઇંદ્રનો સંબંધ છે. વામદેવ્ય સ્તોત્ર ગવાયા પછી, મૈત્રાવરુણ શસ્ત્ર ભણાય છે. એ રીતે મિત્ર અને વરુણનો સંબંધ છે. તૃચના છેલ્લા ચરણમાં शतं भवा थी સર્વે દેવોનો બોધ થાય છે.

'कया न એ વામદેવ્ય ગાનની યોનિ ઋચા છે. પ્રજાપતિએ ગાયત્રી છંદમાં રહેલી એ ઋચાને જોઇ, તેમાં ધ્યાન ધર્યું કે. આને આધારે હું છ પૃષ્ઠ ગાનોની રચના કરૂં. એ રીતે તેમણે રથન્તરનાં સર્જન કર્યાં, જે રચના ઘોષની જેમ ગવાય છે. બૃહતનાં સર્જન્ય કર્યાં, જે મેઘની ગર્જનાને અનુસરે છે. બૃહતનાં ગાન વખતે દુંદુભિનો નાદ કરવો. વૈરૂપનાં સર્જન કર્યાં, જે વાયુના સુસવાટાને અનુસરે છે. વૈરાજનાં સર્જન કર્યાં, તે અગ્નિનાં મંથન કરાતાં હોય; તે પ્રકારના ઘરઘર ઘોષને અનુસરે છે. શાક્વરનાં સર્જન કર્યાં; તે જલોના સરસર અવાજને અનુસરે છે. રૈવતનાં સર્જન કર્યાં, તે ગાયોના हम्भा ઘોષને અનુસરે છે.

આમ આ છ પૃષ્ઠ સામ તે તે વિશેષ પ્રકારના ઘોષ—અવાજોની સાથે જન્મ્યા છે. આથી ઉદ્‌ગાતાઓ જ્યારે સામગાનની વાણી બોલે છે, ત્યારે તેમાં બધાં પ્રકારના ઘોષ અને બધા પ્રકારની પુણ્ય પવિત્ર વાણી બોલાતી હોય છે.'

આ રીતે રથંતર વગેરે છ ગાનોની ઉત્પત્તિ જણાવી છે. તેમાં અહીં તો રથંતર અને વામદેવ્ય પછી, નૌધસ અને કાલેય ત્રીજા અને ચોથા પૃષ્ઠ સ્તોત્રમાં ગવાય છે, જેમાં બૃહતી છંદ છે. શ્યૈત ગાન બૃહત અને નૌધસ રથન્તર ગાનને અનુસરે છે. તે ગાનોનાં રહસ્ય પણ આ બ્રહ્મવાદીઓએ પ્રગટ કર્યાં છે.

પ્રાતઃસવનમાં પવમાન સોમ ભરપૂર હોય છે, સતત ધારાથી તેની આહુતિ અપાય છે, તેથી અહીં એક બહિષ્પવમાન અને ચાર આજ્ય સ્તોત્રોમાં એકજ ગાયત્ર ગાન ગવાય છે. અને છંદ પણ એકજ ગાયત્રી છે. માધ્યંદિન સવનમાં સોમરસ પરિમિત હોય છે, તેને કારણે એક માધ્યંદિન પવમાન સ્તોત્રમાં ત્રણ છંદ હોય છે અને પાંચ ગાન ગવાય છે; પણ તૃતીય સવનમાં તો સોમરસ ખૂટી જાય છે. સોમના કૂચા—ઋજીષ બચ્યા હોય છે, તેમાં જલ છાંટીને પવમાન સોમ તૈયાર કરવામાં આવે છે. મુખ્ય દેવ ઇન્દ્રને પણ ભય લાગે છે કે, આ સવનમાં સોમરસ નહિ મળે. આ કારણે ઉદ્‌ગાતાઓ એકજ સ્તોત્રમાં પાંચ છંદમાં બાંધેલ સાત ગાન

ગાય છે. મંત્રનાં ગાન એક પ્રકારે સોમરસ છે, તે બતાવવાનું તાત્પર્ય છે. અંતમાં એકજ અગ્નિષ્ટોમ સ્તોત્રમાં યજ્ઞાયજ્ઞીય ગાન ગવાય છે.

આ સવનની પ્રક્રિયામાં જીવનનું દર્શન છે. બાલપણમાં અનેક પ્રકારના રસોનાં સર્જન થાય છે, યૌવન–વડપણમાં તેનો સારી રીતે ઉપયોગ થાય છે, પણ ઘડપણમાં જીવનના રસ સુકાઈ જાય, ત્યારે બહારનાં ધન સાધન કશા કામમાં આવતાં નથી. જેણે સેવા અને પરોપકારનાં કાર્યો કરવા પોતાના જીવનનાં બલિદાન આપ્યાં, તેનું તો ઘડપણ ખીલી ઉઠે છે. તેની પોતાની અંદર જ જીવનના રસ ભરેલા છે, તેથી તે પોતાના જીવનને ધન્ય બનાવે છે. અંગત સ્વાર્થ અને ભોગમાં જેનું યૌવન વેડફાઈ ગયું, તેને તો ઘડપણ કંટાળાભર્યું લાગે છે.

સાયંસવનના આર્ભવ પવમાન સ્તોત્રમાં ગવાતાં સાત ગાનોનું રહસ્ય આ બ્રહ્મવાદી પ્રગટ કરે છે :

૧ 'પહેલાં વસુ વગેરે દેવો સાધ્ય ગણાતા, જેમને ધન સાધન મેળવવાનાં હતાં. તેમણે યજ્ઞરૂપ ધન સાધનથી સ્વર્ગલોક મેળવી લીધો, તેથી તે સિદ્ધ દેવો ગણાયા. આ સાધ્ય દેવોને સોમયાગ કરવો હતો. તેમણે સ્વર્ગમાંથી સોમ લાવવા છંદોને કહ્યું. તેમણે પહેલાં જગતી છંદને મોકલ્યો, તેને ચાર અક્ષરો હતા. તેમાંથી ત્રણ અક્ષર મુકીને તે છંદ પાછો આવ્યો. ત્રિષ્ટુપ છંદને મોકલ્યો, તેને ચાર અક્ષર હતા, તેમાંથી એક અક્ષર મુકીને તે છંદ પાછો આવ્યો.

ચાર અક્ષરના ગાયત્રી છંદને મોકલ્યો. તે સ્વર્ગમાં રહેલ ત્રિષ્ટુપનો એક અને જગતીના ત્રણ અક્ષરોની સાથે ત્રણેય સવન માટેના સોમરસને લઈ આવ્યો. આથી તેને આઠ અક્ષર થયા. એ સવનોને તેણે હાથના પંઝામાં પકડયા અને ત્રીજા સવનને મુખમાં પકડયો. મુખમાં રહેલા સવનનો રસ દાંતથી ચૂસાઈ ગયો. તેમાંથી રસ ધરતી પર ટપકયા, તેમાંથી પૂતીકા નામનાં ઘાસ અને અર્જુન નામનાં ફૂલ થયાં. આમ તૃતીય સવનમાં સૂકાએલા સોમના કૂચામાં પાણી રેડવામાં આવે છે.

હવે ત્રિષ્ટુપે ગાયત્રી પાસે અક્ષરોની માંગણી કરી, તેણે આઠ અક્ષરો આપ્યા, તેમાં ત્રણ ઉમેરાતાં ત્રિષ્ટુપના અગિઆર અક્ષર થયા. તેમાં જગતીએ એક અક્ષર ઉમેર્યો, તેથી જગતીના બાર અક્ષર થયા. આને કારણે ગાયત્રી બધાં છંદોનાં રૂપ ગણાય છે. આર્ભવ પવમાન સ્તોત્રની પહેલી ઋચા આ છે:

२ स्वादिष्ठया मदिष्ठया पवस्व सोम धारया । इन्द्राय पातवे सुत :

૧. તાંડય મહા બ્રા. ૮,૪ ૨. સામવેદ ૬૮૯

હે સોમ, સ્વાદિષ્ટ અને મદભર ધારાથી ગતિ કર. ઈન્દ્રને પાન કરાવવા તારો રસ કાઢવામાં આવે છે.

'ત્રીજા સવનમાં સોમરસ રહ્યા નથી, એ ભયે ઈન્દ્ર ત્યાંથી ચાલ્યા ગયા. તેને બોલાવવા માટે દેવોએ સ્વાદિષ્ઠયા ઋચા ગાઈ. આમાં સ્વાદિષ્ઠ પદ મીઠાશ માટે છે અને મદિષ્ઠ પદ મદભર રસને માટે છે. બીજા ચરણથી સોમરસના સવનનો ભાવ છે અને ત્રીજા ચરણથી ઈન્દ્રને આકર્ષણ જગાડવાનું છે. આ ઋચા સાથેની બીજી બે ઋચાઓમાં ગાયત્ર અને સંહિત એ ગાન ગાવામાં આવે છે.

'પહેલાં જે સાધ્ય દેવો હતા, તે તૃતીય સવન સાથેનો સંબંધ જોડયા વિના માધ્યંદિન સવનના આધારે સ્વર્ગમાં પહોંચી ગયા. ત્યાં રહેલા દેવોએ તૃતીય સવનના સંહિત ગાનની સાથે સંબંધ જોડી આપ્યો. આમ સંબંધ જોડાવાથી, તે સંહિત ગાન કહેવાય છે. માધ્યંદિનનું કાલેય અને તૃતીય સવનનું સંહિત બંને ગાનોનો આ રીતે સંબંધ થાય છે.

पवस्व એકજ ઋચા કકુપ છંદમાં છે, તેમાં सफ ગાન અને इन्द्रमच्छ એકજ ઋચા ઉષ્ણિક છંદમાં છે, તેમાં पौष्कल ગાન ગવાય છે. સાધારણ રીતે તૃચની ત્રણ સ્તોત્રીયાઓમાં ગાન ગાવાની પ્રથા છે, તેનો અહીં અપવાદ જોવાને મળે છે.

'આ તૃતીય સવન તો સોમરસ ન હોવાને કારણે વિફલ હતું, તેને આ સામ ગાનથી સફલ બનાવ્યું. આ રીતે सफ ગાન સાર્થક છે અને पौष्कलગાનથી પુષ્કળ પશુઓની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. માટે તે નામ પણ સાર્થક છે.

पुरोजिती એ ઋચા અનુષ્ટુપ અને તે પછીની બે ઋચા ગાયત્રી છંદમાં છે. આ ત્રણ ઋચાઓમાં અનુષ્ટુપનાં ચાર ચરણ અને બે ગાયત્રીનાં છ ચરણ મળીને દશ ચરણ થાય છે. તેને પદ્યા વિરાટ કહે છે. તે ત્રણની અક્ષર ગણના કરતાં એંશી અક્ષર થાય છે, તેને અક્ષર્યા વિરાટ કહે છે. પદ્યા વિરાટથી દેવો સ્વર્ગલોકે ગયા અને અક્ષર્યા વિરાટથી તે સ્વર્ગના માર્ગને ઋષિઓએ જાણી લીધો. આમ સ્વર્ગલોકના જ્ઞાન માટે આ બંને પ્રકારના વિરાટનો આધાર લેવાય છે. આ તૃચમાં શ્યાવાશ્વ અને આંધીગવ એ ગાન ગવાય છે. અર્ચનાનસના પુત્ર શ્યાવાશ્વે જે ગાનથી વૃષ્ટિનાં આવાહન કર્યાં, તે ગાનનું નામ શ્યાવાશ્વ અને અંધીગુ ઋષિએ જે ગાનથી પશુઓની સંપત્તિ મેળવી, તેનું નામ આંધીગવ રાખવામાં આવ્યું.

अभि प्रियाणि તૃચ જગતી છંદમાં છે. તેમાં કાવ ગાન ગવાય છે, તેના દ્રષ્ટા ભૃગુના પુત્ર કવિ છે. તેનો સંબંધ પ્રજાપતિની સાથે છે. અહીં પ્રજાજનો પ્રિય હોય, પશુઓ પ્રિય હોય, એ ભાવે યજમાન પ્રજા અને પશુની સંપત્તિથી પ્રતિષ્ઠિત બને છે.

यज्ञा यज्ञा એ વિષમા બૃહતી અને સમા સતોબૃહતીના પ્રગાથથી બનેલ તૃચમાં यज्ञायज्ञीय સામ ગવાય છે. તેનું રહસ્ય આ છે. પહેલાં જે બ્રહ્મ–વેદોના મંત્ર હતા, તેના વિભાગ પાડીને દેવોએ વહેંચણી કરી. એમ કરતાં જે મુખ્ય રસ રહી ગયો, તે આ યજ્ઞાયજ્ઞીય સામના રૂપે ઓળખાયો. આથી જે ઉદ્દગાતામાં યજ્ઞાયજ્ઞીય સામગાનની સાથે સ્તોત્ર ગાય છે, તે મુખ્ય રસમાં યજ્ઞની પ્રતિષ્ઠા કરે છે. ઋચામાં યજ્ઞ શબ્દ બે વાર ભણાય છે, તે પરથી આ સામગાનનું નામ પડ્યું છે.

[1] પ્રાતઃસવનમાં ગાયત્રી, માધ્યંદિનમાં ત્રિષ્ટુપ અને સાયંસવનમાં જગતી એ રીતે ચઢતા ક્રમે છંદ લેવામાં આવે છે. હવે આ અગ્નિષ્ટોમ સ્તોત્રની પહેલી ઋચા વિષમા બૃહતીમાં છે, તેમાં ઉતરતો ક્રમ છે : અર્થાત્ ઋચાના પહેલા બે ચરણમાં यज्ञा वो अग्नये गिरा च दक्षसे માં બાર અક્ષર છે, તે જગતીનું એક ચરણ, प्र वयममृतं जातवेदसम् એ ત્રીજા ચરણમાં અગિયાર અક્ષર છે, તે ત્રિષ્ટુપનું એક ચરણ અને प्रियं मित्रं न शंसिषम् એ ચોથા ચરણમાં આઠ અક્ષર છે; તે ગાયત્રીનું એક ચરણ છે. આમ છેલ્લા સ્તોત્રમાં અવરોહ ક્રમ લેવાય છે. આનું તાત્પર્ય એ છે કે, યજમાન આ ક્રમે મનની ભાવનાથી સ્વર્ગ સુધી પહોંચી જાય છે અને અવરોહના ક્રમે તે પાછો પૃથ્વી પર પ્રતિષ્ઠિત બને છે.

[2] અગ્નિષ્ટોમનાં આ ત્રણ સવનનો સમન્વય સાધતાં બ્રહ્મવાદી જણાવે છેઃ

'જે પ્રસિધ્ધ અગ્નિષ્ટોમ મૂલ પ્રકૃતિયજ્ઞરૂપે પ્રસિધ્ધ છે. તેમાં સવારના પ્રાતઃ–સવનનાં સંપાદન તો ગાયત્રી છંદથી, માધ્યંદિનનાં ત્રિષ્ટુપ છંદથી અને તૃતીય સવનનાં સંપાદન જગતી છંદથી થાય છે. આમાં પ્રાતઃસવન તો સ્વયં પોતાની રીતે જ સંપન્ન છે, કારણ કે તેનાં બધાં સ્તોત્ર ગાયત્રી છંદમાં છે. હવે માધ્યંદિન સવનમાં આમ ચાર છંદ ગાયત્રી, બૃહતી, કકુપ અને ત્રિષ્ટુપ છે; પરંતુ અક્ષરોની ગણના કરતાં ત્રિષ્ટુપ બને છે. જેમકે કકુપના અઠ્ઠાવીસ અક્ષરમાં ગાયત્રીના સોળ અક્ષર જોડવાથી ચુંવાલીસ અક્ષરોનો ત્રિષ્ટુપ ગણાય. તે પછી બૃહતીના છત્રીશ અક્ષરોમાં ગાયત્રીના બચેલા આઠ અક્ષરો જોડવાથી બીજો ત્રિષ્ટુપ બને. છેવટના સૂક્તમાં તો ત્રિષ્ટુપ છંદ તો ત્રિષ્ટુપ છેજ. તેજ રીતે ત્રીજા સવનમાં છ છંદ છે : ગાયત્રી, ઉષ્ણિક, કકુપ, અનુષ્ટુપ, જગતી અને બૃહતી. હવે ગાયત્રીના ચોવીસ અક્ષરો ઉમેરો, તો કુકુપના ચોવીસ સાથે બીજો જગતી થાય. કકુપના ચાર વધ્યા; તેમાં ઊષ્ણિકના અઠ્ઠાવીસ ઉમેરો તો બત્રીશ અક્ષરોનો અનુષ્ટુપ થાય છે. પછીનો જે અનુષ્ટુપ છે, તેમાંથી સોળ અક્ષરો લેવામાં આવે, તો ત્રીજો જગતી થાયઃ તેમાં સોળ બાકી રહ્યા. તે

૧. તાં. મ. બ્રા. ૮, ૭, ૧ ૨. જૈમિનીય બ્રા ૧, ૨૪૨

પછીના સ્તોત્રનો જગતી છંદ છેજ. અંતમાં यज्ञा यज्ञा સ્તોત્રમાં બૃહતી છંદ છે, તેમાં અનુષ્ટુપના બાકીના સોળ ઉમેરો, તો અડતાલીસ અક્ષરોનો જગતી છંદ થાય.

આ રીતે છંદોનો સુમેળ બેસે છે. અહીં ઘણાં સ્તોત્ર ગવાય, ઘણાં શસ્ત્ર ભણાય અને ઘણા દેવોની સ્તુતિ થાય. એ પ્રકારની વિવિધતા યજ્ઞને સમૃધ્ધ કરે છે.

અગ્નિષ્ટોમનો એક અહોરાત્ર એ તો આદર્શ છે.. અહીં એકતા છે અને વિવિધતા પણ છે. સવારનાં સ્તોત્રોમાં એકતા સધાઈ છે, તેવી એકતા બપોર અને સાંજનાં સ્તોત્રોમાં જોવાને મળતી નથી. સવારે તો એકજ ગાયત્ર ગાન છે, બપોરે તો પાંચ ગાન અને સાંજના સાત ગાન રજૂ થયાં છે.'

સંગીત શાસ્ત્રને અનુસરી ગાનોની એકતા સધાઈ છે; તે પ્રમાણે સવારના, બપોરના કે સાંજના રાગો જુદા જુદા ગવાય છે, તેમાં વિવિધ ચીજો રજૂ થાય છે. પરંતુ આ ગાનો રજૂ કરવા પાછળ એકજ ભાવ રહેલો છે અને તે સ્વરોનું માધુર્ય. કાલને અનુસરી રાગ ગવાય, તો તે કાલના લયની સાથે તાલની એકતા સાધે છે, કાલના પ્રવાહ સાથેની સંવાદિતા સાધે છે.

સામગાન કહો, કે સંગીતના રાગ કહો, એ માનવના જીવનને ઉન્નત બનાવવામાં ઉપયોગી છે. સંગીત પણ વ્યસન બની જાય, તો તેથી જીવનને કોઇ લાભ થતો નથી; એમજ વિધિ વિધાનો પણ વ્યસન બની જાય, તો તે જડતા ઊભી કરે છે. વિધિનો આસ્વાદ લેવાને બદલે તેમાં રુક્ષતા આવી જાય છે.

જીવનનું આ તો સંગીત છે. તેનો એક અહોરાત્ર એ તો સમગ્ર જીવનની એક પ્રતિમા બને છે. તેનાં પ્રાત: સવન તો બાલપણ એકસરખો વિકાસ સાધે. યૌવન-વડપણમાં અનેક પ્રકારના છંદ અને જુદાં જુદાં રાગ રાગિણીઓ હોય, બધાજ સ્વર છંદે ચઢી જાય ને બેસૂરા રાગના આલાપ શરૂ કરે, તો યૌવન વેડફાઇ જાય ; છંદ સાચો, સ્વચ્છંદ નકામો. એમજ રાગ અને રાગિણીઓ જીવનની સંગત સાધે.

જીવનનું ઘડપણ આમ તો નીરસ ગણાય; પણ જો જીવનના વિવિધ રસોને સારી રીતે મ્હાણ્યા હોય, તો અનુભવના જ્ઞાનની રાહે વૃધ્ધજન પોતાના જીવનને સફળ બનાવે. આ ત્રણ પ્રહરનાં ગાનને જીવનની સંવાદિતા સાથે વણવાનાં છે. એ એકજ અહોરાત્ર ધન્ય બને છે.

# ૩

# સામ ગાનનો સુમેળ

આસંદી પર એ જંત્રી બેઠો છે. વીણા પરના તાર તે રણકાવી રહ્યો છે. બે ગવૈયા તેની સંગત કરી રહ્યા છે. જમણી બાજુએ ધ્રુવ વીણા પર એક સ્વર ચાલી રહ્યો છે. ડાબી બાજુએ ચલ વીણા પર અનેક સ્વર રણઝણી ઉઠે છે. એ જંતરી તો ઊંડો ને ઊંડો ઉતરી રહ્યો છે.

ઊંચામાં ઊંચા સ્વરનું ધ્યાન ધરીને, તે મધ્યમ સ્વર પર આવી રહ્યો છે અને ત્યાંથી તે મંદ્ર સપ્તક પર રાહ લે છે; ત્યાં તો ઉપાંશુ સ્વરની સાધના જાગે છે.

આ તો સ્વરોનું ઉત્થાન છે. તે નાદ અવ્યક્ત છે. સ્વર જાગે છે, પણ સંભળાતો નથી. તે વાણીનો વિષય નથી, તે અનિરુક્ત છે, છતાં ત્યાં સ્વરોનાં સ્પંદન છે, એક લય છે.

આ ગાંધાર સ્વર છે, નાભિ તેનું મૂલ છે, હૃદય તેનું સ્થાન છે. આ સ્વર હૃદય અને નાભિની વચ્ચે સંચાર કરે છે. અગ્નિ તેનાં સર્જન કરે છે, અગ્નિ તેનો દેવ છે, તેની પ્રેરણા છે, તેનો સ્થાયીભાવ છે.

બીજો ઋષભ સ્વર છે, તે ગાંધારને અનુસરે છે. નાભિની નીચે તેનું ઉત્થાન છે, કંઠ તેનું સ્થાન છે. તેનાં સર્જન ઇન્દ્ર કરે છે, માટે ઇન્દ્ર તેનો દેવ છે; તે પ્રાણરૂપ છે, માટે તે ઋષભ છે; શ્રેષ્ઠ છે. તેને ત્રણ ઠેકાણે બાંધવામાં આવે છે, ઉર, કંઠ અને શિરમાં. ત્યાં

તે ગંભીર રવ કરી રહ્યો છે, પણ તે બધાના સાંભળવામાં આવતો નથી. તે આદિ સ્વર છે, તે ઉદ્‌ગીથ ઓંકાર છે.

આ ત્રીજો સ્વર ષડજ છે, ત્યાં સ્વર થોભી જાય છે. આ તો સ્વરનો અંતિમ સ્વર છે, નિધન છે. એમાં બંને સ્વરોની સંગત છે. તેના સંચાર મૂલથી શરૂ થઈ, ભૃકુટી સુધી પહોંચી જાય છે. એ અવરોહી સ્વર છે. તેના દેવ વિશ્વેદેવો છે. સ્વરોને અનુસરવાનું તેનું કામ છે. તે સ્વર વ્યક્ત થાય છે. તે સ્વર સંચારી બને છે.

[1] એક રહસ્યવેત્તા બ્રહ્મવાદી સ્વરની આ રીતિને આગા કહે છે. આગા સામના સ્વરોની સમવાયી રીતિ છે; જેથી સામનાં સ્તોત્ર ગવાય છે. આગા એક વિશિષ્ટ પધ્ધતિ છે. એમ તે બ્રહ્મવાદી જણાવે છે:

'આ સામ ગાનની ત્રણ તો આગાઓ છે : એક તો આગ્નેયી; જેનો દેવ અગ્નિ છે; બીજી ઐન્દ્રી, જેનો દેવ ઇન્દ્ર છે, ત્રીજી વૈશ્વદેવી; જેના દેવ વિશ્વેદેવ છે.

આમાં જે આગા મંદ્ર સ્વર પર ચાલે છે, તે આગ્નેયી છે. તેથી પ્રાતઃસવનનાં ગાયત્ર ગાન ગાવાનાં છે, જેનો મુખ્ય સ્વર ગાંધાર છે. આ સામ સ્વરને કારણે તો પ્રાતઃ સવન આગ્નેય ગણાય છે; અર્થાત્ તેનો દેવ અગ્નિ છે. અગ્નિનું સ્થાન પૃથ્વી છે, માટે આ લોક પણ આગ્નેય ગણાય છે. આમ ઉદ્‌ગાતા સૌથી પહેલાં તો ધરતીનાં ગાન ગાય છે, તેથી તે આ લોકને સમૃધ્ધ કરે છે.

હવે જે આગા ક્ષેપ પેદા કરે છે, સ્વરનાં સ્ફૂરણ જગાડે છે; તે તો ઐન્દ્રી છે. તેથી માધ્યંદિન સવનનાં ત્રૈષ્ટુભ ગાન ગાવાનાં છે; જેનો મુખ્ય સ્વર ઋષભ છે. આ સામ સ્વરને કારણે તો માધ્યંદિન સવન ઐન્દ્ર ગણાય છે. અર્થાત્ તેનો દેવ ઇન્દ્ર છે. ઇન્દ્રનું સ્થાન દ્યૌસ–સ્વર્ગ લોક છે, તે પરલોક છે; ત્યાં ઇન્દ્રનું સ્થાન છે, માટે સ્વર્ગલોક ઐન્દ્ર ગણાય છે. ઉદ્‌ગાતા ઇન્દ્રને રાજી કરવા સ્વર્ગનાં ગાન ગાય છે, તેથી તે સ્વર્ગલોકને સમૃધ્ધ કરે છે.

જેમ અગ્નિના કણો વીંખાઈ જાય છે. એક અગ્નિમાંથી અનેક સ્ફુલિંગ-તણખા ઝરે છે, એમ જ જે આગા સ્વરની કલાઓ ફેલાવી દે છે, વાણીની માત્રાઓ વીંખી દે છે; તે તો વૈશ્વદેવી છે; તેથી સાયંસવનનાં જાગત ગાન ગાવાનાં છે, જેનો મુખ્ય સ્વર ષડ્જ છે. આ સામ સ્વરને કારણે તો સાયંસવન વૈશ્વદેવ ગણાય છે : અર્થાત્ તેના દેવ વિશ્વેદેવો છે. તેમનાં સ્થાન અંતરિક્ષ લોક છે, જે ધરતી અને સ્વર્ગનો મધ્યવર્તી છે. ત્યાં વિશ્વેદેવોનાં સ્થાન છે, માટે અંતરિક્ષ લોક વૈશ્વદેવ ગણાય છે. ઉદ્‌ગાતા વિશ્વેદેવોને રાજી કરવા અંતરિક્ષનાં ગાન ગાય છે; તેથી તે મધ્યવર્તી અંતરિક્ષ લોકને સમૃધ્ધ કરે છે.

---

૧. જૈમિનીય ઉપનિષદ બ્રાહ્મણ ૧, ૩

¹ સ્વરના મૂળ ઉત્થાનની વિચારણા કરતાં, આ બ્રહ્મવાદીઓ જણાવી રહ્યા છે; કે, સ્વરનાં એ ઊંચામાં ઊંચાં સ્થાન છે, જેનાં ધ્યાન યોગીઓ ધરે છે. આ એક જ આગા છે, જે હૃદયના ઉત્તમ સ્થાન પર જાગીને મંદ્ર સ્વરે અટકે છે. આથી ઉદ્‌ગાતા એ જ આગાથી ગાન કરે છે, તોપણ તે વાણીનું મધ્ય કેન્દ્ર છે. એ જ સ્વરની સાધના કે ઉપાસના કરવાની છે : અર્થાત્ ધ્રુવવીણા પર સંગત કરીને ગાયકે ગાંધાર સ્વરની રિયાઝ કરવી જોઇએ. સ્વરરૂપી વાણીના અભ્યાસ માટેનું એ તો મધ્યમ કેન્દ્ર છે, જેને ઉદ્‌ગાતા ગાય છે.

આ વાણીની સાથે સંગત કરવા માટે, તો વાણીની બધી જ રીતિઓ આવી પહોંચે છે. એમ માનોને કે, સ્વરોની બધી શ્રી અહીં એક જ સ્વરમાં આશ્રિત થઈ છે. આ રહસ્યને જે જાણે છે, તે તો સાચેજ એક ઠેકાણે કેન્દ્રિત થએલી શ્રીની સમૃધ્ધિ મેળવી લે છે.

'આ ઉપરાંત ક્રૌંચી નામની એક ચોથી આગા છે; જેના દેવ બૃહસ્પતિ છે, જે બૃહત બ્રહ્મ દિવ્ય મંત્રનાં સર્જન કરે છે. આ બ્રહ્મ એ પોતે જ બૃહસ્પતિ છે. દિવ્યમંત્ર એ તો બ્રહ્મ વર્ચસ્વ છે. દિવ્ય સ્વરની સાધના કરવાની કામના જેને હૈયે જાગી છે, તે ગાયક તો બ્રહ્મવર્ચસ કામ ગણાય. આ સ્વરની સાધનાથી ઉદ્‌ગાતા બ્રહ્મવર્ચસની સમૃધ્ધિ મેળવે છે.

ચૈકિતાનેય નામે એક ઉદ્‌ગાતા ઋષિ હતા. તે તો સામ સ્વરની એક જ આગાને ગાતા હતા. તે આગાનો સંબંધ ફક્ત એકલા જ ગાયત્ર ગાનની સાથે જ છે. આ સામનાં ગાયત્ર ગાન છે, જે એક જ લયમાં શ્વાસ લીધા વિના જ ગાવાનાં હોય છે. એક લયનું એ ઉદ્‌ગીથ ગાન છે, જેમાં પ્રતિહાર નથી; જે સ્વરમાં અટકવાનું નથી. અટકયા વિના જ સતત સ્વરમાં ગાયત્ર ગાન ગાવામાં આવે છે. સાચે જ ગાયત્ર એ તો પ્રાણ છે. તેની સાધનાથી ઉદ્‌ગાતા પ્રાણને સમૃધ્ધ કરે છે. તેથી તે સંપૂર્ણ આયુ મેળવે છે.'

બ્રહ્મવાદીએ અહીં ગાયત્ર ગાનનો મહિમા ગાયો છે. આ ગાયત્ર ગાનથીજ સવાર, બપોર અને સાંજનાં સવનોની શરૂઆત થાય છે. દરેક ઋચાની શરુઆતમાં પ્રસ્તાવ અને ઉદ્‌ગીથ ગવાય છે, તેમાં આ ગાયત્ર ગાન છે. તેમાં ઓકાર જોડવામાં આવે છે. ઓકારનાં તો ઉચ્ચારણ વ્યક્ત હોય છે, નિરુક્ત હોય છે. પરંતુ ગાયત્ર ગાનનાં ઉચ્ચારણ અનિરુક્ત હોય છે.

---

૧. જૈમિનીય ઉપનિષદ બ્રાહ્મણ ૧, ૩

૧ 'પ્રસ્તાવમાં અને ઉદ્દગીથમાં ગાયત્ર ગાન નિરુક્ત રીતે ગવાય; તો તે વાણીની ક્રૂરતા ગણાય. આ સ્વર તો મંદ્ર, અતિમંદ્રમાં ઉપાંશુની રીતે ગાવાના છે. આમાં જે સામગાન ભણનારા પ્રથમ સ્વર ભણે છે, તે તો વીણાનો મધ્યમ સ્વર છે અને દ્વિતીય સ્વર ભણે છે, તે તો વીણાનો ગાંધાર સ્વર છે. પ્રસ્તાવ પછી ઉદ્દગીથનાં ત્રણ આવર્તન કરવાનાં છે.'

હવે જે સ્વરની સાધના કરવા ચાહે છે, તે ગાયત્ર ગાનના પ્રસ્તાવ અને ઉદ્દ-ગીથનાં ગાન શ્વાસ લીધા વિનાજ એક લયમાં કરતા હોય છે. તે પછીના પ્રતિહાર ઉપદ્રવ કે નિધનના પ્રકારો તે સમયે લેતા નથી.

અહીં બ્રહ્મવાદીએ બૃહસ્પતિની ક્રૌંચી આગા ગણાઈ, તે કઇ? સંગીતકારોની માન્યતા પ્રમાણે ક્રૌંચપક્ષી મધ્યમ સ્વર ગાય છે. આ મધ્યમ સ્વર તેજ સામ–ગાનારનો પ્રથમ સ્વર છે. તે સ્વર વિશેષ ઉચ્ચ છે, તેનાં આકર્ષણથી દ્વિતીય સ્વર જાગે છે; જેને ગાંધાર કહે છે. ગાંધાર તે દ્વિતીય, ઋષભ તે તૃતીય અને ષડ્જ તે ચતુર્થ સ્વર છે. મંદ્ર તે નિષાદ, અતિસ્વાર્ય તે ધૈવત અને ક્રુષ્ટ તે પંચમ સ્વર છે, જેને સામગાનાર સપ્તમ સ્વર કહે છે.

સંગીત શાસ્ત્ર પ્રમાણે મધ્યમ સ્વર યમકને જોડનાર ગણાય છે; તે પ્રમાણે સા રિ ગ મ અને મ પ ધ ની સા ની સંગત થાય છે. સામગાનની પદ્ધતિ પ્રમાણે આ મધ્યમ સ્વર પ્રથમ છે; તે દ્વિતીય સ્વરનો ઉદ્દભાવક છે. આમ તે પ્રથમ હોવા છતાં પણ, સામગાનની આગા પધ્ધતિમાં ગાંધાર, ઋષભ અને ષડજ તેમજ નિષાદ, ધૈવત અને પંચમનાં ક્રમમાં મધ્યમ પર, છેવટે આવવા છતાં પણ, તે સ્વરોના ઉત્થાનમાં પ્રથમ છે.

જેમ કાવ્ય સાહિત્યનાં રસ, રીતિ અને પદ્ધતિ જીવનને ઉપયોગી છે; તેમજ આ સપ્તક સ્વરો પણ રસના ઉદભાવક છે. નિષાદ અને ગાંધાર તે કરુણ રસને જગાડે છે. ઋષભ અને ષડજ વીર, અદ્દભુત અને રૌદ્ર રસને જગાડે છે; તેમજ ધૈવત બીભત્સ કે ભયાનકને અને પંચમ તેમજ\/મધ્યમ હાસ્ય અને શૃંગાર રસને જગાડે છે. આમાં મુખ્ય તો કરુણ રસ છે, જે હૈયામાં વેદના જગાડે છે. પ્રજાપતિને હૈયે સૃષ્ટિનાં સર્જન કરવાની જે વૃત્તિ જાગી; તે આ કરુણા વૃત્તિ છે. પ્રજાજનો પરનો એ કૃપાભાવ છે. સર્વના હિતને માટે તો આ સંવેદના જાગી છે. કરુણા એ તો કરી છૂટવાની ભાવના.

આવીજ વેદના કવિને હૈયે જાગે છે અને કરુણાની લાગણીથી ભરપૂર બની, કાવ્યનાં સર્જન કરે છે. માતા એજ વેદના અનુભવે છે અને સંતતિને જન્મ આપે

૧. ગાયત્ર વિધાન પહેલો ખંડ

છે. પ્રકૃતિ માતાને અનુસરી, વૃક્ષ અને વનસ્પતિ ફલફૂલની સેવા કરે છે. અન્નનાં પોષણ આપે છે. આ કરુણા વૃત્તિથી પ્રેરાઈનેજ સેવક લોક સેવાનાં કાર્યો કરે છે અને નેતાઓ રાષ્ટ્રનાં હિત સાધે છે.

સામગાનમાં ગાયત્ર ગાન મુખ્ય છે. સવારે પ્રાતઃ સવનમાં ગાયત્રગાન મંદ્ર-સ્વરથી, બપોરે માધ્યંદિન સવનમાં ગાયત્રગાન મધ્યમ સ્વરથી અને સાંજે તૃતીય સવનમાં ગાયત્ર ગાન ઉચ્ચતર સ્વરથી ગવાય છે. આમ તો ગાયત્ર સવારનાં ગાન છે, તો ત્રૈષ્ટુભ બપોરનાં ગાન છે. બીભત્સ અને ભયાનક એ તો ત્રિષ્ટુભનાં ગાનથી જાગે છે. આમેય બપોરના દેવ રુદ્ર ભયાનક હોય છે. જીવનનો યૌવનકાલ પણ ઉદ્યમાતથી ભરેલો છે. તેમાં અનેક ઝંઝાવાતો જાગે અને તેમાં કેટલીય વિચિત્રતાઓ જાગે, જેથી બીભત્સ રસ પેદા થાય. સાંજના સવનમાં જાગત ગાન છે. જીવનની બીજા પ્રકારની કરુણા અહીં જોવાને મળે છે. જીવનના રસ સુકાઈ જાય અને જે કરુણા જન્મે; એવી આ ઘડપણની દશા છે.

આજના સંગીતમાં જેમ સમય સમયની ચીજો રાગ રાગિણીઓની સાથે ગવાય છે, એમજ આ સામગાન પણ સમયને અનુસરીને ગવાય છે. તેમાં મુખ્ય ગાનાર તો ઉદ્‌ગાતા છે, તેની સાથે બીજો ગાનાર પ્રસ્તોતા બેઠો છે અને તેની ઉત્તરમાં પ્રતિહર્તા બેઠો છે. આ પ્રસ્તોતા ગાનની શરુઆત કરે છે. ઉદ્‌ગાતા ઉદ્‌ગીથ ગાય છે, ઉપદ્રવમાં બંને સંગત થાય છે. પ્રતિહર્તા પ્રતિહારને જોડે છે અને સામગાનની સમાપ્તિમાં ત્રણેય ગાનાર—ઉદ્‌ગાતાઓ નિધન સ્વરને જોડી સ્વરની સંગતિ કરે છે. કેટલાંક ગાનોમાં તો આદ્ય અને હિંકાર એ બે પ્રકારો પણ જોડાય છે.

[1] સંગીત શાસ્ત્રની તુલના પણ અહીં કરવા જેવી છે: શબ્દ કહો કે નાદ; એ આકાશનો ગુણ છે: આહત અને અનાહત તેના બે ભેદ છે, તેનેજ વ્યક્ત કે નિરુક્ત અને અવ્યક્ત કે અનિરુક્ત કહે છે. આપણા આ શરીરમાં ચેતનનું જે સ્થાન છે, તેને હૃદય કહે છે. અહીં એક દહર નામનું સૂક્ષ્મ સ્થાન છે; તેમાં એક અત્યંત શુદ્ધ અવકાશ છે, તેને દહરાકાશ કહે છે. એમાં નાદ નિત્ય નિરંતર જાગતો રહે છે. જોકે તે માટે કોઇ આઘાતની કે આહતની જરૂર રહેતી નથી. તેને કારણે તો તેને અનાહત નાદ કહે છે. તે પછી આહત નાદ પણ જાગે છે.

[2] તે વિષે આ સંગીત શાસ્ત્રી જણાવે છે: માનવની હૃદયરૂપી વીણામાં ઇડા, પિંગલા અને સુષુમ્ણા નામની ત્રણ ઊર્ધ્વનાડીઓ છે; તેની સાથે બાવીસ નાડીઓ ઉર્ધ્વમાં અને બાવીસ નાડીઓ તીરછી રીતે જોડાએલી છે, જેમાં નીચેથી ઉપર આવતા વાયુના આઘાતથી ઉચ્ચ, ઉચ્ચતર અને ઉચ્ચતમ શ્રુતિઓ જાગે છે; તે પ્રમાણે કંઠ અને મસ્તકમાં બાવીસ શ્રુતિઓ પ્રગટ થાય છે.

૧. ડૉ. વાસુદેવ રચિત સંગીત શાસ્ત્ર—બીજો પરિચ્છેદ (હિંદી) ૨. શાઙ્ગર્ધર કૃત સંગીત રત્નાકર

આ શ્રુતિઓનાં નામ આ પ્રમાણે છે : તીવ્રા, કુમુદવતી, મંદા, છંદોવતી, દયાવતી, રંજની, રતિકા, રૌદ્રી, ક્રોધા, વજ્રિકા, પ્રસારિણી, પ્રીતિ, માર્જની, ક્ષિતિ, રક્તા, સંદીપની, આલાપિની, મદંતી, રોહિણી, રમ્યા, ઉગ્રા અને ક્ષોભિણી.

આ શ્રુતિઓને પ્રત્યક્ષ કરવા માટે બે વીણાઓની સંગત કરવામાં આવે છે : એક ધ્રુવવીણા અને બીજી ચલવીણા. બંનેને બાવીસ તાર જોડવામાં આવે છે, પહેલી વીણા મંદ્રતમ સ્વરમાં મેળવી લેવાની તથા બીજી ઊંચા સ્વર-ક્રુષ્ટ અને ક્રુષ્ટતમમાં મેળવી લેવાની છે. આ પ્રમાણે વીણાના તારની સાથે શ્રુતિઓ મેળવવામાં આવે છે. બે શ્રુતિઓ મેળવવામાં આવે, તો બે શ્રુતિઓ નિષાદ અને ગાંધાર સ્વરોને, ત્રણ શ્રુતિઓ ઋષભ અને ધૈવતને તેમજ ચાર શ્રુતિઓ ષડજ, મધ્યમ અને પંચમ સ્વરોને પ્રગટ કરે છે.

હવે ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ મૂલ સ્વરો છે. તેની સાથે આ શ્રુતિઓની તુલના કરીએ તો, ઉદાત્ત બે શ્રુતિમાં, અનુદાત્ત ત્રણ શ્રુતિમાં અને સ્વરિત ચાર શ્રુતિમાં જોડાય છે. જોકે મૂળ સ્વર બે, ત્રણ કે ચાર શ્રુતિઓથી ઉત્પન્ન થાય છે; તોપણ જે એક શ્રુતિ પર સ્વર આવીને ઉભો રહે અને ત્યાં થોડીક વાર મુકામ કરે;તેને સ્વર-સ્થાન કે નિયતશ્રુતિ કહે છે.

ઉપર જે બાવીસ શ્રુતિઓ બતાવી; તેમાંની પહેલી ચાર શ્રુતિઓથી ષડજ, પાંચમી, છઠ્ઠી અને સાતમાંથી ઋષભ, આઠમી અને નવમીથી ગાંધાર, દસમીથી તેરમી સુધીની શ્રુતિઓથી મધ્યમ, ચૌદમીથી સત્તરમી સુધી પંચમ, અઢારમી, ઓગણીસમી અને વીસમીથી ધૈવત તથા એકવીસમી અને બાવીસમી શ્રુતિ પર નિષાદ સ્વરની ઉત્પત્તિ થાય છે. આમાં ષડજ સ્વરની છંદોવતી, ઋષભની રતિકા, ગાંધારની ક્રોધા, મધ્યમની માર્જની, પંચમની આલાપિની, ધૈવતની રમ્યા અને નિષાદની ક્ષોભિણી નિયત શ્રુતિઓ છે. સામગાનની સંહિતામાં સ્વરની શ્રુતિઓ, કલાઓ, માત્રાઓ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે; તેનાં લક્ષણ બાંધતાં આ બ્રહ્મવાદી જણાવે છે :

[1] 'આ સંહિતાઓ ત્રણ પ્રકારની છે : વાયુની સર્વા અવૃધ્ધા, ઇન્દ્રની સર્વ-વૃધ્ધા અને અગ્નિની ઉત્સેધ પરોક્ષવૃધ્ધા : અર્થાત અવૃધ સ્વરોની એકમાત્રા, વૃધ્ધ સ્વરોની ત્રિમાત્રા અને પરોક્ષ વૃધ્ધસ્વરોની દીર્ઘ માત્રા છે.'

આનું તાત્પર્ય છંદોગ પરિશિષ્ટ ગ્રંથમાં આ રીતે બતાવ્યું છે : 'સ્વરોના ત્રણ પ્રકારો ઉચ્ચારણના કાલ પ્રમાણે ગણતાં હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત ગણાય છે. તેમાં હ્રસ્વની એકમાત્રા, દીર્ઘની દ્વિમાત્રા અને પ્લુતની ત્રિમાત્રા હોય છે. એક સ્વર

૧. સંહિતોપનિષદ બ્રાહ્મણ ૧,૨૧

પછી બીજા સ્વરના ઉચ્ચારણમાં જે કાલ પસાર થાય, તેને અર્ધમાત્રા કહેવામાં આવે છે. એ પ્રમાણે સ્વર વિનાના વ્યંજનની અર્ધમાત્રા ગણવામાં આવે છે.

ઉચ્ચારણ માટેના સ્વરભારમાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત લેવામાં આવે, તો હ્રસ્વની એકમાત્રા ઉદાત્ત, દ્વિમાત્રા સ્વરિત અને ત્રિમાત્રા અનુદાત્ત લેવાય, એ રીતે હ્રસ્વની એક, બે અને ત્રણ માત્રાઓ થાય; તેને કલાઓ પણ કહે છે. દીર્ઘ-સ્વરની બે માત્રાઓ પ્રમાણે દ્વિમાત્રિક ઉદાત્ત, ત્રિમાત્રિક સ્વરિત અને ચતુર્માત્રિક અનુદાત્ત બને, તેમજ પ્લુતની ત્રણ માત્રાઓ પ્રમાણે ત્રિમાત્રિક ઉદાત્ત, ચાતુર્માત્રિક સ્વરિત અને પંચમાત્રિક અનુદાત્ત ગણાય છે.

સ્વરની આ માત્રાઓને નાદની કલા ગણવામાં આવે, તો હ્રસ્વની ત્રણ કલા, દીર્ઘની ચાર કલા અને પ્લુતની પાંચ કલા ગણાય. તેનાજ વિભાગ કરવામાં આવે તો સ્વર ગાનની બાવીસ શ્રુતિઓ બને છે; તેમને વૃત્તિઓ કે ધારણાઓ પણ કહેવામાં આવે છે. તેમાંનાં કેટલાંક નામ આ છે : દ્રુતા, રોહિણી, શ્યામા, મધ્યમા, શ્વેતા અને વિલંબિતા.' સામગાનની આ કલાઓ, શ્રુતિઓ, ધારણાઓ કે વૃત્તિઓ માનવના હૃદયની ઉર્મિઓ કે લાગણીઓને વ્યવસ્થિત રીતે વ્યક્ત કરે છે અને તેથી માનવના જીવનને વિશેષ હૃષ્ટપુષ્ટ બનાવે છે. આ સ્વરોનું ઉત્થાન તો નાભિ છે, એ વિષે શિક્ષાકાર જણાવે છે :

[1] 'માનવના શરીરમાં રહેલ બુધ્ધિ સહિત આત્મા સૌ પહેલાં તો મનનો મેળ સાધે છે. તે મન નાભિની અંદર રહેલ જાઠરાગ્નિને (કે પછી પ્રાણવાયુને) પ્રદીપ્ત કરે છેઃ તે અગ્નિ મારુત–વાયુને ચલિત કરે છે. આમ નાભિની અંદર પહેલું પરિસ્પંદન જાગે છે, જેથી નાદ સ્વરની પ્રતીતિ થાય છે. એજ નાદ સ્વર નાભિથી ઉઠીને હૃદય, કંઠ અને મસ્તક સુધી પહોંચી જાય છે. નાભિમાં જે પ્રથમ પરિસ્પંદન રૂપે અતિસૂક્ષ્મ (પરા) અને સૂક્ષ્મ (પશ્યન્તી) વાણી બને છે; તેજ પરિસ્પંદન ઉપર ઉઠીને હૃદયમાં જતાં મંદ્ર સ્વરને પેદા કરે છે.

સામગાન ગાનારા ઋત્વિજો ગાયત્ર ગાનને આ મંદ્રસ્વરમાં લે છે. સોમયાગના પ્રાતઃસવનમાં તેથી શરુઆત કરવામાં આવે છે. તેથી તેને ઉપાંશુ કે અનિરુક્ત ગાન કહ્યું છે. એજ રીતે પરિસ્પંદિત પ્રાણવાયુ કંઠ પ્રદેશમાં જાય, ત્યારે કંઠ અને મુખનાં વિવિધ સ્થાનોમાં નિશ્ચિત સ્વરોનાં ઉચ્ચારણ થાય છે. માધ્યંદિન સવનમાં મુખ્યત્વે ત્રૈષ્ટુભમાં આ વ્યક્ત કે નિરુક્ત ઉચ્ચારણો જાગે છે. એજ રીતે મસ્તકના ઉચ્ચ પ્રદેશમાં ગતિ કરીને પ્રાણવાયુ કંઠનાં પ્રદેશોનો સ્પર્શ કરી સ્વરોનાં વિવિધ ઉચ્ચારણોને જગાડે છે. તૃતીય સવનમાં મુખ્યત્વે જાગત ગાન હોય છે, તેમાં આ પ્રકારના ઉચ્ચ સ્વરોનાં ઉચ્ચારણ હોય છે.'

---

૧. પાણિનીય શિક્ષા

સામગાનો વિવિધ પ્રકારનાં છે. તેમાં મુખ્યત્વે સ્વરનું સૌષ્ટવ છે, જે હૃદયની ઉર્મિઓને ઊર્ધ્વગામી બનાવે છે. એ દૃષ્ટિએજ તેના પ્રયોગ યજ્ઞમાં થાય છે. આમેય માનવનું જીવન એક યજ્ઞરૂપ છે અને તે જીવન એક પ્રકારના સમભાવ પર રચાય; તો તે પોતાને ઉપયોગી થાય; તેમજ સેવા અને પરોપકારનાં કાર્યોમાં તેનો સુમેળ બેસે.

એક દાર્શનિક કવિ જીવનવીણા વિષે જણાવે છે:

'અરે ઓ જીવન – જંત્રી, તારી આ જીવન વીણા છે; તેના તારને સખત રીતે બાંધી ન રાખીશ; એમ કરવા જતાં, તો તાર સખત થઈ જશે અને સૂર કઠોર જાગશે. વધારે તાણવા જતાં તે તૂટી પણ જાય; માટે સાવધાન રહેજે. એ વીણાના તારને જીવનના ખીંટા સાથે બાંધવા તો પડશે. સ્વરને જગાડવા માટે, તો એ બંધન જરૂરી છે, પણ તે તાર એટલા ઢીલા તો ન જ રાખજે, જેથી કોઈ સૂર જાગે નહિ. હાં, એ મધ્યમ ચાલ પર જીવન વીણાના તારને રણઝણવા દે. જોઈ લે કે, જીવનનું ગીત કેવું મધુરું જાગે છે'.

આ બ્રહ્મવાદી જીવનને યજ્ઞરૂપે જાણી, તેનાં રહસ્ય બતાવે છે :

[1] પુરુષ (માનવનું જીવન) એ તો સાચે જ યજ્ઞ છે. આ જીવનની શરુઆતનાં જે ચોવીસ વર્ષો છે, તે તો પ્રાતઃસવન છે. જે ગાયત્રી છંદ છે, તેના ચોવીસ અક્ષરો છે. હવે ગાયત્ર ગાન એ તો પ્રાતઃસવન છે. તેનો સંબંધ આઠ વસુ નામના દેવોની સાથે છે. આ શરીરમાં રહેલા પ્રાણ એ તો વસુઓ છે, કારણ કે શરીરમાં પ્રાણ રહેલા છે, તેને કારણે તો બધી બાબતો સુવાસિત બને છે. એ પ્રાણ જીવનને સુવાસ આપે છે. જીવનની શરુઆતનો આ કાલ બાળપણ છે; તેમાં કાંઈ શોક થાય, સંતાપ થાય; તો વસુઓને યાદ કરવા. આ વસુઓ તો પ્રાણ છે. તેમને કહેવાનું; મારું આ પ્રાતઃસવન તમારી દેખરેખમાં ચાલે છે. તમારે તેને માધ્યંદિન સવન સુધી પહોંચાડવાનું છે. આ ભાવના કરવાથી; તો તે પુરુષ નીરોગી બને છે, સ્વસ્થ બને છે.

આ પછી જીવનનાં જે ચુંવાલીશ વર્ષો છે; એ તો માધ્યંદિન સવન છે. જે ત્રિષ્ટુપ્ છંદ છે; તેના ચુંવાલીશ અક્ષરો છે. હવે ત્રૈષ્ટુભ ગાન એ તો માધ્યંદિન સવન છે; તેનો સંબંધ અગિઆર રુદ્ર નામના દેવોની સાથે છે. હવે આ શરીરમાં જે પ્રાણ છે, તે તો રુદ્રોનાં રૂપ છે. આ પ્રાણ તો ભયાનક છે, કારણ કે તે બધાને રડાવે છે. જીવનનો આ મધ્યાહ્નકાલ તો યૌવન છે, તેનો મેળ બેસે; તો તે જીવનનું વડપણ ગણાય છે. યૌવનકાલમાં કાંઈ શોક જાગે, સંતાપ જાગે, તો રુદ્રોને યાદ

૧. જૈમિનીય. ઉ. બ્રા. ૪, ૨

કરવા. આ રુદ્ર તો પ્રાણ છે. તેમને કહેવાનું : મારું આ માધ્યંદિન સવન તમારી દેખરેખમાં ચાલે છે. તમારે તેને સાયંસવન સુધી પહોંચાડવાનું છે. આ ભાવના કરવાથી, તો તે પુરુષ નીરોગી બને છે.

ત્યાર બાદ જીવનનાં જે અડતાલીશ વર્ષો છે, એ તો સાયંસવન છે. જે જગતી છંદ છે, તેના અડતાલીસ અક્ષરો છે. હવે જાગત ગાન છે, એ તો સાયંસવન છે, તેનો સંબંધ બાર આદિત્ય નામના દેવોની સાથે છે. આ શરીરમાં રહેલા પ્રાણ એ તો આદિત્ય છે; કારણ કે તે પ્રાણ છે, જે જીવનના વ્યવહાર ચાલૂ રાખવા બધી બાબતોને લાવી આપે છે.

જીવનનો આ અંતિમ કાલ તો ઘડપણ છે. જીવનનો એ પાકટ કાલ વૃદ્ધાવસ્થા ગણાય છે. તેનો જીવનની સાથે સુમેળ સાધવાનો છે. હવે જો કોઈ શોક આવે, સંતાપ જાગે, તો બાર આદિત્યોને યાદ કરવાના. આદિત્યો તો પ્રાણ છે, જીવન છે. તેમને કહેવાનું: મારું આ સાયંસવન તમારી દેખરેખમાં ચાલે છે. તમારે તેને આયુષ્યની અવધિ સુધી પહોંચાડવાનું છે. તમારે તેની સાથે જીવનનો સુમેળ બેસાડવાનો છે. આ ભાવના કરવાથી પુરુષ નીરોગી રહે છે.

જીવનની આ તો ત્રણ દશા છેઃ બાલપણ, વડપણ અને ઘડપણ. તે એક રીતે તો ત્રણ આયુ ગણાય. માનવનું આયુ ખાવા પીવાને ખેલવામાં વપરાઈ જાય; તો ત્રણજ ઘડીમાં જીવનનો ખેલ પૂરો થઈ જાય; પણ જો સેવા અને પરોપકારમાં તેનો ઉપયોગ થાય; તો જીવન સફળ બની જાય. એ તો એક આદર્શ જીવન ગણાય. તે જીવન યજ્ઞમય—સેવા પરાયણ બની જાય. તેને નીરોગી અને સ્વસ્થ રાખવાની ચિંતા દેવોને છે. બાલકને સારું ઘડતર મળે, તો તેનું જીવન સેવા પરાયણ બને. સેવાનું આ કાર્ય આઠમે વર્ષે શરુ કરો, તો તેનો મેળ સોમયાગના પ્રાતઃસવન સાથે થાય; તેના દેવ વસુઓ આઠ છે. તેમાં ચોવીસ અક્ષરોનો ગાયત્રી છંદ છે. ગાયત્ર ગાનની સાથે જીવનનો સુમેળ બેસાડવાનો છે. એ યજ્ઞમય જીવન બત્રીસ વર્ષ સુધી સ્વસ્થ બને છે.

બીજું માધ્યંદિન સવન છે, તેના દેવો અગિઆર રુદ્રો છે, તેમાં ચુંવાલીશ અક્ષરોનો ત્રિષ્ટુપ છંદ છે ત્રૈષ્ટુભ ગાનની સાથે જીવનના મધ્યાહ્નકાળનો સુમેળ બેસાડવાનો છે. બત્રીશથી શરુ કરીને છોત્તેર વર્ષ સુધીના એ જીવનની અવધિ છે. ત્રૈષ્ટુભનાં ગાનથી તે જીવન નીરોગી રહે છે. ત્રીજું સાયંસવન છે. તેના દેવ બાર આદિત્ય છે. તેમાં અડતાલીશ અક્ષરોનો જગતી છંદ છે. જાગત ગાનની સાથે જીવનનો સુમેળ સાધવાનો છે. એ યજ્ઞમય જીવન સીતોત્તોર વર્ષથી લઈ, એકસોને ચોવીસ વર્ષ સુધીનું છે. તે સંપૂર્ણ જીવનને પારે પહોંચાડવાનું છે. જે પ્રજાપતિએ આ પુરુષનાં

२३१

સર્જન કર્યાં, એ પ્રજાપતિ એકસોને પચીશ વર્ષના પ્રવેશે આવીને ઉભા રહે છે. એ જીવન પ્રજાપતિનું બની રહે છે.

એ મહિદાસ ઐતરેય છે, જેણે યજ્ઞમય જીવનનાં એકસોને સોળ વર્ષ સારી રીતે સફળ સિદ્ધ કર્યાં હતાં. જ્યારે કોઈ શોક સંતાપ આવે, ત્યારે તે પ્રાણરૂપ દેવોને જણાવે અને તે દેવો તેની સંભાળ લે. આમ શોક સંતાપ દૂર કરી, એ ઋષિએ એકસોને સોળ વર્ષના આયુને સ્વસ્થ અને નીરોગી રાખ્યું હતું. તેનું તે જીવન યજ્ઞમય હતું.

આ પ્રકારે સેવા અને પરોપકારમાં જેણે પોતાનાં જીવન અર્પી દીધાં, તેનું જીવન તો યજ્ઞમય બની ગયું. આ એક દિવ્ય જીવનનો નમૂનો છે. ઐતરેય મહિદાસ જેવો કો'ક ઋષિ એ પ્રકારનાં જીવન જીવી ગયો અને એ જીવનનો માર્ગ બીજાને બતાવતો ગયો. તેને જીવનનું દર્શન થયું હતું.

૧ આ પ્રકારના જ આદર્શ જીવનને જીવનાર શ્રીકૃષ્ણ હતા. એક રહસ્યવેત્તાએ દેવકીપુત્ર શ્રીકૃષ્ણના નામનો ઉલ્લેખ કર્યો છે. તેમના ગુરુ સાંદીપનિ એ તો ગુણવાચક નામ છે, જેણે વિદ્યાને દીપાવી. તેમનું મૂળ નામ તો ઘોર આંગિરસ. તેમણે પોતાના શિષ્યને અજર અમર જીવનનો બોધપાઠ આપ્યો હતો. એજ શ્રીકૃષ્ણે ગીતામાં આદર્શ જીવનનો મહિમા ગાયો છે, તેમાં આ સેવા, પરોપકાર અને યજ્ઞમય જીવનનાં દર્શન થાય છે. શ્રીકૃષ્ણ એકસોને પચીશ વર્ષનું આદર્શ જીવન જીવી ગયા છે. તેમાં યજ્ઞમય જીવનનોજ નમૂનો જોવાને મળે છે. તેમના જીવનના કેટલાક પ્રસંગોને વેદ વ્યાસે આજ ભાવનાએ આલેખ્યા છેઃ

૨ 'ત્યારે શ્રીકૃષ્ણ દ્વારિકામાં વિરાજતા હતા. તેમનાં દર્શન કરવા માટે આદિ પ્રજાપતિ બ્રહ્મા આવી પહોંચ્યા. સાથે પોતાના પુત્ર પ્રજાપતિઓ હતા. ભૂતભાવન ભવનાથ મહાદેવ પણ પોતાના ભૂતગણોની સાથે આવ્યા હતા. દેવરાજ ઈન્દ્ર હતા, તો મરુદ્દગણ પણ હતા, બાર આદિત્ય, અગિયાર રુદ્ર, આઠ વસુઓ, અશ્વિનીકુમાર, ઋભુઓ, અંગિરાઓ, વિશ્વેદેવો, ગાંધર્વ, અપ્સરાઓ, નાગ, સિદ્ધ, ચારણ, ગુહ્ય, વિદ્યાધર, કિન્નર, ઋષિઓ, પિતૃઓ કૃષ્ણનાં દર્શન કરવાની ઈચ્છાથી આવ્યા હતા.

એ દ્વારિકાવાસી કૃષ્ણનાં દર્શન અદ્ભુત હતાં. તે પોતે ભગવાન નરલોક મનોરમ હતા. તેમનો દેહ દિવ્ય અને નિર્મળ હતો, જેણે સર્વ લોકોના મળ હરી લીધા હતા અને નિર્મળ યશ ફેલાવ્યો હતો.

એ શ્રીકૃષ્ણનાં માનવ દેહનાં દર્શન દેવોને દુર્લભ હતાં, તેમનાં લીલાચરિત અદ્ભુત હતાં. દેવોએ તેમની સ્તુતિ કરતાં, જણાવ્યું :

૧. છાંદોગ્ય ઉપનિષદ્ ૨. શ્રીમદ્ ભાગવત ૧૧,૬

૧ હે અશેષરૂપ, ભૂમિના ભારને ઉતારવા માટે અમે આપને પહેલાં જણાવ્યું હતું. તમે તે કાર્ય પુરૂં કર્યું છે, આપે ધર્મની પ્રતિષ્ઠા કરી, યશનો વિસ્તાર કર્યો. યદુવંશમાં અવતાર લીધો, તેને આજે એકસોને પચ્ચીશ વર્ષ પૂરાં થયાં. આ તો આપનું પૂર્ણ આદર્શ જીવન છે. હવે આપ પરમધામ માટે પધારો.'

જેનાં જીવન યજ્ઞમય છે, તેની પૂર્ણતા એકસોને પચીશ વર્ષની છે. તે જીવનમાં દેવોના સાથ સહકાર મળી રહે છે. એ તો સોમયાગ છે, જેનાં ત્રણ સવનોમાં ગાયત્ર વગેરેનાં ગાન સંભળાય છે. કૃષ્ણ જીવનના આ ત્રણ પ્રસંગો આલેખી શકાય; જેમાં આપણને ત્રણેય સવનના ગાનોનો સુમેળ જોવાને મળે છે:

એ ગોકુલ વૃંદાવનનો પ્રસંગ છે. ત્યારે શ્રીકૃષ્ણ સાત વર્ષના એક બાલક હતા અને તેમને સપ્તાહ મહોત્સવ મનાવવો હતો. દેવરાજ ઈન્દ્રે પણ ઐરાવતની સાત સાત સૂંઢથી મૂશળધાર વરસાદ મોકલી આપ્યો હતો.

૨ ચાલો આ સારો અવસર મળી ગયો. બધાંજ ગોકુલનાં વ્રજવાસી જનો ગોવર્ધનની નીચે આવી ગયાં. અહિં તો સાંજેને સવારે અને અહોરાત્ર કૃષ્ણ પ્રભુનાં દર્શન કરવાનો મહોત્સવ રચાઈ ગયો. એક પ્રકારનો આ તો સોમયાગજ મનાવી લીધો.

એ સપ્તાહ સોમયાગની પૂર્ણાહુતિ થઈ. માનોને કે દેવરાજ ઈન્દ્ર પણ પ્રસન્ન થઈ ગયા. સ્વર્ગની કામદુઘા સુરભિને સાથે લઈ તે ગોવર્ધન પર આવી પહોંચ્યા. દેવોની માતાઓ અને ઋષિમુનિઓ તેમની સાથે હતાં. સુરભિનાં મીઠાં મધુરાં દૂધથી તેમણે કૃષ્ણ પર અભિષેક કર્યો. તેમને ઈન્દ્રે ગવેન્દ્ર બનાવ્યા—ગોવિન્દ નામનાં પદ આપવામાં આવ્યાં. તે સમયે તુંબુરુ નારદ વગેરે સિદ્ધ ગાંધર્વોએ સામનાં ગાનથી પ્રભુને વધાવી લીધા.

માનવના બાલકને સાતમે કે આઠમે વર્ષે ગુરુકુલમાં પ્રવેશ મળે છે. અને તેના જીવનનો ક્રમ શરૂ થાય છે. શ્રીકૃષ્ણ તો એક દિવ્ય આદર્શ પુરુષ છે, તેમના જીવનનાં આ પ્રાતઃસવન શરૂ થયાં અને તે ગવેન્દ્ર બન્યા, ગોવિન્દ બન્યા. બત્રીશ વર્ષ સુધીનાં આ પ્રાતઃસવનમાં એકજ ગાયત્ર ગાન ગવાય છે. શ્રીકૃષ્ણ ગોકુલ છોડી, મથુરા આવે છે. અને મથુરા છોડી દ્વારકામાં વાસ કરે છે. તેમના જીવનનું એ તો માધ્યંદિન સવન છે. જીવનનો એ યૌવન કાળ, કૃષ્ણ માટે તો વડપણજ ગણાય, રાજા નહિ હોવા છતાં, તે અનેક રાજ્યોનાં સંચાલન કરી રહ્યા છે.

ચુંવાલીશ વર્ષના એ વડપણને પુરું કરી, શ્રીકૃષ્ણે સીતોત્તેર વર્ષ પછી પણ વડપણનેજ—યૌવનનેજ દીપાવ્યું છે, ઘડપણ તો તેમને આવ્યું જ નથી. હાં, તે બધી

૧. વિષ્ણુ પુરાણ ૨. ભાગવત ૧૦.૨૫

293

રીતે વૃદ્ધ બન્યા છે. વૃદ્ધ બનીને તેમણે ગીતાનો બોધ આપ્યો અને તેમને જગદ્ગુરુની પ્રતિષ્ઠા મળી છે. માધ્યંદિન સવનમાં ગાયત્ર ગાન તો ચાલુ જ છે, સાથે બીજાં પાંચ ગાન ગવાયાં છે અને ત્રણ છંદોમાં સ્તુતિઓ ગવાઈ છે. એજ રીતે સાયં સવનમાં પણ ગાયત્ર ગાનની સાથે સાથે પાંચ છંદ અને સાત ગાન ગવાયાં છે. એ કૃષ્ણ જીવનની એક આદર્શ પદ્ધતિ છે.

૧ શ્રીકૃષ્ણ એક યજ્ઞ પુરુષ છે. ગોપીજનો માટેના એ પ્રેમ પુંજ, યાદવોના ભાગ્યની મૂર્તિ અને ઉપનિષદોનું દિવ્ય ગાન. આ બધું એક શ્યામ બ્રહ્મમાં સંહિત થયું છે. અને આ ભાવે એક આદર્શ જીવનનું આલેખન થયું છે.

અહીં સામગાન દિવ્ય મંત્ર–બ્રહ્મના સ્વરૂપે આપણને જોવાને મળે છે. શ્રીકૃષ્ણની ચરિત લીલા એક સોમયાગની રજૂઆત છે. એજ જીવનનો આદર્શ ગીતામાં ગવાયો છે. શ્રીકૃષ્ણની એ મધુર મુરલીનો નાદ છે. આ નજરે અહીં એક આદર્શ જીવન આલેખાયું છે, જેમાં સામગાનનો સુમેળ સધાયો છે. આ જીવન સેવા અને પરોપકારનાં કાર્યોમાં પ્રેરક બને છે.

આ સોમયાગની પ્રક્રિયા પણ એક રહસ્યપૂર્ણ છે. અહીં ત્રણ પ્રયોગ સાથે સાથે ચાલે છે. અધ્વર્યુ સોમરસથી ગ્રહપાત્ર ભરે છે, ઉદ્ગાતા સ્તોત્રનાં ગાન કરે છે અને હોતા શસ્ત્રનાં પઠન કરે છે. જે સૂક્ત ગવાય,તે સ્તોત્ર અને તેની એક એક ઋચા તે સ્તોત્રીયા ગણાય અને જે સૂક્ત ભણાય, તે શસ્ત્ર અને તેની ઋચાઓ યાજ્યા ગણાય.

સવારના વિશ્વરૂપા સ્તોત્રનાં ગાન ગવાય છે, ત્યારે પ્રાતરનુવાક શસ્ત્ર ભણાય છે. વસતીવરી નામના ઘડામાં જલ ભરાય છે, એ સોમરસ કાઢવામાં ઉપયોગી બને છે. તેની સાથે જ્યોતિર્ગાન પણ ગવાય છે, તેનું રહસ્ય બ્રહ્મવાદી રજૂ કરે છે:

૨ 'અહીં જે જ્યોતિનાં ગાન છે, તે પોતે જ્યોતિ છે. સૂર્ય એ જ્યોતિ છે, ઋચા એ જ્યોતિ છે, ગાયત્રી છંદ એ જ્યોતિ છે, સામ સ્વયં જ્યોતિ છે. આ ગાનથી અજ્ઞાન અને અંધકાર દૂર થાય છે.'

૩ અહીં સૂર્ય, ચંદ્ર તથા અગ્નિ એ ત્રણ દેવોની સાથે ગીતામાં જણાવેલ સૂર્ય, ચંદ્ર અને અગ્નિનો સુમેળ સધાય છે. સાક્ષાત્ શ્રીકૃષ્ણ પોતે ત્રણેય જ્યોતિઓનું સ્વરૂપ છે.

---

૧. पुंजीभूतं प्रेम गोपांगनानाम् मूर्तीभूतं भागधेयं यदूनाम् ।
एकीभूतं गुप्तवित्तं श्रुतीनाम् श्यामीभूतं ब्रह्म मे संनिधत्ताम् । –लीला शुक

૨. ષડવિંશ બ્રાહ્મણ, ૧,૪

૩. यदादित्यगतं तेजो जगद् भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत् तेजो विद्धि मामकम् ।
—શ્રીમદ ભગવદ ગીતા પંદરમો અધ્યાય

[1] આ વિશ્વરૂપા ગાન પણ કૃષ્ણના ઉદાર જીવનનાં દર્શન કરાવે છે. તેમના આદર્શ જીવનની ગાથા શતપદી ઋચાઓનાં શંસનથી અને સહસ્રવર્તનિ સામનાં ગાનથી વર્ણિત છે. તેમના જીવનનાં ત્રણ સવન એજ ગાયત્ર, ત્રૈષ્ટુભ અને જાગતનાં દર્શન કરાવે છે. તેમની લીલાઓએ વિશ્વરૂપોને ધારણ કર્યાં છે. તેમનાં દર્શન કરવા માટે તેમનાં સ્થાનોમાં બધા દેવો આવી પહોંચે છે.

એજ પ્રકારે પ્રાતઃસવનની પ્રક્રિયા પણ ચાલે છે. આ સવનની શરુઆતમાં અધ્વર્યુ સોમરસથી પાત્રોને ભરે છે; તે સમયે ઉદ્‌ગાતા બહિષ્પવમાન સ્તોત્ર ગાય છે અને હોતા પ્રઉગ નામના શસ્ત્રને ભણે છે. પ્રાતઃસવનમાં ઉપાંશુ અને અંતર્યામ નામના બે ગ્રહોમાં ભરેલ સોમરસની આહુતિ અપાય છે; ત્યારબાદ ઇન્દ્ર અને વાયુ, મિત્ર અને વરુણ તથા બે અશ્વિનીકુમારોને ઉદ્દેશી દ્વિદેવત્ય ગ્રહોનો હોમ કરે છે.

આ ગ્રહ, સ્તોત્ર અને શસ્ત્ર એ એકલી પ્રક્રિયા નથી. તેની સાથે એક રહસ્ય છે, તેને બ્રહ્મવાદીઓ અને રહસ્ય વેત્તાઓ પોતપોતાની રીતે સમજાવે છે. આ દ્વિદેવત્ય ગ્રહનું રહસ્ય આ બ્રહ્મવાદી સમજાવે છે. [2] 'જે આ દ્વિદેવત્ય ગ્રહ છે, તે તો નવજાત કુમારના પ્રાણ છે. વાણી અને પ્રાણ ઐન્દ્રવાયવ ગ્રહ છે. નેત્ર અને મન મૈત્રાવરુણ ગ્રહ છે અને શ્રોત્ર તથા આત્મા તો આશ્વિન ગ્રહ છે.

શરુમાં ગવાતી પહેલી પુરોનુવાક્યા (ઋગ્ ૧,૨,૧) ના દેવ વાયુ છે, તે પછીના સૂક્તની પુરોનુવાક્યા (ઋગ્ ૧,૨,૪) ના દેવ ઇન્દ્ર અને વાયુ છે અને છેલ્લા સૂક્તની પુરોનુવાક્યા (ઋગ્, ૧,૨,૭) ના દેવ અશ્વિનીકુમારો છે.

જ્યારે અધ્વર્યુ ઐન્દ્રવાયવ ગ્રહની સાથે સંચાર કરે છે, ત્યારે ઉદ્‌ગાતા ગાયત્ર સામનાં ગાન કરે છે અને હોતા વાયુદેવત્ય અને ઇન્દ્રવાયુ-દેવત્ય સૂક્તનાં શંસન કરે છે.

નવજાત કુમારના સર્જનમાં આની સંગતિ બેસે છે. તેના શરીરમાં સૌ પહેલાં પ્રાણના સંચાર થાય છે. આ સમયે ગાયત્રગાનમાં જે બહિષ્પવમાન સ્તોત્રની નવ સ્તોત્રીયાઓ ગવાય છે; તેમાંની પહેલી સ્તોત્રીયા રેતસ્યા વીર્યસિંચનના રૂપે, બીજી પ્રાણાપાનના અનુસંધાનમાં, ત્રીજી નેત્રની જ્યોતિ, ચોથી કાનનાં સંધાન, પાંચમી હલનચલન, છઠ્ઠી ઇંદ્રિયોના વ્યવહાર, સાતમી અને આઠમી જીવનમાં નવા પ્રાણનાં ચેતન અને નવમી સ્તોત્રીયા તો પ્રાણની પ્રતિષ્ઠા છે.

પ્રાતઃસવનમાં એક બહિષ્પવમાન સ્તોત્ર ત્રિવૃત્ સ્તોમમાં નવ સ્તોત્રીયાઓ રજૂ કરે છે તેમજ ચાર આજ્યસ્તોત્રો પંચદશ સ્તોમમાં સાઠ સ્તોત્રીયાઓ રજૂ કરે છે. માધ્યંદિન સવનમાં એક માધ્યંદિન પવમાન સ્તોત્ર પંચદશ સ્તોમમાં પંદર અને ચાર પૃષ્ઠસ્તોત્રો સપ્તદશ સ્તોમમાં અડસઠ સ્તોત્રીયાઓ રજૂ કરે છે. ત્યારબાદ

---

૧. સામવેદ ૧૮૨૯ ૨ ઐતરેય બ્રહ્મણ ૯,૨, ૧-૨૬

૨૬૯

સાયંસવનમાં એક આર્ભવ પવમાન સ્તોત્ર સપ્તદશ સ્તોમમાં સત્તર અને એક અગ્નિષ્ટોમ સ્તોત્ર એકવીસ સ્તોમમાં એકવીસ સ્તોત્રીયાઓ રજૂ કરે છે. ઉદ્‌ગાતાની સાથે સામગાન ગાવામાં પ્રસ્તોતા અને પ્રતિહર્તા સંગત થાય છે, એજરીતે હોતાની સાથે શસ્ત્રનાં શંસન કરવામાં મૈત્રાવરુણ, બ્રાહ્મણાચ્છંસિ તથા અચ્છાવાક નામના ઋત્વિજો સાથ આપે છે.

ત્રણ સવનોમાં બાર સ્તોત્ર અને ચાર સ્તોમનાં આવર્તન સાથે ગવાય છે, એજ રીતે શસ્ત્રની સંખ્યા બાર છે: આજ્ય, પ્રઉગ, મરુત્વતીય, નિષ્કેવલ્ય, વૈશ્વદેવ, આગ્નિમારુત, મૈત્રાવરુણ, બ્રાહ્મણાચ્છંસિ અને અચ્છાવાક. છેલ્લાં ત્રણ શસ્ત્ર જુદાં જુદાં સૂક્તોમાં બે વાર ભણાય છે. સોમયાગની આ પ્રક્રિયા આજે તો જટિલ લાગે છે. તેના પ્રયોગો પણ બહુજ ઓછા જોવાને મળે છે, તો પછી તેનું પ્રયોજન શું ?

સર્જનની શરૂઆતમાં પ્રજાપતિએ આ સોમયાગનાં અનુષ્ઠાન કર્યાં. અને તેમણે સર્વ લોકમાં પ્રતિષ્ઠા મેળવી, સફળતા પ્રાપ્ત કરી. ઈન્દ્ર વગેરે દેવોએ તે સોમયાગનાં અનુષ્ઠાન કર્યાં અને તેમને વિજય મળ્યો. યજ્ઞની આ ભાવના અને તેની પ્રક્રિયાનાં રહસ્ય ખોલવામાં આવે, તો આ યજ્ઞનું અનુષ્ઠાન સફળ થાય.

આજે તો આપણાં જીવન મૃતપ્રાય બની ગયાં છે. આપણે શ્વાસ નિઃશ્વાસ લઇએ છીએ, ખાઇએ, પીએ અને ખેલીએ છીએ. આ તો એક તુચ્છ જીવન છે. આપણે જેવાં કર્મ કરીશું; એવા આપણે બનીશું. આપણી ભાવના સેવા અને પરોપકાર માટે જાગશે, તો આપણાં જીવન દિવ્ય બનશે.

આપણને માર્ગદર્શન આપનાર એ પ્રજાપતિ છે, બ્રહ્મા છે, નારાયણ છે. તેમણે જે સેવા અને પરોપકારનાં કાર્યો કર્યાં; તે પ્રમાણે આપણે કાર્ય કરીશું; તો જીવનમાં દિવ્યતા જાગશે. આમાં ભૌતિક જીવનનાં, સુખ ભોગનાં સાધનોનાં તો બલિદાન આપવાનાં છે. આ તો એક સમર્પણનો માર્ગ છે, જે બધાને માટે સહજ સરળ નથી. બધાનાં જીવન કાંઈ અનુકરણ કરવા જેવાં હોતાં નથી.

કો'ક આદર્શ માનવજ યજ્ઞપુરુષ બની શકે છે. તેને માટે આ સોમયાગ એક અનુષ્ઠાન બની રહે છે, જીવનની સાધના બની રહે છે. આ ભાવને અનુસરી ઋષિઓએ મંત્રોનાં દર્શન કર્યાં છે, તેમાં બ્રહ્મરૂપ ઉદાર જીવનનાં નિરૂપણ છે, તેનાં રહસ્ય બ્રહ્મવાદીઓ અને તત્વવેત્તાઓએ ખોલ્યાં છે. તે રહસ્ય સમજાય, તોજ સોમયાગની પ્રક્રિયા કામની છે, બાકીનું જ્ઞાન વિનાનું કર્મ તો ભારવાહી છે.

જીવનના ભારને હળવો કરવાનું અને જીવનમાં નવાં સંગીત જગાડવાનું કામ આ સામગાન કરે છે. તે સામગાનનો સુમેળ આપણા જીવનની સાથે જોડવાનો છે. જીવનની સાથે સોમયાગનાં ત્રણ સવનોની સંગતિ આ બ્રહ્મવાદી જોડી આપે છે.

૧ 'સોમયાગને અગ્નિષ્ટોમ અને જ્યોતિષ્ટોમ કહે છે. તેને માટે એકજ મુખ્ય દિન છે, તેને સુત્યા કહે છે, કારણકે સોમના રસનાં સવન કરીને, ગ્રહપાત્ર ભરીને ઈન્દ્ર વગેરે દેવોને આહુતિઓ આપવાની છે. આહુતિ આપતા સમયે ઉદ્‌ગાતાઓ સ્તોત્ર ગાય છે અને હોતાઓ શસ્ત્રનાં શંસન કરે છે.

પ્રાતઃસવનમાં એક બહિષ્પવમાન સ્તોત્ર અને ચાર આજ્યસ્તોત્ર ગાવાનાં છે. આ પાંચેય સ્તોત્રોનો એકજ છંદ છે અને એકજ ગાયત્ર ગાન ગાવાનું છે. આનું તાત્પર્ય આ છે. આ છંદ એ તો યજ્ઞપુરુષનો એક પાદ છે. જેમ પુરુષ એક પગ પર ઉભો રહે છે અને બીજા પગે ચાલે છે; એમજ ગાયત્રી છંદ એ યજ્ઞપુરુષની પ્રતિષ્ઠા છે.

માધ્યંદિન સવનમાં એક માધ્યંદિન પવમાન સ્તોત્ર અને ચાર પૃષ્ઠસ્તોત્ર ગાવાનાં છે. આ સ્તોત્રોમાં ગાયત્રી, બૃહતી અને ત્રિષ્ટુપ્ એ ત્રણ છંદ અને તેમાં પાંચ ગાન ગવાય છે. આનું તાત્પર્ય આ છે: જેમ પુરુષને નીચેના ત્રણ પ્રાણ હોય છે. એક મલનાં વિસર્જન, બીજું મૂત્રનું વિસર્જન અને તેનું એક છિદ્ર વીર્યનાં સિંચન છે; એમજ યજ્ઞ પુરુષના આ ત્રણ નીચેના પ્રાણ ગાયત્રી, બૃહતી અને ત્રિષ્ટુપના રૂપે છે. માધ્યંદિન પવમાન સ્તોત્રના પહેલા તૃચ (ત્રણ ઋચા) નો છંદ ગાયત્રી છે, તેમાં ગાયત્ર અને આમહીયવ નામનાં બે ગાન ગવાય છે. આનું તાત્પર્ય આ છેઃ દરેક પુરુષને બે તો નીચેના પ્રાણ મલ અને મુત્રના વિર્સજન માટે છે, એમજ યજ્ઞ પુરુષનાં આ બે ગાન એ તો બે પ્રાણ છે.

બીજા તૃચમાં બેજ ઋચાઓ બૃહતી અને સતોબૃહતી છંદમાં છે. તે બેની ત્રણ ઋચાઓ ગોઠવવાની; તેને પ્રગાથ કહે છે. આ રીતે ગોઠવેલી ત્રણ ઋચાઓમાં રૌરવ અને યૌધાજય નામનાં બે ગાન ગવાય છે. આનું તાત્પર્ય આ છે. પુરુષના બે પ્રાણ છે: પ્રાણ અને અપાન, જેથી શ્વાસ પ્રશ્વાસ લેવાય છે. એજ રીતે યજ્ઞ-પુરુષનાં આ બે ગાન તો પ્રાણ અને અપાનના રૂપે છે.

ત્રીજા તૃચનો છંદ ત્રિષ્ટુપ્ છે. તેમાં ઔશન નામે એક ગાન ગવાય છે. આનું તાત્પર્ય આ છે. પુરુષને એક નાભિ હોય છે. પુરુષમાં નવ પ્રાણ હોય, પણ મધ્યવર્તી નાભિ એક છે. એ નાભિ તો બધા પ્રાણોને ધારણ કરે છે. એજ રીતે ઔશન ગાન એ તો યજ્ઞપુરુષની વિધૃતિ, નાભિ છે.

માધ્યંદિન પવમાન સ્તોત્ર પછી ચાર પૃષ્ઠ સ્તોત્ર ગવાય છે. બીજું ગાયત્રી છંદમાં અને બાકીનાં ત્રણ સ્તોત્રોમાં બૃહતી અને સતોબૃહતીના પ્રગાથથી ત્રણ ત્રણ ઋચાઓ બને છે. આમ પૃષ્ઠસ્તોત્રમાં એકજ ગાયત્રી અને બાકીનાં સ્તોત્રોમાં બૃહતી

---

૧. ષડ્‌વિંશ બ્રાહ્મણ ૧,૩

233

છંદ છે. આનું તાત્પર્ય આ છે : પુરુષના શરીરમાં જે છાતીનાં પડખાં છે, તે તો બૃહતી—વિશાળ પ્રમાણમાં છે. તેમજ અંદરની પાંસળીઓ તે પણ બૃહતી હોય છે. આમ યજ્ઞપુરુષના શરીરની છાતીઓનાં હાડકાં તો બૃહતી છંદ ગણાય, જે એક ગાયત્રી છંદની સાથે વણાય છે.

આ પછી ત્રીજું સાયંસવન છે; તેમાં એક આર્ભવ પવમાન સ્તોત્ર અને એક યજ્ઞાયજ્ઞીય સ્તોત્ર છે. આમાં જે આર્ભવ પવમાન સ્તોત્ર છે, તેમાં પાંચ છંદ અને સાત ગાન ગવાય છે. ગાયત્રી, કકુપ્—બૃહતી પ્રગાથ, ઉષ્ણિક, અનુષ્ટુપ્ સાથે ગાયત્રી અને જગતી એ પાંચ છંદ છે. તેમાં સાત ગાન—ગાયત્રી છંદમાં ગાયત્ર અને સંહિત, કકુપ્‌ની એક ઋચામાં સફ, ઉષ્ણિક્‌ની એક ઋચામાં પૌષ્કલ, અનુષ્ટુપ્ અને ગાયત્રીમાં શ્યાવાશ્વ અને આંધીગવ તેમજ જગતીમાં કાવ—ગવાય છે.

આર્ભવ પવમાન એ તો મુખરૂપ છે, તેમાં ગાયત્રી છંદ પ્રાણરૂપે, ઉષ્ણિક્ અને કકુપ એ બે કાનરૂપે, અનુષ્ટુપ વાણીરૂપે અને જગતી આંખરૂપે છે.

અહીં ગાયત્રી છંદમાં ગાયત્ર અને સંહિત એ ગાન છે, એથી તો યજ્ઞપુરુષ પોતાના પ્રાણથી શ્વાસ અને પ્રશ્વાસ લે છે; પ્રાણ લે છે અને અપાન લે છે. કકુપ અને ઉષ્ણિક એ બંનેના અક્ષરોની ગણના એક સરખી છે, માટે તે એકજ છંદ ગણાય; તેમાંની એક એક ઋચા પ્રમાણે બે ગાન સફ અને પૌષ્કલ ગવાય છે. આનું તાત્પર્ય આ છેઃ પુરુષને કાન તો બે છે પણ બંને કાને એકસરખી વાણી સાંભળે છે. ત્યારબાદ અનુષ્ટુપ છંદ છે, તેમાં શ્યાવાશ્વ અને આંધીગવ નામનાં બે ગાન ગવાય છે. પુરુષને વાણી તો એક છે, પણ તેની રજૂઆત બે રીતે થાય છે. પુરુષ વાણીથી સાચું બોલે છે, તે એક પ્રકાર. જુઠું બોલે છે, તે બીજો પ્રકાર. જગતી છંદમાં કાવ નામનું એક ગાન ગવાય છે. આનું તાત્પર્ય આ છેઃ પુરુષની આંખો બે હોય છે, પણ તે એકજ સરખી ચીજ જુએ છે, તેને પોતાની પાછળ આવતો માણસ દેખાતો નથી. આમ યજ્ઞ પુરુષને કાવ નામનું ગાન તે આંખના રૂપે છે. સમાપ્તિમાં અગ્નિષ્ટોમ સ્તોત્ર વિપમા બૃહતી અને સમા સતોબૃહતીના પ્રગાથ છંદમાં છે; તેમાં યજ્ઞાયજ્ઞીય નામના સામનું ગાન થાય છે. જેમ પુરુષનું મસ્તક સૌથી ઉપર હોય છે અને તે ઉત્તમ ગણાય છે. એમજ યજ્ઞાયજ્ઞીય ગાન એ તો યજ્ઞપુરુષનું મૂર્ધા ગણાય છે. જે બ્રહ્મવાદી આ રહસ્યને જાણે છે, તે પોતાના સંબંધીજનોમાં મૂર્ધા સ્થાને રહે છે, મુખ્ય સ્થાન મેળવે છે.

જેમ પુરુષના શરીરનાં બીજાં અંગો નીચે હોય અને મસ્તક સૌથી ઉપર હોય; એમજ યજ્ઞપુરુષના શરીરમાં આ ગાન તો બીજાં અંગો જેવાં છે અને યજ્ઞાયજ્ઞીય ગાન એ તો મસ્તકને સ્થાને છે.

૧ રહસ્ય જાણનારા બ્રહ્મવાદીઓ યજ્ઞ વિષે પોતાનું મંતવ્ય ધરાવે છે :

યજ્ઞ છે,તે જન્ન છે; કારણકે તેથી એક નવા પુરુષનાં જનન થાય છે : અર્થાત્ યજ્ઞ એક નવસર્જનનું કર્મ છે. જન્ન–જનન કહો; એ તો સીધો અર્થ થયો; યજ્ઞ તેનો પરોક્ષ અર્થ છે; તેમાં પ્રયોજન છૂપાએલું છે. આમ જે બ્રહ્મવાદી યજ્ઞનાં રહસ્ય જાણે છે, તેમજ યજ્ઞનાં રહસ્ય બતાવનાર વેદના મંત્રોનાં પ્રવચન કરે છે; તે તો સાચેજ જન્મેલો ગણાય : અર્થાત્ તેનો જન્મ સફળ થયો. જેમ માતાના ઉદરમાં ગર્ભ ઓળથી ઢંકાએલો હોય; તે જણાતો નથી; તેમજ યજ્ઞ વિષેના અજ્ઞાનને કારણે ઋત્વિજને યજ્ઞનું છૂપાએલું રહસ્ય જ્ઞાન મળતું નથી; પરંતુ યજ્ઞના રહસ્યને જાણનાર બ્રહ્મવાદી અજ્ઞાનરૂપ ઓળને દૂર કરે છે અને યજ્ઞના છૂપાએલા રહસ્યને સારી રીતે જાણે છે અને તેજ સાચે યજ્ઞમાં ઉપસ્થિત રહીને કર્મનાં સારી રીતે અનુષ્ઠાન કરે છે. તેનાં સમજણ સાથેનાં વેદનાં વચનો સાંભળીને, બીજા બ્રહ્મવાદી જનો જણાવે છે : આ ઋત્વિજે તો સારી રીતે સમજણ પૂર્વક યજ્ઞનાં અનુષ્ઠાન કર્યાં છે.' આમ તેની કીર્તિ ફેલાય છે અને તે વેદનાં અનુવચન ભણનાર ઋત્વિજ તો સાચેસાચ પોતાના જન્મને સફળ બનાવે છે.

અહીં યજ ધાતુથી બનેલ યજ્ઞ શબ્દની વ્યુત્પત્તિ છોડીને, બ્રહ્મવાદીએ જન ધાતુથી બનેલ જજ્ઞ ને પરોક્ષ રીતે યજ્ઞ કહ્યો છે. તેનું મૂળ તાત્પર્ય આ છે : પ્રજાપતિએ પ્રજાજનોનાં સર્જન કર્યાં; એ રીતે યજ્ઞપુરુષનાં સર્જન કર્યાં છે : અર્થાત્ યજ્ઞના અનુષ્ઠાનથી એક નવો જન્મ મળે છે; નવા સંસ્કાર મળે છે. સેવા અને પરોપકારનાં કાર્યો કરવાથી માણસનું ઘડતર નવી રીતે થાય છે. અહીં યજ્ઞ કરનાર–યજમાન પોતેજ પ્રજાપતિ બનીને, પોતાનાંજ સર્જન કરે છે, એ ભાવ બતાવવામાં આવ્યો છે.

જેમ સાપ જૂની કાંચળી ઉતારી દે, ગર્ભનું બાળક ઓળ દૂર કરે; એમજ જ્ઞાનીજન અજ્ઞાન દૂર કરે છે. આ નવલાં સર્જન છે, કાયાના કલ્પ છે. જુનું બધું ખંખેરી નાખવાનું છે અને નવાં ઘડતર કરવાનાં છે. યજ્ઞકર્મ એક દિવ્ય અનુષ્ઠાન છે, તોપણ જ્ઞાન વિના કરાએલાં ઉત્તમ કર્મ પણ કશા કામનાં નથી. તેથી કર્મના જ્ઞાનનો મહિમા અહીં રજૂ થયો છે.

અગ્નિષ્ટોમ યજ્ઞના રહસ્યને બ્રહ્મવાદી તત્વજ્ઞાનીઓએ અનેક રૂપે રજૂ કર્યું છે. ખૂબીની વાત એ છે કે, યજ્ઞની પ્રક્રિયા એકજ સરખી છે. જેમ પ્રજાપતિનાં સર્જનમાં વ્યવસ્થા છે, ક્રમ છે; એમજ અગ્નિષ્ટોમની પ્રક્રિયા એજ એક ક્રમ અને વ્યવસ્થાને અનુસરે છે. એમાં યજૂઓના મંત્રોથી ગ્રહપાત્ર ભરવાં, સામગાનથી

૧. ષડવિંશ બ્રાહ્મણ ૧,૩

સ્તોત્ર ગાવાં અને ઋચાઓથી શસ્ત્રનાં શંસન કરવાં. આ ક્રમને બધાજ બ્રહ્મવાદીઓ સ્વીકારે છે.

સોમયાગ અનેક પ્રકારના છે. તેમાં એક દિવસ—અહોરાત્ર ચાલે, તે એકાહ, બેથી બાર દિવસ સુધી ચાલે તે અહીન અને તેરથી લઈ, માસ કે વર્ષ સુધી ચાલે તે સત્ર, એકાહમાં અગ્નિષ્ટોમ મૂળ પ્રકૃતિ ગણાય છે. તેનો મુખ્ય દિવસ સુત્યા—સોમ રસનાં સવન છે; તે પ્રમાણે સવારે પ્રાત: સવન, બપોરે માધ્યંદિન સવન અને સાંજે તૃતીય સવન. બેથી બાર દિવસ ચાલતા અહીનમાં તેમજ સત્રમાં મૂળના એકજ સુત્યા અહોરાત્ર પ્રમાણે રોજે રોજ ત્રણેય સવન કરવાનાં હોય છે.

તે માટે સ્તોત્ર ભણવાનો ક્રમ એક સરખો; પરંતુ તેનાં છંદ અને ગાનોમાં ફેરફાર કરવામાં આવે છે; તેનાં વિધાન બ્રહ્મવાદીઓ અને સૂત્રકારો રજૂ કરે છે; તેમાં થતા ફેરફારો નોંધી છે અને તાત્પર્ય રજૂ કરે છે.

તે પ્રમાણે અગ્નિષ્ટોમના પ્રાત: સવનમાં એક બહિષ્પવમાન સ્તોત્ર ગાયત્ર ગાનમાં ત્રિવૃત્ (નવ સ્તોત્રીયાઓ) સ્તોમ દ્વારા તેમજ ચાર આજય સ્તોત્ર ગાયત્ર ગાનમાં પંચદશ (પંદર પંદરની ચાર આવૃત્તિઓથી સાઠ સ્તોત્રીયાઓ) સ્તોમ દ્વારા રજૂ થાય છે, તેમાં બધી મળીને ૬૯ સ્તોત્રીયાઓ થાય છે.

માધ્યંદિન સવનમાં એક માધ્યંદિન પવમાન સ્તોત્ર પાંચ ગાન (ગાયત્ર, આમહીયવ, રૌરવ, યૌધાજય અને ઔશન) ત્રણ છંદ (ગાયત્રી, બૃહતી અને ત્રિષ્ટુપ) અને પંચદશ (પંદર સ્તોત્રીયાઓ) સ્તોમમાં તેમજ ચાર પૃષ્ઠસ્તોત્ર, પાંચ ગાન (રથંતર, વામદેવ્ય, શ્યૈત, નૌધસ અને કાલેય) તેમજ ત્રણ ગાયત્રી, બૃહતી અને ત્રિષ્ટુપ છંદ, સપ્તદશ (સત્તર સત્તરની ચાર આવૃત્તિઓની અડસઠ સ્તોત્રીયાઓ) સ્તોમ દ્વારા રજૂ થાય છે; તેમાં પાંચ સ્તોત્રોની ૮૩ સ્તોત્રીયાઓ થાય છે.

તેજ રીતે તૃતીય સવનમાં એક આર્ભવ પવમાન સ્તોત્ર સાત ગાન (ગાયત્ર, સંહિત, સફ, પૌષ્કલ, શ્યાવાશ્વ, આંધીગવ અને કાવ), પાંચ છંદ (ગાયત્રી, કકુપ, ઉષ્ણિક, અનુષ્ટુપ અને જગતી) સપ્તદશ (સત્તર સ્તોત્રીયાઓ) સ્તોમ દ્વારા તેમજ સમાપ્તિનાં અગ્નિષ્ટોમ સ્તોત્ર યજ્ઞાયજ્ઞીય ગાન, બૃહતી અને સતોબૃહતીના પ્રગાથથી એકવિંશ (એકવીસ સ્તોત્રીયાઓ) સ્તોમ દ્વારા રજૂ થાય છે; તેમાં બે સ્તોત્રોની ૩૮ સ્તોત્રીયાઓ થાય છે.

આ પ્રમાણે ઉદ્દગાતાઓ સ્તોત્રીયાઓનાં ગાન કરે છે; તેમાં સ્તોત્ર, ગાન, છંદ સ્તોમનો ક્રમ એક સરખો સ્વીકારવામાં આવ્યો છે. આ પ્રક્રિયાઓમાં કોઈ વધારો કે ઘટાડો થઈ શકતો નથી. જેમ ન્યૂનતા—ઘટાડો દોષ ગણાય એમજ અતિરિક્ત-વધારો પણ દોષ ગણાય.

પ્રજાપતિના સર્જનમાં કોઈ ક્ષતિ હોતી નથી. યજ્ઞનાં સર્જન પણ પ્રજાપતિએ પુરી સાવધાનીથી કર્યાં છે. તેજ સર્જનની પ્રક્રિયાને અનુસરવું, તે એક યજ્ઞીય અનુષ્ઠાન છે. સંભવ છે કે, માનવ પુરેપુરી સાવધાની રાખે, તોપણ તેના કાર્યમાં દોષ આવવાનો. એ દોષ દૂર કરવા, ન્યૂન કે અતિરિક્ત જે વિધિ થઈ ગયો, તેનાં પ્રાયશ્ચિત કરી લેવાં જોઈએ, તે માટે આ બ્રહ્મવાદી જણાવે છે :

[1] 'સોમયાગનો આ પ્રકૃતિયજ્ઞ અગ્નિષ્ટોમ છે. તેને જ્યોતિષ્ટોમ અને ચતુષ્ટોમ કહે છે; કારણ કે એમાં ત્રિવૃત્ , પંચદશ, સપ્તદશ અને એકવિંશ એ ચાર સ્તોમ ગવાય છે. એ ચાર સ્તોમને જ્યોતિ કહે છે. આ ચતુષ્ટોમમાં બધી મળીને એકસોને નેવું સ્તોત્રીયાઓ થાય છે. હવે તેમાં દશ સંખ્યાના વિરાટ છંદની સંપત્તિ ગણવામાં આવે; તો ઓગણીસ વિરાટ થાય છે. આ ઓગણીસ વિરાટ તો યજ્ઞની સંપત્તિ ગણાય.

જે ઋત્વિજો વિરાટની સંપત્તિની કામના રાખતા હોય અને તેથી પરલોકની સમૃધ્ધિ મેળવવા ઈચ્છતા હોય; તેમણે તો ચાર સ્તોમના ક્રમ પ્રમાણેજ એકસોને નેવું સ્તોત્રીયાઓનાં ગાન કરવાં. હવે જો કોઈ ઋત્વિજો આ વિરાટની સંપત્તિ પ્રમાણેની એકસોને નેવું સ્તોત્રીયાઓના ક્રમને અનુસરે નહિ; અર્થાત્ તેમાં ઘટાડો કે વધારો કરે; તો તે વિરાટને ઓળંગીને યજન કરે છે, એમ ગણાય અને તેથી તેમનો કરેલો શ્રમ નકામો જાય. આ યજ્ઞ કરવા છતાં પણ તેમને વિરાટની સંપત્તિ મળે નહિ. એટલું જ નહિ. જે ઋત્વિજો વિરાટની સંપત્તિ ગણાતી એકસોને નેવું સ્તોત્રીયાઓને બદલે ઓછી સંખ્યામાં સ્તોત્રીયાઓ ભણે; તે વિરાટની સંપત્તિ અને તે પ્રમાણે મળતા પરલોકના લાભને માટે શ્રમ કરતા હોય છે, તોપણ તેમનો શ્રમ નકામો જાય છે. આટલો મોટો પરિશ્રમ કરવા છતાં પણ તેમણે બીજી રીતે મેળવેલાં સુકૃત–પુણ્ય પણ નાશ પામે છે.

આમ સ્તોત્રીયાઓ ભણવામા જે ન્યૂન કે અતિરિકત નામનો દોષ થાય; તેથી અગ્નિષ્ટોમ યજ્ઞનું અનુષ્ઠાન કર્મ થયુંજ નહિ; એમ ગણાય. આમ મોટો પરિશ્રમ ઉઠાવ્યા છતાં પણ, કર્મ તો કર્યું નહિ અને યજમાન ફ્લની આશાએ પરલોક સીધાવી જાય; પરંતુ ત્યાં તેમને વિરાટની સંપત્તિનું ફળ તો મળેજ નહિ; એ રીતે તેમણે કરેલો પરિશ્રમ નકામોજ જાય.

અહીં યજ્ઞની પ્રક્રિયા પર ભાર મૂકવામાં આવ્યો છે. યજ્ઞથી મળતી સમૃધ્ધિ કે અધૂરા યજ્ઞથી થતી હાનિ : બંને પર વિચારણા કરવામાં આવી છે. જે કોઈ

---

૧. ષડવિંશ બ્રા. ૧, ૬

દોષ થઈ જાય; તેને ટાળવાનો અને ઉણપ દૂર કરવાનો ઉપાય પણ વિચારવામાં આવ્યો છે. તે વિષે બ્રહ્મવાદી એક સંવાદ રજૂ કરે છે :

१ 'અરુણના પુત્ર ઉદ્દાલક નામે ઋષિ થઈ ગયા. તેમણે ચર્ચા વિચારણા કરતાં પ્રશ્ન પૂછ્યો : એક બાજુ યજ્ઞ કરવામાં અંગહાનિ થાય તો દોષ આવે, બીજું યજ્ઞ કરવામાં સર્વરીતે અંગહાનિની પૂર્તિ થાય તો સફળતા મળે, સમૃધ્ધિ થાય. આમ યજ્ઞ અધુરો રહેતાં ઋત્વિજો દુઃખી થતા હોય અને યજ્ઞ પુરો થતાં, આનંદ પામતા હોય; એવી પરિસ્થિતિમાં આ ઋત્વિજો યજ્ઞ કરવામાં અથવા તો યજ્ઞ કરાવવામાં કયા પ્રકારની પ્રક્રિયાનો આધાર લે ?

એનો ઉત્તર આપતાં બ્રહ્મવાદીએ જણાવ્યું : મારા પોતાના હિત માટે યજ્ઞ કરવો હોય, અથવા તો યજમાનના હિત માટે યજ્ઞ કરાવવો હોય; તો તેમાં હું એક બાબતમાં પુરેપુરું ધ્યાન રાખું છુ : હું કાલ પ્રમાણેજ યજ્ઞ કરું છું અને કાલ પ્રમાણે યજ્ઞ કરાવું છું. તેનું કારણ તો એકજ છે કે, યજ્ઞમાં અંગ વિકલ થવાથી હાનિ થાય તો મને આનંદ થતો નથી અને યજ્ઞ સર્વાંગ સંપૂર્ણ બની સમૃધ્ધ સફળ બને, તો હું આનંદ પામું છું.

કાલનો નિર્ણય કોણ કરે, એ પ્રશ્ન જાગતાં, યજ્ઞમાં બ્રહ્માની જરૂર છે, એ વિષે પોતાનું મંતવ્ય રજૂ કરતાં; બીજા બ્રહ્મવાદી જણાવે છે :

'જે ઋત્વિજ પોતાની ઈચ્છા પ્રમાણે કાલનો નિર્ણય કરી લે છે અને તે પ્રમાણે યજન–યાજન કરે છે, તે તો પોતાની કામના પ્રમાણે સમૃધ્ધિ મેળવી શકતો નથી અને યજ્ઞનાં અંગથી હીન બને છે. કાલનો નિર્ણય કરવા માટે તે ઋત્વિજે યજ્ઞના ભિષગ–દોષો દૂર કરવાના ઉપચાર કરનાર–બ્રહ્માની પસંદગી કરવી જોઈએ. તે ઋત્વિજને આ બાબતનો નિર્ણય થાય છે કે : મેં આ યજ્ઞમાં આવી પડતા ન્યૂનાતિરિક્ત દોષોને દૂર કરવા માટે ભિષગ–બ્રહ્મા મેળવી લીધા છે. હવે હું યજ્ઞથી પ્રાપ્ત થતી ઘણી બધી કામનાઓને મેળવી લઇશ.

બ્રહ્માની પસંદગી માટે રહસ્ય જાણનાર બ્રહ્મવાદી વિદ્વાનનો અભિપ્રાય રજૂ કરતાં, ઋત્વિજ જણાવે છે કે : જ્યાં સુધી હોતા યજ્ઞમાં ઋચાઓથી શસ્ત્ર શંસન ભણે છે, ત્યાંસુધી યજ્ઞ હોતા અને તેના સહકારી ઋત્વિજોના અધિકારમાં રહે છે. જ્યાંસુધી અધ્વર્યુ યજ્ઞનાં કર્મ યજુઓના મંત્રોથી કરે છે, ત્યાંસુધી અધ્વર્યુ અને તે સહકારી ઋત્વિજોના અધિકારમાં રહે છે. જ્યાંસુધી ઉદ્દગાતા યજ્ઞમાં સ્તોત્રોનાં ગાન ગાય છે, ત્યાંસુધી યજ્ઞ ઉદ્દગાતા અને તેના સહકારી ઋત્વિજોના અધિકારમાં રહે છે. એ પછી જ્યારે ત્રણેય મુખ્ય ઋત્વિજો પોતપોતાનાં કર્મ પૂરાં કરે છે, ત્યારે તે યજ્ઞ બ્રહ્માના અધિકારમાં રહે છે.

---

१. ષડ્વિંશ. બ્રા. १, ६, २

२०

આમ બધા ઋત્વિજો વિરામ લેતા હોય; ત્યારે પણ બ્રહ્માએ તો સાવધાન રહેવું જોઈએ. બીજાઓનાં કર્મ ચાલતાં હોય; ત્યારે પણ બ્રહ્માએ વાણી પર સંયમ રાખી યજ્ઞનું નિરીક્ષણ કરવું જોઈએ. યજ્ઞમાં જો કોઈપણ ઋત્વિજ વાણીનો પ્રમાદ કરે કે ન્યૂનાતિરિક્ત વિધિ કરે; તો બ્રહ્માએ તેને પોતાનો પ્રમાદ ગણી લેવો જોઈએ. યજ્ઞનો દોષ દૂર કરવા માટે, બ્રહ્માએ પ્રાયશ્ચિત હોમ કરવો જોઈએ. એમાં ભૂર્ભુવ: સ્વ: એ ત્રણ વ્યાહૃતિઓ મનથી બોલીને અગ્નિમાં ઘીની આહુતિઓ આપવાની છે. યજ્ઞમાં જાણે કે અજાણે જે કોઈ દોષ થયો હોય; તે દોષ દૂર કરવા અને યજ્ઞને સમૃધ્ધ કરવા માટેનો આ મહાવ્યાહૃતિનો હોમ છે. આમ કરવાથી યજ્ઞ સમૃધ્ધ બને છે.

બ્રહ્મવાદીઓએ યજ્ઞને દેવનો રથ કહ્યો છે. જેમ રથ બે ચક્રથી ચાલે એમજ આ યજ્ઞરૂપી રથનાં બે ચક્ર મન અને વાણી છે. બ્રહ્મા મન છે; હોતા, ઉદ્‌ગાતા તેમજ અધ્વર્યુ એ ત્રણ વાણીરૂપે છે: તેમને ઋચા, સામ અને યજુના મંત્ર ભણવાના છે. આ યજ્ઞમાં કાંઇ દોષ આવે, તો તેના પ્રાયશ્ચિત્તરૂપે બ્રહ્માએ વ્યાહૃતિ હોમ કરવાનો છે, તેના રહસ્યને બ્રહ્મવાદી આ રીતે રજૂ કરે છે:

૧ 'જેમ બે ચક્રથી ચાલતા રથમાં માણસ બેસે; તો તે જે જે પ્રદેશમાં જવા ધારે; તે પ્રદેશમાં પહોંચી જાય: એમાં વિલંબ થાય નહિ. એમજ યજ્ઞ એ ઉભય-વર્તનિ=બે ચક્રથી ચાલતો રથ છે. તેમાં બેસનાર યજમાન જે કોઈ કામના સેવે, તે કામનાને તે મેળવી લે છે.

'શરીરમાં જે ઇંદ્રિયોરૂપી પ્રાણ છે, તેમાં અરધા ભાગીદાર તરીકે તો એક મન છે, જેને અંતઃકરણ કહે છે; જે યજ્ઞનું એક વર્તનિ—ચક્ર છે. બીજા ઋત્વિજો જ્યારે વાણીનો વિરામ કરે, ત્યારે બ્રહ્મા યજ્ઞના મનને વાણીમાં મુકે છે. આમ મન અને વાણીનો સહકાર લેવાય છે. જેમ એક ચક્રે ચાલતા રથમાં માણસ બેસે, તો તે કોઈ ઠેકાણે જઈ શકતો નથી; એમજ એકલું મન કે એકલી વાણી યજ્ઞમાં કશું મેળવી શકતાં નથી. આમાં નિયમ એવો છે કે, જ્યારે હોતા, અધ્વર્યુ અને ઉદ્‌ગાતા એ ત્રણ ઋચા, યજુ અને સામનાં મંત્રો ભણી યજ્ઞ કરતા હોય; ત્યારે બ્રહ્મા વાણીનો સંયમ રાખે.

યજ્ઞમાં મૌન રાખવાનું હોય, તો પછી બ્રહ્માએ શું કરવાનું ? એનો નિર્ણય આપતાં બ્રહ્મવાદીએ બ્રહ્માને યજ્ઞના દોષ દૂર કરવા પ્રાયશ્ચિત હોમ કરવા જણાવ્યું છે, જેમાં ત્રણ વ્યાહૃતિઓ મુખ્ય છે, તેનું રહસ્ય આ બ્રહ્મવાદી જણાવે છે:

૧. ષડ્‌વિંશ બ્રા. ૧, ૫, ૫–૧૧

'પ્રજાપતિએ સૃષ્ટિનાં સર્જન કરતા પહેલાં આ ત્રણ ઋચા, યજુ અને સામની પધ્ધતિને અનુસરતા વેદોનાં સર્જન કર્યાં. આ ત્રણ પ્રકારના વેદ–મંત્રોનાં સર્જન થવા છતાં પણ પ્રજાપતિ પોતાના હૃદયથી રાજી ન થયા. આથી તે ત્રણેય વેદોમાંથી રસ કાઢવા માટે, તે બ્રહ્માએ પોતાની મનરૂપી ઘાણીમાં તેમને પીલવા માંડયા. આમ પીલવાથી તેમના રસરૂપે ત્રણ વ્યાહૃતિઓ બહાર આવી : ભૂર ભુવઃ અને સ્વઃ ઋચાઓથી ભૂઃ એ વ્યાહૃતિ રૂપ રસથી આ પૃથ્વીલોક થયો છે. યજુઓથી ભુવર વ્યાહૃતિ બહાર આવી તેના રસથી તો અંતરિક્ષ નામનો લોક થયો છે. સ્વર નામની વ્યાહૃતિ સામગાનથી બહાર આવી; તેનાં રસથી તો એ સ્વર્લોક (સ્વર્ગ) થયો છે.'

આ રીતે ત્રણેય વેદોના સારરૂપે વ્યાહૃતિઓ છે; તેને કારણે બ્રહ્મા સર્વ પ્રાયશ્ચિત નામનો હોમ કરે છે, જેથી યજ્ઞમાં રહેલા દોષ દૂર થાય છે. યજ્ઞમાં બધા ઋત્વિજોના સાથ સહકારની જરૂર છે, એ બાબતનો બધા ઋત્વિજોએ સ્વીકાર કર્યો છે, તે સાથે બ્રહ્માને વિશિષ્ટ સ્થાન આપવામાં આપ્યું છે, જે અથર્વવેદનો જ્ઞાતા હોવા ઉપરાંત ત્રણેય વેદોનાં રહસ્યને પણ જાણતો હોય છે. એ બાબત અહીં સિધ્ધ થાય છે.

સ્તોત્રનાં ગાનની સાથે, શસ્ત્રનાં શંસન થાય છે, એ નિયમ પ્રમાણે બહિષ્પવમાન સ્તોત્રની પછી આજ્ય શસ્ત્ર અને ચાર આજ્ય સ્તોત્ર પછી પ્રઉગ શસ્ત્રનાં શંસન થાય છે, તેનાં રહસ્ય બ્રહ્મવાદી આ રીતે રજૂ કરે છે :

[1] યજ્ઞ તો સાચે જ દેવરથ છે. હવે જેમ રથને બે ઘોડા જોડવામાં આવે, તેમને બે લગામ હોય; એમ જ આજ્ય અને પ્રઉગ એ બે શસ્ત્ર તો તે ઘોડાઓને વશ રાખવા લગામ છે; જે સારથીના હાથમાં રહે છે. આથી બહિષ્પવમાન સ્તોત્ર પછી આજ્ય અને ચાર આજ્ય સ્તોત્ર પછી પ્રઉગ શસ્ત્રનાં શંસન થાય છે. આ દેવરથ કયાંક અથડાઈ ન પડે, એ કારણે તો આ બંને શસ્ત્રનાં શંસન થાય છે.

'અહીં કેટલાક બ્રહ્મવાદીઓ વિચારણા કરે છે : ઉદ્ગાતાઓ જે રૂપે સ્તોત્રનાં ગાન કરે, એ જ રીતે હોતાઓ શસ્ત્રનાં શંસન કરે; એ સામાન્ય નિયમ છે. અહીં તો સામ ગાનારા જે પાવમાની સ્તોત્રીયાઓમાં ગાન કરે છે, તેના દેવ તો સોમ પવમાન છે. ત્યાર બાદ હોતાઓ જે આજ્ય શસ્ત્રનાં શંસન કરે છે, તેના દેવ તો અગ્નિ છે; પવમાન સોમ નથી; તો પછી સ્તોત્રનાં અનુરૂપ શસ્ત્રનાં શંસન થાય છે, તે કેવી રીતે ?

---

૧. ઐતરેય બ્રા. ૧૦, ૫

૨૫૧

[૧] 'આ શસ્ત્રના શંસનમાં જે અગ્નિ છે, તે પોતે પવમાન સોમ છે; અર્થાત્ અગ્નિ અને સોમમાં અભેદ ગણવામાં આવ્યો છે. ઋષિ પણ એ જ પ્રકારે મંત્રનાં દર્શન કરતાં જણાવે છે : 'અગ્નિ એ ઋષિ છે, એ પવમાન છે.'

આમ જે શસ્ત્રના શંસનની શરૂઆત કરવામાં આવે છે, તેની ઋચાઓના દેવ અગ્નિ છે, તે બહિષ્પવમાન સ્તોત્રમાં ગવાએલ પવમાન સોમની સાથે એકરૂપ છે.

જેમ સ્તોત્ર અને શસ્ત્રની અનુરૂપતા છે, તેની સાથે આહુતિ માટે તૈયાર થતા ગ્રહની અનુરૂપતા છે, તેનું રહસ્ય આ બ્રહ્મવાદી જણાવે છે :

[૨] 'અહીં પ્રાતઃસવનમાં જે પ્રઉગ શસ્ત્ર છે, તેમાં ઐન્દ્રવાયવ વગેરે નવગ્રહોના અધિષ્ઠાતા દેવોની પ્રશંસા–સ્તુતિ છે. સવારે ઐન્દ્રવાયવ, મૈત્રાવરુણ વગેરે નવ સંખ્યામાં ધારા ગ્રહ તૈયાર કરવામાં આવે છે, જેની આહુતિઓમાં સોમરસની ધારા કરવામાં આવે છે. હવે બહિષ્પવમાન સ્તોત્રમાં ત્રણ ત્રણનાં આવર્તનથી ત્રિવૃત-સ્તોત્રમાં નવ સ્તોત્રીયાઓ ગવાય છે. એ ત્રિવૃત્ સ્તોમની સ્તુતિ પુરી થતાં, અધ્વર્યુ આશ્વિન નામના દશમા ગ્રહપાત્રથી આહુતિ આપવા તૈયાર થાય છે. ત્યારે સ્તોત્રને અંતે હીંકાર ગવાય છે, તેની સાથે આ દશમ ગ્રહની એકતા સધાય છે. આમ ગ્રહ અને સ્તોત્રીયાની સંખ્યા સમાન છે, તે બતાવવા માટે સૌ સૌ સા સમ્મા એ વાક્યનું ઉચ્ચારણ કરવામાં આવે છે.

[૩] જેમ સ્તોત્રનાં ગાનથી યજ્ઞપુરુષનાં સર્જન થાય છે, એમ જ પ્રઉગ શસ્ત્રના શંસનથી નવજાત બાલકમાં પ્રાણ, હલનચલન, શ્રવણ, દર્શન, વાણી વગેરેની શક્તિઓ પૂરે છે. વાયુ, મિત્ર અને વરુણ, બે અશ્વિનીકુમારો, ઇન્દ્ર, વિશ્વેદેવો અને સરસ્વતી એ સાત દેવોનાં શસ્ત્ર–શંસન થાય છે; તેનાં રહસ્ય ખોલતાં, આ બ્રહ્મવાદી જણાવે છે :

[૪] 'वायो आयाहि એ તૃચથી હોતા વાયુનાં શંસન કરે છે. આથી વાયવ્ય ગ્રહને શસ્ત્રની પ્રાપ્તિ થાય છે. इन्द्रवायु એ તૃચથી ઈન્દ્ર અને વાયુનાં શંસન કરે છે, જેથી ઐન્દ્રવાયવ ગ્રહને શસ્ત્રની પ્રાપ્તિ થાય છે. मित्रं हुवे તૃચથી મિત્ર અને વરુણનાં શંસન કરે છે, તેથી મૈત્રાવરુણ ગ્રહ શસ્ત્રવાન બને છે. अश्विना यज्वरीः તૃચથી બે અશ્વિનીકુમારોનાં શંસન કરે છે, જેથી આશ્વિનગ્રહ શસ્ત્રવાન બને છે. इन्द्र आयाहि તૃચથી ઈન્દ્રનાં શંસન કરે છે, જેથી ઈન્દ્રના શુક્ર અને મંથી નામના ગ્રહ શસ્ત્રવાન બને છે. ओमासः તૃચથી વિશ્વેદેવનાં શંસન કરે છે, જેથી વિશ્વેદેવોનો આગ્રયણ ગ્રહ શસ્ત્રવાન બને છે. पावका नः सरस्वती તૃચથી સરસ્વતીનાં શંસન કરે છે. હવે જો કે સ્વતંત્ર સારસ્વત ગ્રહ નથી; તો પણ વાણીથી બધા ગ્રહો પકડાય છે, તે રીતે બધા ગ્રહો શસ્ત્રવાન બને છે.'

---

૧. ઋગ્વેદ ૯, ૬૬, ૨૦ ૨. ઐ. બ્રા. ૧૧, ૧ ૩. ઐ. બ્રા. ૧૧, ૧

૪. ઋગ્વેદ ૧, ૨, ૧–૭, ૧, ૩, ૪–૭, ૧૦

અહીં પ્રઉગ શસ્ત્રમાં બે સૂકતોની નવ અને બાર ઋચાઓને એક એક તૃચ (ત્રણઋચા)માં ગોઠવી છે અને તે શસ્ત્રના શંસનમાં શસ્ત્ર અને ગ્રહની એક રૂપતા બતાવ્યા પછી, આ બ્રહ્મવાદીએ તેની અધ્યાત્મ ભાવનાનાં રહસ્ય ખોલ્યાં છે :

[1] 'બાલકના જીવનની શરુઆત પ્રાણથી થાય છે. એ પ્રાણના દેવ વાયુ છે; તેમાં જે ગતિ છે, ચેતન છે, તેજ ચેતન બાલકમાં જાગે છે. વાયુ દર્શનીય છે, માટે જ બાલક દર્શનીય છે. પ્રાણની સાથે અપાન પણ જાગે છે. તે સાથે જ બાલકની તંદ્રા અને નિદ્રા દૂર થાય છે. અપાનના દેવ ઈન્દ્ર છે. વાયુ અને ઇન્દ્ર બંને સાથે રહીને બાલકનાં જીવન ઘડે છે.

'આ બાલકની આંખમાં દેવ મિત્ર અને પાછળનાં આંતર ચક્ષુ અંતઃકરણમાં દેવ વરુણ વસ્યા છે. બે કાનના દેવ અશ્વિનીકુમારો છે, બાળકના જીવનની શરૂઆતમાં પ્રાણ પૂરનાર દેવ તો વાયુ અને ચેતના જગાડનાર દેવરાજ તો ઈન્દ્ર છે, એ જ દેવરાજ મહેન્દ્ર આ બાલકનાં અંગેઅંગમાં સ્ફૂર્તિ જગાડે છે, પ્રેરણા પૂરે છે. એ ઈન્દ્ર શરીરના રાજા છે, તેથી બાલકના અંગેઅંગમાં નવી ચેતના જાગે છે. તેની સાથે વિશ્વેદેવો તો આખાય શરીરમાં નિવાસ કરે છે. બાલકને વાણી આપનાર તો સરસ્વતી. વાણી અંદરથી જાગે છે અને તેજ માનવ બાલકની વિશેષતા છે.'

'આ રીતે નવજાત બાલકને યજ્ઞમાં ઋત્વિજો નવો જન્મ આપે છે, જન્મના સંસ્કાર ઘડે છે. તેમાં આ સાત તૃચ, પ્રઉગ શસ્ત્ર; પ્રાતઃસવન ગાયત્રી વગેરે છંદ અનેક ગ્રહ અને ઉકથનાં ગાન બાલકના સંસ્કાર ઘડવામાં સુમેળ સાધે છે.

યજ્ઞની આ પ્રક્રિયા જીવનના ઘડતરમાં ઉપયોગી છે. આ જીવન તો એક પ્રયોગશાળા છે, તેમાં અનેક પ્રયોગ કરવામાં આવે છે. પ્રાચીન ઋષિઓએ એ જ જીવનને યજ્ઞનું રૂપ આપી, જીવનનાં ઘડતર કરવાના કાર્યમાં વેદોના મંત્રોના સાથ સહકાર સાધ્યા છે. અહીં જે ઋચાઓ છે, તે તો જ્ઞાનની જ્યોતિ છે, યજુઓ છે, તે કર્મની પધ્ધતિ છે અને સામગાન છે, તે ઉપાસનાની સંવાદિતા છે.

દરેક માનવ જ્ઞાનની જ્યોતિ જગાડી, આદર્શ માર્ગ પર પ્રગતિ સાધે અને પગ પગ પર કર્મ અને ભક્તિના સુમેળ સાધે, તો જીવન એક આદર્શ, એક પ્રતીક, એક પ્રતિમા બની રહે.

માનવનો એ નવજાત બાળક એક આદર્શ પુરુષ બની, જીવનની જ્યોતિ જગાડે છે. એવા આદર્શ પુરુષોમાં શ્રીકૃષ્ણ એક મૂર્તિમંત પ્રતિમા છે. જેણે પોતાની સુરીલી બંસરીમાં મધુરાં ગીત ગાયાં છે. એ ગીતા આપણાં સામગાન બની જીવનની સાથે સુમેળ સાધી, ગરેસાના મધુરા સુર જગાડે છે.

---

૧. ઐતરેય બ્રા. ૧૧.૨

૭૮

# પરિશિષ્ટ—૧

## સામવેદની ત્રણ શાખાઓ –:

રાણાયનીય, કૌથુમ અને જૈમિનીય એ ત્રણ સામવેદની શાખાઓ પ્રસિદ્ધ છે. સામવેદ સંહિતા તરીકે જે અત્યંત પ્રસિદ્ધ આજે સર્વત્ર ઉપલબ્ધ છે, તે કૌથુમ શાખાની છે. રાણાયનીયની સંહિતા મળતી નથી, પણ તે બધી રીતે કૌથુમને અનુસરે છે, એમ વિવેચકોનું માનવું છે. જૈમિનીય સંહિતા ડૉ. રઘુવીર સંપાદિત હવે પ્રસિદ્ધ થઈ છે. સ્વાધ્યાય મંડળની પહેલી સામવેદ સંહિતાની આવૃત્તિનાં પરિશિષ્ટ (પૃ. ૨૮૬) માં જૈમિનીય સંહિતાના પાઠ વિશેષ નોંધ્યા છે, તે તુલનાની દૃષ્ટિએ અગત્યના છે.

આર. ટી. એચ. ગ્રીફીથે સામવેદનો અંગ્રેજી અનુવાદ કર્યો છે, તેની ભૂમિકામાં ડૉ. સ્ટીવન્સન દ્વારા રાણાયનીય સંહિતાના સંપાદનનું સૂચન છે. ગુજરાતમાં કૌથુમ, કેરળ અને તામીલનાડમાં જૈમિનીય અને મહારાષ્ટ્રના અમુક ભાગમાં રાણાયનીય શાખાનો પ્રચાર હોવાનું જણાય છે; પરંતુ આજે તો ગણ્યા ગાંઠ્યા જ સામ ગાનારા મળી આવે છે. તેમનાં સામગાન મૌખિક પરંપરાએ એક ધાર્યાં ઉતરી આવવા વિષે પણ નિશ્ચિત ધારણા બંધાય એમ નથી. એક જ ગાન વિવિધ રીતે ગવાય છે.

જે પરંપરાએ ઋચાઓનાં મંડલવાર સંકલન થયાં તે ઋગ્વેદ સંહિતા ગણાઈ; એજ પરંપરાએ–ગાનનાં મૂળ ઋચાઓનાં પર્વ પ્રમાણે સંકલન થયાં, તે સામવેદ સંહિતા ગણાઈ. પંચાવન જેટલાં સામવેદની પોતાની ઋચાઓ છે, બાકીની બધી જ ઋચાઓ ઋગ્વેદ સહિતામાંથી લેવામાં આવી છે. આ દૃષ્ટિ તુલનાત્મક અભ્યાસ માટે ઉપયોગી હોઈ શકે, પણ ગાનની સ્વરન્યાસ પદ્ધતિએ તો સામવેદની ઋચાઓનો ઋગ્વેદ સંહિતાની સાથે કોઈ સંબંધ નથી. પૂર્વાર્ચિકની એક એક ઋચા પરનાં ગાન અને ઉત્તરાર્ચિકના એક એક તૃચ પરનાં ગાન યોજાયાં છે, એ મહત્ત્વની બાબત છે. આ ગાનોનો સંબંધ ઋગ્વેદની ઋચાઓ સાથે જોડવાથી એક જાતનો ગુંચવાડો ઊભો થાય છે.

સામવેદની સંહિતાઃ પૂર્વાર્ચિક અને ઉત્તરાર્ચિક બે ભાગમાં છે. એક ઋચા પર બંધાએલ ગાન પૂર્વાર્ચિકમાં અને તે પૂર્વની ઋચા સાથે બીજી બે ઋચાઓ ઉત્તરમાં જોડી તૃચ બને, તે પર બંધાએલ ગાન ઉત્તરાર્ચિકમાં મૂળ આધાર યોનિ-રૂપે મળે છે, એને કારણે પૂર્વાર્ચિક (પર્વ) અને ઉત્તરાર્ચિક (પર્વ) નામ અપાયાં છે.

પૂર્વાર્ચિકની ઋચાઓને આધારે ગ્રામેગેયગાન અને આરણ્યકગાનની સંહિતાઓ (સ્વાધ્યાય મંડળ તરફથી) પ્રસિદ્ધ થઈ છે ઉત્તરાર્ચિકની તૃચ–ત્રણ ઋચાઓના આધારે ઉહગાન અને ઊહ્યગાન કાશી હિંદૂ વિશ્વવિદ્યાલય તરફથી છપાયાં છે.

તાંડચ મહાબ્રાહ્મણ (પંચવિંશ), ષડ્વિંશ, સામવિધાન, આર્ષેય, દેવતાધ્યાય, સંહિતોપનિષદ્, મંત્ર (છાંદોગ્ય) અને વંશ એ આઠ કૌથુમ શાખાનાં અને જૈમિનીય–બ્રાહ્મણ, જૈમિનીય આર્ષેય અને જૈમિનીયોપનિષદ બ્રાહ્મણ એ ત્રણ જૈમિનીય શાખાનાં બ્રાહ્મણો પ્રસિદ્ધ છે. સંહિતા અને આઠ ગ્રંથો પર સાયણ ભાષ્ય મળી આવે છે.

પશ્ચિમના વેદપ્રેમી વિદ્વાનોએ સામવેદના સ્વાધ્યાય પરિશીલનમાં ઘણો મોટો ફાળો નોંધાવ્યો છે. તાંડય મહાબ્રાહ્મણનો અંગ્રેજી અનુવાદ ડૉ. કલન્દ, ષડ્વિંશનો ડબ્લ્યુ. બી. બોલી સામવિધાન, આર્ષેય, દેવતાધ્યાય અને સંહિતોપનિષદ્નો એ. સી. બર્નેલ અને વંશબ્રાહ્મણનો વેબરે અનુવાદ કરેલ છે.

ડૉ. કલન્દના અનુવાદમાં ગાનોના પ્રકારો અને તેમનાં ઉચ્ચારણોની પદ્ધતિ પર વિગતવાર ચર્ચા છે. સોમયાગના વિવિધ યજ્ઞોમાં ગવાતાં ગાનો અને યજ્ઞના પ્રકારોની સારી છણાવટ છે. આજે તો આ ગાનો ગવાતાં નથી અને યજ્ઞનાં વિધિ-વિધાનો થતાં નથી. સૂત્ર ગ્રંથો અને બ્રાહ્મણગ્રંથોના આધારે જ આ વિવેચન થઈ શકે.

જો કે આઠ બ્રાહ્મણગ્રંથો સ્વતંત્ર રીતે પ્રસિદ્ધ થયાં છે; તો પણ મહાભારતનાં પર્વોની જેમ તે એકમેકનાં પૂરક છે. આમ જે તાંડચ મહાબ્રાહ્મણ પચ્ચીશ અધ્યાયોનું છે, તેના પરિશિષ્ટમાં ષડ્વિંશ આવી જાય; તે સાથે આર્ષેય, દેવતાધ્યાય, સંહિતોપનિષદ્, મંત્ર અને વંશ પણ પૂરક બને છે. સામવિધાન જુદું પડે છે અને તેનો સંબંધ કૌથુમ અને જૈમિનીય બંને શાખા સાથે જણાય છે.

જૈમિનીય બ્રાહ્મણ અને તાંડચ મહાબ્રાહ્મણ વિષયની તુલનામાં એકતા ધરાવે છે. સોમયાગોમાં ગવામયન–સંવત્સર યાગ મહત્વનો છે. તેની પ્રકૃતિમાં દ્વાદશાહ–દશરાત્ર આવે છે. એની પ્રકૃતિ જ્યોતિષ્ટોમ છે, જેનો વિધિ એક દિવસનો છે. આમ સોમયાગના ત્રણ પ્રકાર એકાહ, અહીન અને સત્ર છે.

આ બંને ગ્રંથો ગવામયન–સંવત્સર યાગનાં વિધિ વિધાનને મુખ્ય ગણે છે; એ રીતે તાં. મ. બ્રા. ના ચોથા અને પાંચમા અધ્યાયોમાં તેનાં વિધિવિધાનો અને ગાનોનું વિગતે વર્ણન છે અને પચીશમા અધ્યાયને અંતે તેનો નિર્દેશ છે. જૈમિનીય બ્રાહ્મણના બીજા કાંડમાં મુખ્યત્વે આનું વર્ણન છે. તેની મધ્યમાં એકાહ, અહીન અને સત્રનાં વર્ણન છે. મૂલ પ્રકૃતિ–જ્યોતિષ્ટોમનું વર્ણન જૈમિનીય બ્રાહ્મણના પહેલા કાંડમાં અને તાં. મ. બ્રા. ના છથી નવ અધ્યાયો સુધી છે. જૈ. બ્રા. ના

ત્રીજા કાંડમાં અને તાં. મ. બ્રા. ના દશથી પંદર અધ્યાયોમાં દ્વાદશાહ–દશરાત્રનું વર્ણન છે. સોળથી ઓગણીશમાં એકાહ, વીસથી બાવીસ અહીન અને તેવીસથી પચીશમાં સત્રનાં વર્ણન છે.

જૈ. બ્રા. ના પહેલા કાંડમાં ત્રણસોને ચોસઠ, બીજામાં ચારસો બેતાલીસ અને ત્રીજામાં ત્રણસોને છેતાલીશ ખંડો છે. આ બંને મહાન ગ્રંથોમાં સામ ગાનો દ્વારા રજૂ થતાં કથાનકો, આખ્યાનો, રીતિરિવાજો અને માન્યતાઓ ઈતિહાસની દૃષ્ટિએ ઘણાં જ મહત્વનાં છે. આ બંને ગ્રંથોમાં રજૂ થએલાં સામગાન ઊહગાનની સંહિતાઓ પર આધારિત છે, જે ગાનોની મૂળ યોનિ ઋચાઓ સામવેદના ઉત્તરાર્ચિકમાં સંકલિત છે. ઊહગાનમાં દશરાત્ર, સંવત્સર, એકાહ, અહીન, સત્ર, પ્રાયશ્ચિત્ત અને ક્ષુદ્ર એ સાત પર્વો છે; તેજ સાત પર્વો ઊહ્યગાનમાં પણ છે.

આ સાત પર્વોની ભૂમિકા પ્રમાણે સંહિતાની ઉત્તરાર્ચિકની ગોઠવણી કરવામાં આવી છે. એકવીસ અધ્યાયોમાંથી પહેલા અગિઆર અધ્યાયોમાં દશરાત્ર, બાર અને તેરમાં સંવત્સર, ચૌદથી સત્તરમાં એકાહ, સત્તર અને અઢારમાં અહીન–ઓગણીશમાં સત્ર અને વીસ–એકવીસમાં પ્રાયશ્ચિત અને ક્ષુદ્ર એ સાત પર્વોનાં ગાનો માટેની મૂળ ઋચાઓનો નિર્દેશ આવી જાય છે.

એ પ્રમાણે મશક કૃત આર્ષેય કલ્પ ગ્રંથ છે, જેને રોમન લિપિમાં ડૉ. કલન્દ્રે સંપાદિત કરેલ છે, તેના આઠ પ્રપાઠક છે. પહેલા બેમાં ગવામયન–સંવત્સર, ત્રણ, ચાર અને પાંચમાં એકાહ અને છ, સાત, આઠમાં સત્રમાં વપરાતાં ગાનો અને તેની યોનિ ઋચાઓનો નિર્દેશ છે. તેજ પ્રમાણે લાટચાયન અને દ્રાહ્યાયન શ્રૌતસૂત્રોમાં અગ્નિષ્ટોમ, ગવામયન, અહીન, એકાહ, સત્ર પર્વો પ્રમાણે સામગાનની પ્રક્રિયા બતાવવામાં આવી છે.

અગ્નિષ્ટોમ યાગનો મુખ્ય સુત્યા દિવસ વહેલી પરોઢે શરુ થાય છે. ત્યારે વિશ્વરૂપા ગાન ગવાય છે. જૈમિનીય સંહિતાના ઉતરાર્ચિકની શરૂઆતમાં વિશ્વરૂપા ગાનની યોનિ ઋચા આપવામાં આવી છે. કૌથુમ સંહિતાના વીસમા અધ્યાયમાં (૧૮૨૯–૩૦) આ મંત્ર છે, તે વિકલ્પે ગાન હોવાનું સૂચવે છે.

ઉત્તરાર્ચિકના પહેલા અધ્યાયમાં છ ખંડ અને તેવીસ સૂકતો છે. પહેલામાં બહિષ્પવમાન, બીજામાં આજય, ત્રીજામાં માધ્યંદિન પવમાન, ચોથામાં પૃષ્ઠ, પાંચમામાં આર્ભવ પવમાન અને છઠ્ઠામાં અગ્નિષ્ટોમની સાથે ઉકથયાગનાં સ્તોમો છે.

અગ્નિષ્ટોમમાં બાર સ્તોત્ર છે; તે ઉપરાંત ત્રણ સ્તોત્ર ગાવાથી ઉકથયાગનો નિર્દેશ થાય છે. કૌથુમ શાખાનાં ઊહ અને ઊહ્ય ગાન સામવેદની સંહિતાના ઉત્તરાર્ચિક સાથે છપાયાં છે. તેના પહેલા અધ્યાયમાં ઋચાઓની સાથે સત્તર ગાનો

બતાવ્યાં છે. એમાં ગાયત્ર ગાનનો નિર્દેશ નથી. આ ગાન પૂર્વાર્ચિકના મંગળાચરણમાં મુકાયું છે. પ્રાતઃ સવનનાં બધાંજ સ્તોમોમાં આ એક જ ગાન ગવાય છે. માધ્યંદિન પવમાનમાં અને આર્ભવ પવમાનમાં પણ પહેલું ગાયત્ર ગાન છે. જે ઋચા उच्चा ते. છે, તેમાં જ ગાયત્ર અને આમહીયવ બંને ગાન ગવાય છે. ઊહગાનના દશરાત્રપર્વની શરૂઆત આમહીયવથી થાય છે. તે ઉપરાંત રૌરવ, યૌધાજય અને ઔશન ગાન અહીં રજૂ થયાં છે. પૃષ્ઠસ્તોમના अभि त्वा તૃચમાં રથન્તર ગાન ગવાય છે; તેનો નિર્દેશ અહીં નથી; પરંતુ ઊહ્યગાનની શરૂઆત આ ગાનથી કરી છે: તેનો અહીં પ્રયોગ કરવાનો છે. ત્યારબાદ વામદેવ્ય, નૌધસ અને કાલેય ગાન છે. સાયં સવનના આર્ભવ પવમાનમાં स्वादिष्ठया ઋચામાં ગાયત્ર અને સંહિત એ ગાન છે. તે ઉપરાંત સફ, પૌષ્કલ, શ્યાવાશ્વ, આંધીગવ અને કાવ ગાન છે. છેલ્લા અગ્નિષ્ટોમ સ્તોત્રના यज्ञा यज्ञा માં યજ્ઞાયજ્ઞીય ગાનનો નિર્દેશ અહીં છે.

આ રીતે અગ્નિષ્ટોમ યજ્ઞ બધાજ યજ્ઞોની મૂલ પ્રકૃતિ છે. અર્થાત જે પ્રક્રિયા અહીં લેવામાં આવે છે, તેજ પ્રક્રિયા બધાજ એકાહ, અહીન અને સત્રના પ્રયોગોમાં લેવાય છે. ઉકથયાગમાં જ્યોતિષ્ટોમનાં બાર સ્તોત્રોની સાથે ત્રણ સ્તોત્ર વધારવામાં આવે છે. તે ઉકથનાં ત્રણ સ્તોત્ર અને ત્રણ ગાન પણ પહેલા અધ્યાયના છઠ્ઠા ખંડમાં આવી જાય છે.

અગ્નિષ્ટોમનો એક જ મુખ્ય સુત્યા દિન છે. એ રીતે એકાહ યાગોમાં એકજ અહોરાત્ર આવે, દ્વિરાત્રમાં બે, ત્રિરાત્રમાં ત્રણ, નવરાત્રમાં નવ અને દશ રાત્રમાં દશ અહોરાત્ર આવે છે; તે બધા અહીન ગણાય. દશરાત્ર એક વિશિષ્ટ યાગ તરીકે દ્વાદશાહ યાગ છે, તેમાં પહેલો અહોરાત્ર પ્રાયણીય–પ્રારંભનો અને છેલ્લો અહોરાત્ર ઉદયનીય સમાપ્તિનો લેવાય છે. આ બધાં અહોરાત્ર મુખ્ય ગણાય, એટલે પ્રાતઃ સવન, માધ્યંદિન સવન અને સાયંસવનનાં મળીને બાર સ્તોત્ર તો ભણવાનાં જ ! કેટલાક અહોરાત્રમાં ઉકથનાં ત્રણ સ્તોત્ર ઉમેરાય છે, વિકલ્પે ષોડશીનું સોળમું તો કેટલાકમાં અહોરાત્રનાં ચાર પર્યાયનાં તેર સ્તોત્ર ઉમેરાય છે.

બીજા અધ્યાયના ચાર ખંડોમાં પ્રથમ, મધ્યમ, ઉત્તમ અને સંધિ નામનાં પર્યાયોમાં આવતાં તેર સ્તોત્ર તેમજ ઊહ ગાનનાં ગાનો આવી જાય છે. બીજા અધ્યાયમાં अस्य प्रत्नाम् (सा ૭૫૫)થી જે સ્તોત્ર શરુ થાય છે, તે દશરાત્રના પ્રથમ અહોરાત્રનો પ્રયોગ છે. એ રીતે ત્રીજા અધ્યાયમાં દશરાત્રના બીજા અહોરાત્રનો પ્રયોગ આવે, એ ક્રમે અગિઆર અધ્યાયોમાં દ્વાદશાહ યાગના દશરાત્રનાં દશ અહોરાત્ર આવી જાય છે. આમાં સવાર, બપોર ને સાંજનો ક્રમ તો એકસરખો. તેમાં જે સ્તોત્રો ભણવાનાં, તે પ્રકૃતિ યાગને અનુસરતાં હોય, સાથે જે ઉમેરી લેવાનાં, તે આ અધ્યાયોમાં

આવી જાય. ગાનો પણ તે રીતે ઉમેરવાનાં હોય, તે ઊહગાનમાં આવી જાય. સાથે ઊહ્યગાનનાં પણ હોય.

ત્રણ સવન અને બાર સ્તોત્ર દરરોજના અહોરાત્રના ક્રમમાં ખરાંજ, એ રીતે શસ્ત્ર ભણવાનાં અને ગ્રહ હોમ કરવાનો ક્રમ પણ સરખો. સ્તોત્ર પ્રમાણે ભણાતાં સ્તોમ અને સ્તોત્રીયાઓ તેમજ ગાનો બદલાતાં રહે છે.

દશરાત્રના પહેલા છ અહોરાત્ર પૃષ્ઠગાનના ક્રમમાં હોય છે, એથી પહેલા અહોરાત્રમાં બધાંજ સ્તોત્રોમાં ત્રિવૃત સ્તોમ પ્રમાણે નવ નવ સ્તોત્રીયાઓ ગવાય છે, તેને રથન્તર અહોરાત્ર ગણે છે. બીજાથી છઠ્ઠા સુધીનાં અહોરાત્ર ક્રમથી બૃહત, વૈરૂપ, વૈરાજ, શાકવર અને રૈવત પ્રમાણે પંચ દશ, સપ્ત દશ, એકવિંશ, સપ્તવિંશ અને એકત્રિંશ સ્તોમો પ્રમાણેની સ્તોત્રીયાઓ બને છે, તે પછીનાં ત્રણ અહોરાત્ર છંદોમ એટલે ગાયત્રી છંદના ચોવીસ અક્ષરો પ્રમાણે ચતુર્વિંશ, ત્રિષ્ટુપ પ્રમાણે ચતુશ્ચત્વારિંશ અને જગતી પ્રમાણે અષ્ટાચત્વારિંશ સ્તોત્રોની સ્તોત્રીયાઓ ભણાય છે.

ત્રણ પવમાન સ્તોત્રોમાં ઋચાઓની આવૃત્તિ થતી નથી, તેથી પ્રતિ અહોરાત્રમાં ઋચાઓની સંખ્યા વધતી રહે છે. આજ્ય, પૃષ્ઠ અને અગ્નિષ્ટોમ સ્તોત્રોમાં એક એક ઋચાનાં સ્તોત્ર પ્રમાણે આવર્તન થાય છે, તેને વિષ્ટુતિ કહે છે. આ વિષ્ટુતિઓમાં વિશેષ પ્રકારનાં આવર્તન થતાં રહે છે. આ વિષ્ટુતિના પહેલા પર્યાયને વિષ્ટાવ કે તૃચભાગ, બીજાને આવાપ કે સ્થાન અને ત્રીજાને પરિચરા કહે છે.

પૂર્વાર્ચિકમાં એક એક ઋચા પર ગાન હોય છે, તે બધાં ગાન ગ્રામે ગેયગાન અને આરણ્યકગાનની સંહિતાઓમાં સંકલિત છે. ઉત્તરાર્ચિકમાં ત્રણ ત્રણ ઋચા–તૃચમાં ગોઠવાએલાં ગાન ઊહ અને ઊહ્ય (રહસ્ય) ગાનોની સંહિતાઓમાં સંકલિત છે. આ ઊહ અને ઊહ્યનાં ગાનોની મૂળ ઋચાઓ પૂર્વાર્ચિકમાં હોય છે અને તેને આધારે ગ્રામેગેય અને આરણ્યકની ગાન સંહિતાઓમાં ગાન હોય છે.

તાંડય મહાબ્રાહ્મણના અંગ્રેજી અનુવાદમાં ડૉ. કલન્દ સોમયાગનાં ગાનોની નોંધ લે છે, ત્યાં ઊહ કે ઊહ્યનો આધાર નહિ ટાંકતાં, ગ્રામેગેય અને આરણ્યક ગાનની સંહિતાઓનો આધાર ટાંકે છે. આથી ગુંચવાડો ઉભો થાય છે. એજ રીતે મૂળ ઋચાઓ સામવેદની હોય છે, ત્યાં પણ ઋગ્વેદની ઋચાઓનો આધાર ટાંકે છે, જાણે કે આ ગાનો માટે ઋગ્વેદની ઋચાઓ લેવામાં આવી હોય. ષડવિંશના અંગ્રેજી અનુવાદક ડૉ. બોલી સામવેદની ઋચાઓનો આધાર ટાંકે છે અને તે સંગત લાગે છે. આધાર અસંગત લાગતાં ડૉ. કલંક પોતે પણ ગુંચવણમાં પડી જાય છે અને એ વાત નોંધે છે પણ ખરા ! સાયણ ભાષ્યમાં સંગતિનો સુમેળ સારી રીતે સધાય છે. આ બધાંજ ગાનોની યોનિ ઋચાઓમાંની એક એક ઋચાને સામ ગાનારા

ઉદ્દગાતાઓની સુવિધા માટે પાંચ પાંચ વિભાગમાં ગોઠવેલ છે, તેને પાંચ ભક્તિઓ પ્રસ્તાવ, ઉદ્દગીથ, પ્રતિહાર, ઉપદ્રવ અને નિધન કહે છે.

સ્તોત્ર ગાનનો પ્રારંભ—પ્રસ્તાવ કરે, તે સામગાનાર ઋત્વિજને પ્રસ્તાતા, ઉદ્દગીથ ગાનારને ઉદ્દગાતા અને પ્રતિહાર ગાનારને પ્રતિહર્તા કહે છે. પ્રસ્તાવ પછી ઉદ્દગીથ ત્રિવૃતમાં લેવાય છે, અર્થાત્ ઋચાના બીજા ચરણને ત્રણ ત્રણ આવર્તન આપીને ગાવામાં આવે છે, તેની સાથે ત્રીજું ચરણ જોડાતાં, પ્રતિહાર અને ઉપદ્રવની ભક્તિ અને સમાપ્તિમાં નિધન લેવાય છે.

દા. ત. इन्द्रो विश्वस्य राजति (सा. १५६) એક ચરણની ઋચા છે. તેમાં इन्द्रो પહેલા બે સ્વર પ્રસ્તાવ, विश्व ઉદ્દગીથ, स्य रा પ્રતિહાર जति ઉપદ્રવ અને અંતે સ્તોભરૂપે ઉમેરાએલ इडा સ્વર નિધન ભક્તિ ગણાય છે.

સંગીત શાસ્ત્રમાં સા રે ગ મ પધની સાત સ્વરો ત્રણ સપ્તકોમાં ગોઠવાયા છે. તે પ્રમાણે સામગાનમાં સાત સ્વરોનાં નામ ક્રુષ્ટ, પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, મંદ્ર અને અતિસ્વાર્ય છે. આ સાત શુદ્ધ સ્વરોમાં ષડજ અને પંચમ અચલ અને બાકીના પાંચ વિકારી છે.

આ સામગાન સોમયાગની પ્રક્રિયાનું એક મુખ્ય અંગ છે. એ ગાનો માટે નિયત થએલ સ્તોત્ર, સ્તોમ સૂક્ત, તૃચ, સ્તોત્રીયા વગેરેનો ક્રમ અત્યંત વ્યવસ્થિત છે. આર્ચિક અને ગાન સંહિતાઓમાં તેની મૂળ ઋચાઓ અને તેને આધારે ઘડાએલાં ગાનો પણ એકજ વ્યવસ્થાને અનુસરે છે. એજ વ્યવસ્થા પ્રમાણે બ્રાહ્મણગ્રંથો સામપ્રાતિશાખ્ય (ફુલ્લસૂત્ર) સામતંત્ર, નિદાનતંત્ર, આર્ષેયકલ્પ, દ્રાહ્યાહન અને લાટયાયન શ્રૌતસૂત્ર, અગ્નિષ્ટોમ પદ્ધતિ વગેરે વિપુલ સાહિત્ય છે. બ્રાહ્મણગ્રંથો તો તે વિષેની ચર્ચા વિચારણા કરે છે અને જુદી જુદી માન્યતાઓ રજૂ કરે છે. તેમનું ધ્યેય ફક્ત સોમયાગના પ્રયોગ કે પ્રક્રિયા રજૂ કરવાનું નથી. તે દ્વારા બ્રહ્મવાદીઓ અને રહસ્ય વેત્તાઓ આ પ્રયોગનાં રહસ્ય ઉકેલવા મથે છે. તેમને મન યજ્ઞ યાગ એક રૂઢ વિધિ નથી, પરંતુ પ્રજાપતિના સર્જનનું એક નિદર્શન છે. આ પ્રયોગ કે પ્રક્રિયા એક જડતંત્ર નથી, પરંતુ જે પ્રકૃતિનાં નિયમન છે અને માનવના ઉત્કર્ષ માટેનાં ધન સાધન છે, તેના અંતરંગમાં રહેલ ઉચ્ચ આદર્શના માર્ગે જવાનું એક આહવાન—આમંત્રણ છે.

પ્રજાપતિએ સૃષ્ટિનાં સર્જન કરવામાં એક પ્રકારની વ્યવસ્થા સ્વીકારી છે, જે નિયતિના નિયમો પૂર્વ પૂર્વનાં સર્જનોને અનુસરે છે. અહીં કશું નવું નથી, છતાં પણ યાતયામ—વાસી નથી. પ્રજાપતિનું સર્જન અભિનવ છે, પ્રણવ છે અને તેમાં અવનવાં રૂપોનો અભિગમ છે. પ્રજાનાં સર્જન તો પ્રકૃતિ નિયમને અનુસરી થયાં,

એ રીતે માનવ પ્રાણીઓનાં સર્જન પણ થયાં, માનવનું સર્જન તો દેવોએ માણી લીધેલું સુકૃત–પુણ્યનું સર્જન. માનવ સેવા અને પરોપકારનાં કાર્યો કરે, એ તો જીવનની સફળતા, એ તો આત્મયજન, સમર્પણ અને બલિદાન. એ માનવની ભાવના પોષવા પ્રજાપતિએ નિયતિના નિયમોને બદલે વેદ વિહિત વિધાનો સ્વીકાર્યાં. પ્રકૃતિના નિયમોમાં સંસ્કાર જોડવામાં આવ્યા. એજ નિયતિ વેદની પ્રકૃતિ બની ગઈ. એ પ્રકૃતિ યાગનાં સાધન સામગ્રી, સમિધા, હવિષ્ય દર્ભ, કુશ, પત્થર, લાકડું વગેરે તો પૃથ્વીનાં રૂપ, પણ સમિધા અને હવિષ્ય અગ્નિરૂપ બને, એ તો સ્વર્ગની જ્યોતિ, દર્ભ અને જલતો અંતરિક્ષની જ્યોતિ અને પત્થર લાકડું એ તો પૃથ્વીની જ્યોતિ. આ ત્રણ લોકની સાધન સામગ્રી તેની સાથે બીજી એક દિવ્ય સામગ્રી તે તો ઋચાઓનાં શંસન, સામનાં ગાન અને યજુઓનાં હવન.

ઘડો એકલો માટીનો ન બને; તેમાં જલ હોય અને અગ્નિનાં તેજ પણ હોય, એમજ યજ્ઞના સંસ્કાર ઘડવામાં ગ્રહ, સ્તોત્ર અને શસ્ત્રનાં મિલન થાય. આમાં ઋચા તો જ્ઞાન, સામ તો ભક્તિ અને યજુ તો કર્મ. આ ત્રિવેણીને ગુંથીને યજ્ઞની ભૂમિને પ્રયાગક્ષેત્ર બનાવવાનું છે. ત્યાં આધિભૌતિક રીતે પ્રકૃતિના નિયમોને, આધિદૈવિક રીતે દેવોની હાજરીને અને આધ્યાત્મિક રીતે શરીર–આત્માનાં સાધનોનો ઉપયોગ કરવાનો છે. યજમાન દેવયજન કરે, તો જ્ઞાનીજન આત્મયજન કરે. આ સંવાદિતા સાધવામાં યજ્ઞની રૂઢ પરિભાષાઓ અગત્યની છે, પણ તેનાં રહસ્ય આપણી રીતે ઉકેલવાનાં નથી, તે માટે બ્રહ્મવાદીઓ અને રહસ્ય વેત્તાઓએ સારી વિચારણા કરી છે.

### પરોઢનાં ગાન પૃ. ૯

સોમયાગનો પ્રયોગ બતાવવામાં શુનઃશેપના કથાનકની સહાય લીધી છે. પ્રક્રિયાની શરૂઆત આ રીતે થાય છે. યજમાન સોમયાગમાં આવવા માટે ઋત્વિજોને નિમંત્રણ મોકલે છે. આ નિમંત્રણ લઈ જનાર માણસને સોમપ્રવાક કહે છે : 'અમૂક યજમાન સોમયાગ કરવાનાં છે, તેમાં ઋત્વિજ થવા માટે તમને પ્રાર્થના કરી છે' આ સોમયાગ માટે વિશેષ વાણી–વાક્ય કહે, તે સોમપ્રવાક. પ્રાર્થના સ્વીકારતાં ઋત્વિજે 'महन्मे वोचो'. મંત્ર ભણવાનો છે. તેનું તાત્પર્ય આ છે : 'હે સોમપ્રવાક, યજમાને મારી ઉદ્દગાતા ઋત્વિજ થવા પ્રાર્થના કરી છે, તે તો મારૂં મોટું ભાગ્ય ગણાય. અડચણ હોય અને ન જવાય, તો સોમને નમસ્કાર કરી, પરિહાર કરવો. સોમયાગમાં ભાગ લેવો, એ તો એક યશ–પ્રતિષ્ઠા ગણાય. તેમાં ન જવું, એ તો પોતાની પ્રતિષ્ઠા રોકવા જેવું થાય. તાંડ્ય મહાબ્રાહ્મણના પહેલા અધ્યાયમાં આ રીતે આરંભની પ્રક્રિયાના મંત્રો બતાવ્યા છે.

યજ્ઞને આંગણે આવેલા ઋત્વિજોનો આદર સત્કાર દેવાના જેટલોજ કરે છે. તેમનાં વરણ કરતાં યજમાન જણાવે છે : 'મારા સોમયાગમાં જે હોતા છે, તે દેવ અગ્નિ, અધ્વર્યુ આદિત્ય–સૂર્ય, બ્રહ્મા ચંદ્ર, ઉદ્ગાતા પર્જન્ય મેઘ, સદસ્ય આકાશ અને બીજા હોતાઓ જલ તેમજ ગ્રહચમસ ભરનારા બીજા અધ્વર્યુઓ સૂર્યનાં રશ્મી–કિરણો છે.' આમ ઋત્વિજોને તે તે દેવરૂપે પસંદ કરવાના કાર્યમાં આખી પ્રક્રિયા દૈવી છે, તેની સૂચના છે.

સુબ્રહ્મણ્યાના મંત્રમાં ઈન્દ્ર, દેવો અને બ્રહ્મા વગેરે ઋત્વિજોને આહવાન છે. ઉદ્ગાતા, પ્રસ્તોતા અને પ્રતિહર્તા ત્રણ ઋત્વિજોને સામગાનોમાં ભાગ લેવાનો છે. ચોથા સામગાનાર ઋત્વિજનું કાર્ય સુબ્રહ્મણ્યા આહ્વાન માટે છે, માટે તેનું નામ સુબ્રહ્મણ્ય છે. સામગાનોમાં આ ગાનનો સમાવેશ નથી, તોપણ તેને બ્રહ્મશ્રીસામ કહેલ છે. તેનો પાઠ ષડવિંશ, જૈમિનીય, શતપથબ્રાહ્મણો ઐતરેય આરણ્યકમાં, તેમજ શ્રૌતસૂત્રોમાં આપેલ છે, તે તેનું મહત્વ સૂચવે છે. તેમાં રજૂ થતી ઈન્દ્રની સ્તુતિમાં ઈન્દ્ર વિષેની ઘણી કથાઓનાં પ્રતીકો રજૂ થયાં છે.

વિશ્વરૂપા ગાનનું સ્વરૂપ :

युञ्जे वाचं शतपदोम् । गाये सहस्त्रवर्तनि । गायत्रं त्रैष्टुभं जगत् । विश्वा रूपाणि सम्भार्ता २ । देवा ओकांसि चा १, २, २२ हुम् । २, क्रायिरो । आ ३, ४, ५

### ત્રણ પ્રહરનાં ગાન પૃ. ૩૦

ત્રણેય સવનોની શરુઆતમાં गायत्र ગાન ગવાય છે. પ્રાત : સવનનાં બહિષ્પવમાન અને આજ્ય એ પાંચેય સ્તોત્ર ગાયત્ર ગાનમાં ગાવાનાં છે. આ ગાનનું સ્વરૂપ ઊહ કે ઊહ્યમાં આપ્યું નથી. ગ્રામેગેય અને આરણ્યક ગાન પછી પરિશિષ્ટમાં तत् सवितु : પર બંધાએલ ગાયત્ર ગાનનું સ્વરૂપ આપ્યું છે અને સાત ગાનોમાં તેનું સ્થાન પહેલું છે, આથી સ્વાધ્યાય મંડળ તરફથી છપાએલ ગ્રામેગેય ગાનમાં તે પહેલું મુકયું છે. આનું વિધાન દેવતાધ્યાય બ્રાહ્મણમાં છે:

'अथातो गायत्रमाग्नेयं भक्त्या भवति । देवानां वा ऋषीणां वा परमेष्ठिनो वा प्राजापत्यस्य साम । सावित्रौ गेयम् । यत्र अगीतम् ।

ગાનગ્રંથોની શરુઆતમાં આ ગાન ગાયું નથી, ત્યાં પ્રસિધ્ધ સાવિત્રીના મંત્રમાં ગાવાનું છે. તેના દેવ અગ્નિ છે, તેના ઋષિ દેવો કે પરમેષ્ઠી પ્રાજાપત્ય છે.

બહિષ્પવમાનની નવ ઋચાઓનાં ગાન ઉપાશુ કે મંદ્રસ્વરથી ભણાય છે. તેમાં રહેલી એક એક ઋચાનાં જુદાં જુદાં સ્વરૂપોની પ્રક્રિયા ષડવિંશ બ્રાહ્મણમાં અને गायत्र વિધાન ગ્રંથમાં છે. ગાનની દરેક ઋચા પ્રસ્તાવ, ઉદ્ગીથ, પ્રતિહાર, ઉપદ્રવ અને નિધન પ્રમાણે ગવાય છે. દા.ત. प्रस्ताव :–हुम् । उपास्मै गायता नरा ।

उदगीथ : (प्रथमावृत्) पावमानायेन्दावा (द्वितीयावृत्) आ ३ ४ ५ ईमा प्रतिहारसहित (तृतीयावृत्) अभिदेवा ७ ईया १ २ १२ उपद्रव : हुंमा क्षाता। निधनम् इडा ३ ४ ५

ગાયત્ર ગાનમાં ઓંકાર ઉપાંશુથી ગાયા પછી ઉદ્ગીથના સ્વરો પ્રથમ અને ગાંધાર સ્વરમાં ગાવાના છે. તેનો નિર્દેશ गायत्र विधान પરના ત્રિપાઠી દામોદરના પુત્ર દીક્ષિત રામકૃષ્ણ (નાના ભાઈ) ના હસ્તલિખિત ભાષ્યમાં છે. ગાયત્ર ગાનની પુરી પ્રક્રિયા પણ ત્યાં બતાવી છે. શતપથ બ્રાહ્મણના ઈગલિંગના અંગ્રેજી અનુવાદના બીજા ભાગ (પૃ. ૩૦૭ અને ૩૦૮)માં પવમાન સ્તોત્ર, ગાન, વિષ્ટુતિ વગેરેના પ્રકારો બતાવ્યા છે. તાંડયમહાબ્રાહ્મણના અને ષડવિંશ બ્રાહ્મણનાં અંગ્રેજી અનુવાદોમાં પણ આ ગાનોનાં સ્વરૂપો બતાવ્યાં છે.

## સામગાનનો સુમેળ પૃ. ૪૯

अक्षरज्ञो विरामज्ञः प्रत्यारम्भी तथैव च ।
स्वरमात्रा विभागज्ञः स विप्रो गानमर्हति ॥ —स्तोभानुसंहार २, १३

બે અક્ષરનો સંયોગ થતાં પૂર્વનો સ્વર વૃદ્ધ બને, એ વ્યાકરણ, શિક્ષા અને છંદઃ શાસ્ત્રનો સ્વીકારેલો નિયમ છે. તેના આધારે સામગાનમાં સ્વરની માત્રાઓની ગણના કરવામાં આવે છે, તે માત્રામેળ અક્ષરો સંગીતમાં તાલ આપવામાં ઉપયોગી બને છે. વેદના ગાયત્રી વગેરે છંદો અક્ષરમેળ સ્વીકારે છે; તે અક્ષર મેળ પ્રમાણે જ સામગાન બાંધવામાં આવે છે; અર્થાત્ ગાનના પ્રકાર બદલાવાથી છંદ બદલાતો નથી, એ મૂળભૂત નીતિ સાચવી સામગાન ચાલે છે. સામગાનની શરૂઆત પ્રસ્તાવથી થાય છે; જેમાં ઓંકાર, ઓવાઈ, આઘ, હિંકાર જેવા સ્તોભ— ઋચામાં નહિ ભણાએલ અક્ષર જોડાય છે, પણ મૂળ સ્વરો છંદને અનુસરે છે. સામગાનનું મહત્વ તેની સમાપ્તિમાં છે. જેમ કે ગાયત્ર ગાન ગરિસા પ્રમાણે ચાલે છે. તે ગાન સા પર થોભી જાય છે, આને કારણે ગાયત્રી છંદનો સ્વર ષડ્જ ગણાય છે. તે રીતે ત્રિષ્ટુપ્ છંદનો સ્વર ઋષભ અને જગતી છંદનો સ્વર ગાંધાર ગણાય છે. આમ ગાયત્ર, ત્રૈષ્ટુભ અને જાગત ગાનોમાં વિરામનું મહત્વ છે. આ વિરામ પહેલા, બીજા કે ત્રીજા સ્વર પછી અંત લે, એટલે કે અટકી જાય છે, તે પછીના અંતિમ સ્વરને નિધન કહે છે. આ નિધન ઋચાના અંતિમ ભાગમાં લેવાય છે. મૂળ ઋચા લંબાય, તેને સ્વાર નિધન, અંતર્નિધન કે ઋગ્ભાગ કહે છે. બહિર્નિધનમાં બહારના સ્તોભ અક્ષર જોડાય છે. इडा જોડાય તે इडानिधन અને आवा, वाउ જોડાય તે वाग्निधन ગણાય છે. આમ વિરામમાં તાલની ગણના ઉપયોગી બને છે. તે સાથે प्रत्यारम्भ પ્રમાણે ઉદ્ગીથનાં ત્રણ આવર્તન, પ્રતિહાર અને ઉપદ્રવના વિભાગ-ભક્તિઓ જાણવાની કળાને प्रत्यारम्भी કહે છે. આ ઉપરાંત સ્વરની

માત્રાઓ પ્રમાણે ક્રુષ્ટ, પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, મંદ્ર અને અતિસ્વાર્ય સાત સ્વરોનાં પ્રકારો જાણનાર બુદ્ધિશાળી ઋત્વિજ સામગાનનો અધિકારી છે.

स्तोभानुसंहार, पंचविधसूत्र, गायत्रविधान વગેરે ગ્રંથો છંદોગ પરિશિષ્ટને નામે ઓળખાય છે. गायत्र विधान सूत्र ગ્રંથ ભાષ્ય સાથે હોશિયાર પુર વૈદિક સંશોધન મંડળ તરફથી પ્રગટ થયો છે, બાકીના ગ્રંથો હસ્તલિખિત જોવાને મળે છે. गायत्र विधान પર નાનાભાઈનું ભાષ્ય છે, તેમાં 'प्रथमगान्धारौ गीतौ स्वरौ' નો નિર્દેશ મહત્વનો છે. તેજ રીતે આર્ષેય બ્રાહ્મણના સાયણ ભાષ્યમાં तृतीय–द्वितीया दिक्रम् કે પછી कुष्ट द्वितीयादिक्रम् વગેરે નિર્દેશો સ્વરોનાં નોટેશન નોંધે છે, જે તરફ ધ્યાન ગયું નથી. આનું કારણ એક જ છેઃ સંગીત એ તો જીવનની કલા છે અને તે ઘરાણા પ્રમાણે ગવાય છે. સામગાન ગાવા માટેનાં આ ઘરાણાં તે મૌખિક પરંપરા આજે ક્યાંક સચવાઈ છે. સામવેદનાં બેથી ત્રણ હજાર જેટલાં ગાન સ્વરોનાં અંકન સાથે આજે છપાયેલાં મળે છે, તે એક સામાન્ય ઘટના નથી; તેને ગાવાં શી રીતે? વેદમૂર્તિ શ્રીપાદ દામોદર સાતવળકેરજીએ આ પ્રયત્ન કરેલો છે. તેને આગળ વધારવાનો છે. બ્રાહ્મણગ્રંથો અને સૂત્રગ્રંથોમાં આવતી પરિભાષાઓ સમજાય, તો સંગીતશાસ્ત્રીઓની મદદ મળે. આવા સાથ સહકાર સાધવામાં થોડી સફળતા મળી શકી છે, તે એક આનંદનો વિષય છે

પંચવિધસૂત્રમાં પ્રસ્તાવ, ઉદ્‌ગીથ, પ્રતિહાર, ઉપદ્રવ અને નિધન એ પાંચ ભક્તિઓનાં લક્ષણ આપ્યાં છે. તેના ભાષ્યમાં એક પદા ઋચા (સા.૪૫૬)નો દાખલો આપીને બે બે અક્ષર પ્રમાણે પાંચેય ભક્તિઓ જણાવી છે:

इन्द्रो विश्वस्य राजति । इन्द्रो विश्वस्येत्यत्र द्वयक्षरशः–द्वयो रक्षरयो र्विभागो भवति । इन्द्रोऽ ३ ४ इति प्रस्तावः । 'विश्व' इति उद्‌गीथः । 'स्यरो' इति प्रतिहारः: । 'जति हो' इति उपद्रवः । 'इडा' इति निधनम् ।

આર્ષેય બ્રાહ્મણમાં 'इन्द्रस्य वैराजे द्वे ४, ११, १ स इन्द्रो ઋચામાં બે ગાન વૈરાજ ગવાય છે, તેના સાયણ ભાષ્યમાં પહેલા ગાનમાં તૃતીય–ઋષભ અને દ્વિતીય–ગાંધાર તેમજ બીજા ગાનમાં ક્રુષ્ટ પંચમ અને દ્વિતીય–ગાંધારનો નિર્દેશ છે, તે પરથી આ ગાનોનાં નોટેશન્સ–સ્વરાંકન પદ્ધતિ જોડી શકાય.

—ઐતરેય આરણ્યક, છાંદોગ્ય ઉપનિષદ અને જૈમિનીય ઉપનિષદ બ્રાહ્મણમાં ગાયત્રીના ચોવીસ, ત્રિષ્ટુપના ચુંવાલીસ અને જગતીના અડતાલીસ અક્ષરો પ્રમાણે માનવના આયુની ગણના એકસોને સોળની થાય છે; આમાં શરૂઆતનાં આઠ અને છેલ્લું પ્રજાપતિનું વર્ષ જોડતાં એકસોને પચીશ આયુ થાય છે. તે રીતની મારી ગણના છે, તેના પ્રમાણમાં શ્રીકૃષ્ણનાં એકસોને પચીશ વર્ષ લીધાં છે.

## સામવેદ-ઉત્તરાર્ચિક, પહેલો અધ્યાય–બાર સ્તોત્રો

**એક બહિષ્પવમાન સ્તોત્ર** ૬૫૧ – ૬૫૯ પવમાન સોમ.

હે નર–માનવીઓ, જે પવમાન–શુધ્ધ ઈન્દુ–સોમરસ દેવોનાં યજન કરવા ચાહે છે, તે સોમને માટે ગાન કરો. આ સોમ અથર્વા ઋષિઓ તારા મધુર રસની સાથે દૂધને મેળવે છે. તારો દિવ્ય રસ દેવ–ઈન્દ્રને માટે દેવયુ દેવની જેમ ચાહવા જેવો છે. ૧. ૩...૪. ૯

**ચાર આજ્ય સ્તોત્ર** ૬૬૦ – ૬૭૧ અગ્નિ, મિત્ર–વરુણ, ઇન્દ્ર, ઇન્દ્ર અને અગ્નિ.

હે અગ્નિ, ગાનથી સ્તુતિ કરાતાં, તમે હવિનાં ભક્ષણ કરવા અને દેવોને હવિ આપવા આવો અને હોતાની જેમ બર્હિ–કુશાસન પર બેસો...૧૦, ૧૧, ૧૨.

હે સુક્રતુ મિત્ર અને વરુણ અમારાં ગવ્યૂતિ–ગૌશાળાઓમાં તેમજ અમારાં ઊંચા નિવાસોમાં ઘીની ધારા જેવાં વૃષ્ટિનાં સિંચન કરો. .. ૧૩, ૧૪, ૧૫

હે ઇન્દ્ર, આવો. તમારે માટે અમે સારો સોમરસ સિધ્ધ કર્યો છે; તે સોમનાં પાન કરો. અમારા યજ્ઞનાં આસન પર બેસો.... ૧૬, ૧૭, ૧૮

હે ઇન્દ્ર અને અગ્નિ, પીલીને તૈયાર કરેલ શ્રેષ્ઠ સોમરસનાં પાન કરવા તમને અમે ગાનથી બોલાવીએ છીએ. અમારી ભક્તિથી પ્રેરાઈ તમે આ સોમનાં પાન કરો .. ૧૯, ૨૦, ૨૧

**એક માધ્યંદિન પવમાન સ્તોત્ર** ૬૭૨ –૬૭૯ પવમાન સોમ

હે સોમ, તારાં અન્નરસ ઉત્તમ સ્થાને જન્મ્યાં છે. તે આકાશમાં રહેવા છતાં ભૂમિ પર મળે છે. તે સોમ ઉગ્ર–તેજીલો, સુખકર અને મહાન અન્નરૂપે છે...૨૨–૨૯

**ચાર પૃષ્ઠ સ્તોત્ર** ૬૮૦ – ૬૮૮ ઇન્દ્ર

હે શૂર ઇન્દ્ર, દોહતાં પહેલાં ગાયોના થાન દૂધથી ભરેલા હોય એમ આ સ્થાવર અને જંગમ જગતના સ્વામી સર્વજ્ઞ બની તમે અમારી કામનાઓ ભરો. અમે તમને પ્રણામ કરીએ છીએ. ૩૦ ૩૮

**એક આર્ભવ પવમાન સ્તોત્ર** ૬૮૯ – ૭૦૨ પવમાન સોમ

હે સોમ, ઇન્દ્રને પાન કરાવવા માટે સોમરસ પીલીને તૈયાર કર્યો છે. તે સોમ-રસ પરમ સ્વાદુ અને અતિશય માદક છે; માટે તમે ધારા પ્રવાહથી પવમાન–વહેવા લાગો... ૩૯–૫૨

**એક અગ્નિષ્ટોમ સ્તોત્ર** ૭૦૩–૭૦૪ અગ્નિ

હે સ્તુતિ કરનાર ઉદ્દગાતાઓ, તમે યજ્ઞે યજ્ઞે પ્રજ્વલિત થઇ વૃધ્ધિ પામતા અગ્નિને માટે વાણીએ વાણીએ ગાન કરો. અમે બધા યજમાનો એ અમૃત જાત-વેદા અગ્નિની પ્રશંસા કરીએ, જે અગ્નિ આપણા પ્રિય મિત્ર જેવા છે....૫૩, ૫૪

આ પછી આઠ ઋચાઓમાં ઉકથયાગનાં ત્રણ સ્તોત્ર ભણાય છે. ઉપર બાર સ્તોત્રોની શરૂઆતની ઋચાઓનું ગુજરાતી ભાષાંતર નમૂનારૂપે રજૂ કર્યું છે.

સોમયાગનો એક મુખ્ય દિવસ હોય; તેમાં સવારે પ્રાતઃસવનમાં પાંચ સ્તોત્ર : એક બહિષ્પવમાન અને ચાર આજ્ય, બપોરે માધ્યંદિન સવનમાં પાંચ સ્તોત્ર : એક માધ્યંદિન પવમાન અને ચાર પૃષ્ઠ તેમજ સાંજે સાયંસવનમાં બે સ્તોત્ર એક આર્ભવ પવમાન અને એક અગ્નિષ્ટોમ એમ બધાં મળીને બાર સ્તોત્ર ગવાય છે.

સવારના બહિષ્પવમાનમાં સીધી રીતે નવ સ્તોત્રીયાઓ ત્રિવૃત્–નવ આવર્તનના સ્તોમ સાથે ગાયત્ર ગાનમાં ગવાય છે. તે પછીનાં ચાર આજ્ય સ્તોત્ર એક એક તૃચ (ત્રણ ઋચાઓ)નાં પંદર પંદર આવર્તનના પંચદશ સ્તોમ સાથે ગવાય છે. બપોરના માધ્યંદિન પવમાનમાં સીધી રીતે પંદર સ્તોત્રીયાઓ પંચદશ સ્તોમ સાથે અને ચાર પૃષ્ઠમાં એક એક તૃચનાં સત્તર સત્તર આવર્તન સાથે સપ્તદશ સ્તોમમાં ગવાય છે. તેમાં ત્રણ છંદ ગાયત્રી, બૃહતી અને ત્રિષ્ટુપ તેમજ પાંચ ગાન હોય છે. સાંજના આર્ભવ પવમાનમાં સીધી રીતે સત્તર સ્તોત્રીયાઓ સપ્તદશ સ્તોમ સાથે અને એક અગ્નિષ્ટોમમાં એકજ તૃચનાં એકવીસ આવર્તનની સાથે એકવિંશ સ્તોમમાં ગવાય છે, તેમાં પાંચ છંદ ગાયત્રી, કકુપ, ઉષ્ણિક્, અનુષ્ટુપ અને જગતી તેમજ સાત ગાન હોય છે.

સામવેદના ઉત્તરાર્ચિકના પહેલા અધ્યાયમાં ૬૫૧ થી લઇ ૭૧૨ સુધીની બાસઠ ઋચાઓ છે; તેને ૭ ખંડમાં ગોઠવી છે. પહેલા ખંડમાં નવઋચાઓ બહિષ્પવમાન, બીજા ખંડમાં બાર ઋચાઓ ચાર આજ્ય, ત્રીજા ખંડમાં આઠ ઋચાઓ માધ્યંદિન પવમાન, ચોથા ખંડમાં નવ ઋચાઓ પૃષ્ઠમાં, પાંચમા ખંડમાં ચૌદ ઋચાઓ આર્ભવ પવમાનમાં તેમજ છઠ્ઠા ખંડની પહેલી બે ઋચાઓ અગ્નિષ્ટોમમાં ભણાય છે. છેવટની આઠ ઋચાઓ ઉકથયાગ માટે ત્રણ સ્તોત્રમાં ભણાય છે.

આ છ ખંડોની બાસઠ ઋચાઓને તેવીસ સૂક્તોમાં એવી રીતે ગોઠવી છે, જેમાં એક સૂક્ત તૃચ–ત્રણ ઋચાઓનું હોય. બે ઋચાનું સૂક્ત હોય; તેને પ્રગાથ કહે છે. તેનાં પાદને ગોઠવીને ત્રણ ઋચાઓ બનાવવામાં આવે છે. તે ઋચાઓનાં બનેલાં સ્તોત્ર સીધી રીતે ગવાય છે અને ત્યાર પછી તેમનાં ગાન રજૂ થાય, ત્યારે બહિષ્પવમાન ત્રિવૃતમાં, આજ્ય અને માધ્યંદિન પંચદશમાં, પૃષ્ઠ અને આર્ભવ સપ્તદશમાં તેમજ અગ્નિષ્ટોમ એકવિંશમાં આવર્તન સાથે ગવાય છે, તેને સ્તોત્રગ કહે છે. અહીં ચાર સ્તોમની રીતે બાવન ઋચાઓનાં આવર્તનથી ૧૯૦ સ્તોત્રીયાઓ બને છે, જેને ૧૯ વિરાટની સમૃદ્ધિ કહી છે.

*

UNIVERSITY BOOK PRODUCTION BOARD G S
1146

## શાંતિ માટે પણ ક્રાન્તિ જોઈએ

માનવે તો ક્રાંતિ કરવાની છે. કાયાને પલટાવાની છે. નવું ઘર વસાવવાનું છે. સમાજ અને રાષ્ટ્રની સેવા કરવાની છે. અગ્નિ અને સૂર્ય માનવને ઉષ્મા આપે છે. સાંજે ને સવારે અગ્નિહોત્ર કરો. એ તો જીવનની શરુઆત. માસે માસે ઇષ્ટિ કરો; તેનો દેવ ઇન્દ્ર; એ વીર્ય અને સામર્થ્યનો દેવ. તેના વિના પ્રગતિ સધાય જ નહિ.

દરેક માનવની પ્રગતિમાં ઉષ્મા અને વીર્ય જરૂરી છે; પણ તેનું કેન્દ્ર વ્યક્તિ પુરતું મર્યાદિત છે. માનવે તેથી આગળ વધવાનું છે. તેણે ક્રાંતિ કરવાની છે. તેણે સોમનાં યજન કરવાનાં છે. સોમ શાંતિનો દેવ છે. સોમનાં પૂજન કરવા માનવે સોમ બનવું પડે છે. જે માનવ સૌમ્ય બને, તે સમાજને ગમે, જે સૌમ્ય હોય; તેજ રાષ્ટ્રની સેવા કરી શકે છે.

—યજુર્વેદ પરિચય ( પુસ્તિકા બીજી ) પૃષ્ઠ ૮

---


૧. વેદ પરિચય (ઋગ્વેદ) પુસ્તિકા એકથી છ મૂલ્ય રૂા. ૧૨–૫૦

૨. યજુર્વેદ પરિચય પુસ્તિકા એકથી છ ,, રૂા. ૧૨–૦૦

૩. સામવેદ પરિચય પુસ્તિકા પહેલી અને બીજી ,, રૂા. ૪–૦૦

સામવેદ પરિચય પુસ્તિકા ૩, ૪, ૫, ૬ છપાય છે.

UNIVERSITY BOOK

1196



પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ—ગુજરાત રાજ્ય

વિક્રેતા : બાલગોવિન્દ બુકસેલર્સ, ગાંધીરોડ, અમદાવાદ–૧